દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 97 ■ વિક્રમ સંવત ૨૦૮૨
વૈશાખ સુદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 April 2026, Satuday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર ૨૫ એપ્રિલ ૨૦૨૬ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# 'આપ'માં ભંગાણઃ સાત સાંસદ ભાજપમાં

## આમાં રાઘવ ચઢ્ઢા ઉપરાંત હરભજનસિંહ, સ્વાતિ માલિવાલ, સંદીપ પાઠક, અશોક મિત્તલ પણ સામેલ

**રાજ્યસભામાંના 'આપ'ના અન્ય સાંસદ સંદીપ પાઠકે જણાવ્યું હતું કે મેં ક્યારેય આવી પરિસ્થિતિ આવશે, એવું નહોતું વિચાર્યું**

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટી (આપ)ના રાજ્યસભામાંના સાત સાંસદે ભાજપમાં જોડાવા શુક્રવારે 'આપ'ને છોડી હતી.

'આપ' છોડનારા સાંસદોમાં રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક અને અશોક મિત્તલનો સમાવેશ થાય છે.

ચઢ્ઢાએ પાઠક અને મિત્તલની હાજરીમાં યોજેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટીના રાજ્યસભામાંના બે-તૃતીયાંશ સાંસદોએ પક્ષ છોડીને ભાજપમાં જોડાવાનો નિર્ણય લીધો છે.

ચઢ્ઢાએ જણાવ્યું હતું કે 'આપ'ના સાંસદ હરભજન સિંહ અને સ્વાતિ માલિવાલે પણ પક્ષ




છોડ્યો છે. મેં 'આપ'નું મારા લોહી અને પરસેવાથી સિંચન કર્યું હતું. મેં 'આપ'ને મારી યુવાનીના ૧૫ વર્ષ આપ્યા હતા, પરંતુ આ પક્ષ પોતાના સિદ્ધાંતો, મૂલ્યો અને નીતિમત્તાથી વિચલિત થઇ ગયો છે.

ચઢ્ઢાને તાજેતરમાં રાજ્યસભામાંના આમ આદમી પાર્ટીના નાયબ વડાના પદેથી બરતરફ કરાયા હતા અને તેમના સ્થાને મિત્તલને બેસાડાયા હતા.

ચઢ્ઢાએ જણાવ્યું હતું કે રાજ્યસભામાં આમ આદમી પાર્ટીના દસ સાંસદ છે અને બે-તૃતીયાંશથી વધારે સાંસદો અમારી સાથે છે. અમે બધાએ 'આપ'

(જુઓ પાનું ૨) ▸▸




# છપ્પરફાડ મતદાનને લીધે બંગાળમાં પરિવર્તનનો પવન ફૂંકાશેઃ મોદી

કોલકાતાઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે દાવો કર્યો હતો કે પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં થયેલું ભારે મતદાન રાજ્યમાં રાજકીય પરિવર્તનનો સંકેત આપે છે.

તેમણે જણાવ્યું હતું કે રાજ્યના મતદારો ભાજપ-તરફી ઝોક ધરાવતા હોવાનું દેખાય છે અને વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના વિજયનો શંખ ફૂંકાઇ ગયો છે.

ઉત્તર ૨૪ પરગણામાંના દમદમ લોકસભા મતવિસ્તારના પાનીહાટી ખાતે જાહેરસભાને સંબોધતા મોદીએ આક્ષેપ કર્યો હતો કે તૃણમૂલ કૉંગ્રેસે બંગાળમાં 'સરમુખત્યારશાહી' દ્વારા 'લોકશાહીના મંદિરનો નાશ' કર્યો હતો, પરંતુ રાજ્યના લોકોએ ભાજપની તરફેણમાં મતદાન

(જુઓ પાનું ૨) ▸▸

# 'ગંગા બંગાળના આત્મામાંથી વહે છે'



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કેમેરા સાથે અહીંની હુગલી નદીમાં એક હોડીમાં બેસીને હાવડા બ્રિજ અને વિદ્યાસાગર સેતુ તેમ જ આસપાસના કુદરતી સૌંદર્યના ફોટા પાડ્યા હતા. મોદીએ જણાવ્યું હતું કે હું પશ્ચિમ બંગાળના વિકાસ માટે અને બંગાળી લોકોની સમૃદ્ધિ માટે કટિબદ્ધ છું. મેં આ મહાન પવિત્ર નદી ખાતે લાકડાની નાની હોડીમાં બેસીને અમુક ફોટા પાડ્યા હતા. દરેક બંગાળી માટે ગંગા ઘણું ખાસ મહત્ત્વ ધરાવે છે. ગંગા બંગાળના આત્મામાંથી વહે છે. તેનું પવિત્ર પાણી 'સમગ્ર સંસ્કૃતિના અનંત આત્મા' સમાન છે. વડા પ્રધાને જણાવ્યું હતું કે મેં આજે કોલકાતામાં થોડો સમય હુગલી નદીના કાંઠે વિતાવ્યો હતો અને 'માતા ગંગા' પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

હુગલી નદી ગંગા નદીની શાખા છે.મોદીએ જણાવ્યું હતું કે મને કોલકાતામાં મહેનતુ હોડીવાળાને અને સવારે ચાલવા જનારા લોકોને મળવાની તક મળી હતી. હું ગુરુવારે સાંજે હાવડાથી કોલકાતા સુધીના લાંબા રોડશૉ વખતે હાવડા બ્રિજ પરથી પસાર થયો હતો અને શુક્રવારે સવારે હુગલી નદીમાં નૌકાવિહાર વખતે આ પુલ ફરી જોયો હતો અને તેના ફોટા પાડ્યા હતા. (એજન્સી)

# મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવા વિપક્ષોએ આપી રાજ્યસભામાં નૉટિસ

નવી દિલ્હીઃ સૂત્રોએ જણાવ્યું હતું કે, વિરોધ પક્ષોએ શુક્રવારે રાજ્યસભામાં એક નવી નોટિસ રજૂ કરી હતી જેમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવા માટે પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.

મુખ્ય ચૂંટણી કમિશનર સામેના નવા આરોપોમાં આદર્શ આચારસંહિતાના અમલમાં સતત પક્ષપાતી વલણનો સમાવેશ થાય છે.

વિપક્ષે ચૂંટણી પંચ પર પશ્ચિમ બંગાળ

(જુઓ પાનું ૨) ▸▸



કતરા સ્ટેશન જતા માર્ગમાં બાજાલ્ટા ગામ નજીક બ્રિજ પરથી પસાર થઈ રહેલી વંદે ભારત ટ્રેન. જમ્મુ અને શ્રીનગર વચ્ચે વંદે ભારત સેવા જલદી જ શરૂ થાય એવી શક્યતા છે. (એજન્સી)

# પનામા નહેરમાંથી પસાર થતાં પ્રત્યેક જહાજે ટોલ તરીકે ૪૦ લાખ ડૉલર ચૂકવવા પડશે

પનામા સિટીઃ ઈઝરાયલ-અમેરિકા-ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે હોર્મુઝ સામુદ્રધુની જહાજોની અવરજવર માટે બંધ થઈ જતાં પનામા નહેરના રૂટ પરથી જતાં પ્રત્યેક જહાજે ટૉલ તરીકે ૪૦ લાખ ડૉલર ચૂકવવા પડી રહ્યા છે.

પનામા કેનાલ ઑથોરિટી દ્વારા લેવાયેલા આ નિર્ણયે વૈશ્વિક વેપારમાં ભૂકંપ સર્જ્યો છે. સામાન્ય રીતે આ રૂટ પરથી પસાર થતાં જહાજે અગાઉથી નોંધણી કરાવી હોય તો ચોક્કસ ફ્લેટ રેટ ચુકવવા પડતો હતો, પરંતુ જે જહાજે અગાઉથી નોંધણી ન કરાવી હોય તેમણે ઑક્શન સ્લૉટ માટે વધારાની ફી ચુકવવી પડી રહી છે.

પનારા સિટીના કિનારા વિસ્તારમાં જહાજ કેટલા લાંબા સમયથી રાહ જોઈ રહ્યું છે તેને આધારે નહીં, પરંતુ સૌથી વધુ બોલી લગાવનારને આ સ્લૉટ ફાળવવામાં આવી રહ્યા છે.

ઈરાન અને અમેરિકાએ જહાજોના અવરજવર માટે ચાવીરૂપ ગણાતી હોર્મુઝ સામુદ્રધુનીને બ્લૉક કરી દેતાં તાજેતરના દિવસોમાં આ સ્લૉટની માગ વધી છે અને કિંમત રૉકેટની જેમ ઉપર ગઈ છે.

ખરીદદારોએ અન્ય દેશો પાસેથી ક્રૂડ તેલની ખરીદી કરવાનું શરૂ કરી જહાજોની અવરજવર માટેનો માર્ગ બદલતાં જહાજોને પનામા નહેર મારફતે અવરજવર કરવાની ફરજ પડી રહી છે.

અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે થઈ રહેલા બૉમ્બમારા, ડ્રોન અને મિસાઈલ હુમલાથી બચવા પનામા નહેર મારફતે જહાજોની અવરજવર વધુ સુરક્ષિત અને સસ્તી પડતી હોવાનું કંપનીઓનું કહેવું છે. (એજન્સી)

# એક સાથે ૫૦ અણુ રિએક્ટરનું નિર્માણ કરવાની ક્ષમતા ચીને હાંસલ કરી

બૅઈજિંગઃ ચીને એક સાથે ૫૦ ન્યૂક્લિઅર રિએક્ટરનું નિર્માણ કરવાની ક્ષમતા મેળવી લીધી છે, એમ ચીનની ઍટમિક ઑથોરિટીએ કહ્યું હતું.

અમેરિકા-ઈરાન યુદ્ધ વચ્ચે અશ્મિજન્ય ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવા ચીને તેનાં ન્યૂક્લિઅર પાવર સેક્ટરનું ખૂબ જ ઝડપથી વિસ્તરણ કરવાનો નિર્ણય લીધો છે.

એક અહેવાલ મુજબ ચીન એકસામટા ડઝનબંધ ન્યૂક્લિઅર પાવર પ્રોજેક્ટના નિર્માણ અને ડિઝાઈનિંગની ક્ષમતા મેળવી લીધી છે.

ચીન ન્યૂક્લિઅર ટૅક્નોલૉજીની ક્ષમતા કેળવવા અનુસરણથી લઈને ઝડપ અને અમુક ક્ષેત્રમાં અગ્રેસર રહેવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

ચીનની વર્તમાન અણુઊર્જા ક્ષમતા ૧૨.૫ કરોડ કિલોવૉટની છે. અણુઊર્જા ક્ષમતાને મામલે ચીન વિશ્વભરમાં ટોચના સ્થાને છે. ચીન હાલ ૬૦ કમર્શિયલ ન્યૂક્લિઅર રિએક્ટર ઑપરેટ કરી રહ્યું છે અને ૩૬ ન્યૂક્લિઅર રિએક્ટર નિર્માણાધીન છે. વધુ ૧૬ ન્યૂક્લિઅર રિએક્ટરને મંજૂરી આપી દેવામાં આવી છે અને તે નિર્માણની રાહ જોઈ રહ્યા છે. વર્ષ ૨૦૪૦ સુધીમાં ચીનની અણુઊર્જા ક્ષમતા વધીને ૨૦૦ ગીગાવૉટ થઈ જશે. (એજન્સી)

# સીઆઈસી તરીકે રાજકુમાર ગોયલની નિમણૂક માટે રાહુલ અસહમત

નવી દિલ્હીઃ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રાજકુમાર ગોયલની નિમણૂક માટે અસહમતી દર્શાવી હતી અને આઈએએસ સુમિતા દાવરા, જસ્ટિસ એસ. મુરલીધર અને પ્રોફેસર ફૈઝાન મુસ્તફાના નામનું સૂચન કર્યું હતું, એમ રાઈટ ટૂ ઈન્ફોર્મેશન ઍક્ટ અંતર્ગત જાહેર કરવામાં આવેલી મીટિંગની મિનિટ્સમાં જણાવવામાં આવ્યું હતું.

નિવૃત્ત એક્ટિવિસ્ટ કોમોડોરે લોકેશ બત્રાએ આરટીઆઈ ઍક્ટ અંતર્ગત દાખલ કરેલી અરજીના જવાબમાં ડિપાર્ટમેન્ટ ઑફ પર્સનલ ઍન્ડ ટ્રેનિંગે સીઆઈસી અને અન્ય આઠ ઈન્ફોર્મેશન કમિશનરની પસંદગી કરવા સંસદમાં ૧૦ ડિસેમ્બર ૨૦૨૫ના યોજાયેલી મીટિંગની મિનિટ્સ જાહેર કરી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ અને રાહુલ ગાંધીએ આ બેઠકમાં હાજરી આપી હતી.

આરટીઆઈ ઍક્ટ મુજબ સીઆઈસી અને ઈન્ફોર્મેશન કમિશનરોની પસંદગી માટે ત્રણ સભ્યની સમિતિમાં વડા પ્રધાન, કેન્દ્રીય કૅબિનેટ પ્રધાન અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીનો સમાવેશ થતો હતો.

સીઆઈસી તરીકે અમિત શાહે ગોયલના નામનો પ્રસ્તાવ મૂક્યો હોવાનું જાહેર કરવામાં આવેલી મીટિંગની મિનિટ્સમાં દર્શાવવામાં આવ્યું હતું. (એજન્સી)

# સમ્રાટ સરકારે બિહાર વિધાનસભામાં વિશ્વાસનો મત મેળવ્યો

પટણાઃ ભાજપના વડપણ હેઠળની સરકારે બિહાર વિધાનસભામાં શુક્રવારે વિશ્વાસનો મત મેળવ્યો હતો. મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરીએ એક જ વર્ષમાં પાંચ લાખ કરોડ રૂપિયાના રોકાણ અને ઝડપી આર્થિક વિકાસની બાંયધરી આપી હતી. સમ્રાટ ચૌધરીએ જ વિશ્વાસના મતની માગણી કરતો પ્રસ્તાવ મૂક્યો હતો. આ સાથે જ ચૌધરી રાજ્યમાં સરકારનું નેતૃત્વ કરનાર ભાજપના પ્રથમ નેતા બન્યા હતા. ૨૪૩નું સંખ્યાબળ ધરાવતી બિહાર વિધાનસભામાં એનડીએ ૨૦૨ બેઠક સાથે બહુમતી ધરાવે છે. ધ્વનિ મતથી આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. મહિલા અનામત ખરડા પર વિપક્ષે અપનાવેલા વલણની નિંદા કરતા પ્રસ્તાવને પણ ગૃહમાં મંજૂરી આપવામાં આવી હતી.

# શીના બોરા મર્ડર કેસઃ સુપ્રીમ કોર્ટે ઈન્દ્રાણી મુખરજીની અરજી નકારી

નવી દિલ્હીઃ પુત્રી શીના બોરાની હત્યાની આરોપી ઈન્દ્રાણી મુખરજીએ વિદેશ પ્રવાસની માગણી કરતી નવેસરથી દાખલ કરેલી અરજીને હાથ ધરવાનું સુપ્રીમ કોર્ટે શુક્રવારે નકારી કાઢ્યું હતું.

ન્યાયાધીશ એમ. એમ. સુંદરેશ અને એન. કોટિશ્વરની બનેલી ખંડપીઠે મુખરજી વતી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ મહેશ જેઠમલાનીને જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે ઈન્દ્રાણી મુખરજીને ટ્રાયલ કોર્ટમાં જવાનું પહેલાં જ જણાવી દીધું છે જ્યાં રાહતની માગણી કરતી તેની અરજી અગાઉ જ અનિર્ણિત પડી રહી છે. ગયા વરસે જેઠમલાનીએ કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટે ઈન્દ્રાણીની વિદેશ પ્રવાસની માગણી કરતી અરજીને મેરિટના ધોરણે હાથ નહોતી ધરી, પરંતુ હવે તાકીદની સ્થિતિ ઊભી થઈ છે. તાકીદની સ્થિતિને ધ્યાન પર લઈને ચાર અઠવાડિયામાં આ અરજીનો નિકાલ લાવવાની તેમણે સુપ્રીમ કોર્ટને વિનંતી કરી હતી.



દક્ષિણ કોરિયાના સૉલસ્થિત જૉગ્યે મંદિર ખાતે ૨૪મી મેએ બુદ્ધજયંતીની ઉજવણીની તૈયારીના ભાગરૂપ ગોઠવવામાં આવી રહેલાં ફાનસ. (એજન્સી)

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં નિરસતા કેમ?

**ગુજરાતમાં** રવિવાર ને ૨૬ એપ્રિલે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે મતદાન છે પણ ચૂંટણી હોય એવો માહોલ જ નથી. ગુજરાતની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતો ઉપરાંત ૧૧ નગરપાલિકાઓની ખાલી પડેલી ૧૩ બેઠક માટે રવિવારે થનારા મતદાનમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી એ ત્રણ પક્ષો વચ્ચે મુખ્ય જંગ છે. આ સિવાય બીજા નાના નાના પક્ષો અને અપક્ષો પણ મેદાનમાં છે.

રાજકીય પક્ષોના અને અપક્ષ ઉમેદવારો તો ચૂંટણીમાં ઊભા રહ્યા એટલે પ્રચાર કરવો જ પડે તેથી એ બધા પોતાની રીતે મથ્યા કરે છે પણ સામાન્ય પ્રજામાં કોઈ ઉત્સાહ નથી. બધા મળીને ૨૫ હજારથી વધારે ઉમેદવારો મેદાનમાં છે બધાંના સો-સો સમર્થકો ગણીએ તો લગભગ ૨૫ લાખ જેટલા લોકો ચૂંટણીમાં સક્રિય છે તેથી થોડો ઘણો માહોલ લાગે પણ આ માહોલમાં સામાન્ય મતદારોની બહુ ભાગીદારી હોય એવું દેખાતું નથી.

આ લોકસભા અને વિધાનસભાની ચૂંટણી પછી સૌથી મોટી છે. રાજ્યની તમામ જિલ્લા પંચાયતો માટે મતદાન છે તેથી રાજ્યના તમામ મતદારો મતદાન કરશે એ જોતાં તેનો વ્યાપ તો લોકસભા અને વિધાનસભાની ચૂંટણી જેવો જ છે. ગુજરાતમાં આવતા વરસે એટલે કે ૨૦૨૭ના નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી છે. એ પહેલાં રાજકીય પક્ષો માટે આખા રાજ્યમાં પોતાની તાકાતનાં પારખાં કરવાની આ છેલ્લી તક છે ને લોકો માટે પણ વિધાનસભાની ચૂંટણી પહેલાં પોતાના ગમા-અણગમા, અસંતોષ, આક્રોશ વગેરે વ્યક્ત કરવાનો આ છેલ્લો મોકો છે.

આ સંજોગોમાં આખું ગુજરાત ચૂંટણીમય બની જવું જોઈએ પણ તેના બદલે સામાન્ય જનતા તો પોતાને ચૂંટણી સાથે કંઈ નિસ્બત જ ના હોય એ રીતે વર્તી રહી છે. ગુજરાતમાં સ્કૂલોમાં વેકેશન પડી ગયું છે તેથી બહુ મોટી સંખ્યામાં લોકો પરિવારો સાથે વેકેશન માણવા ઉપડી ગયા છે. મતદાન દરેક મતદારની ફરજ છે એવા મોટા મોટા દાવા થાય છે ને પોતાની ફરજ નિભાવવા માટે મતદાન ફરજિયાત કરવાની અપીલો પણ થાય છે પણ મતદારોને તેમાં કોઈ રસ જ ના હોય એવું લાગી રહ્યું છે. ગુજરાતમાં કાળઝાળ ગરમી પડવા માંડી છે તેની પણ થોડીઘણી અસર હશે પણ મુખ્ય કારણ તો મતદારોની નિરસતા જ છે.

મતદારોની નિરસતા ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં પણ દેખાઈ છે. પશ્ચિમ બંગાળ અને તમિળનાડુ જેવાં રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં ૯૦ ટકાની આસપાસ બમ્પર વોટિંગ થયું છે ત્યારે ગુજરાતમાં ઉમરેઠ બેઠક પર ૫૯ ટકા મતદાન થયું. ૨૦૨૨ની ચૂંટણી વખતે ઉમરેઠ બેઠક પર ૬૮ ટકા મતદાન થયેલું તેની સરખામણીમાં આ વખતે નવ ટકા ઓછું મતદાન થયું છે. પેટાચૂંટણીમાં ત્રણ-ચાર ટકા મતદાન ઓછું થતું હોય છે પણ નવ ટકા તફાવત બહુ મોટો કહેવાય. અલબત્ત મતદારોની નિરસતા જોતાં ૫૯ ટકા મતદાન પણ વધારે લાગે છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં એટલું મતદાન થવામાં પણ શંકા છે. ગ્રામીણ વિસ્તારોમાં જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીમાં કદાચ ૬૦ ટકા ઉપર મતદાન થઈ જાય પણ શહેરી વિસ્તારોમાં તો ઉમરેઠ બેઠક જેટલું મતદાન થવામાં પણ શંકા છે.

આ નિરસતાનું મુખ્ય કારણ ગુજરાતમાં સબળ વિપક્ષનો અભાવ છે. ખાસ કરીને કોંગ્રેસ સાવ નબળી સાબિત થઈ છે. ગુજરાતમાં વરસોથી ભાજપ સત્તામાં જામેલો છે પણ લોકોની સમસ્યાઓ તો હજુય યથાવત જ છે. રોડ-રસ્તા, પાણી, ચોમાસામાં પાણી ભરાઈ જવાં સહિતની સ્થાનિક ચૂંટણીઓ માટેની સમસ્યાઓ મોટા પ્રમાણમાં છે પણ વિપક્ષ લોકોની આ સમસ્યાઓને અસરકારક રીતે રજૂ જ નથી કરી શકતો. અત્યારે ચૂંટણી છે તેથી ઘણે ઠેકાણે મતદારો પોતે જાગૃતિ બતાવીને પોતાની સમસ્યાઓને મીડિયા કે સોશ્યલ મીડિયાના માધ્યમથી મૂકે છે, ભાજપના કાર્યકરો કે નેતાઓને પોતાના વિસ્તારોમાં નહીં પ્રવેશવા દેવા જેવા નિર્ણયો લે છે ને ઘણે ઠેકાણે તો કામ કરવામાં નિષ્ફળ ગયેલા ભાજપના હોદ્દેદારો સામે ઉગ્ર આક્રોશ પણ ઠલવાયો છે.

ખરેખર, આ કામ વિપક્ષે કરવાનું હોય પણ વિપક્ષ નિષ્ફળ ગયો છે. વિપક્ષોએ આક્રમકતાથી પાંચ વરસ લગી લોકોની સમસ્યાઓ ઉઠાવી હોત તો અત્યારે લોકો તેમની પડખે ઊભા રહ્યા હોત. સૌરાષ્ટ્રમાં આમ આદમી પાર્ટીએ કેટલાક વિસ્તારોમાં ખેડૂતોની સમસ્યાઓને સતત વાચા આપી તેના કારણે મતદારો તેમના પ્રચારમાં સક્રિય છે પણ બધે આ માહોલ નથી. કોંગ્રેસની તરફેણમાં લોકો ઉમટતા જ નથી તેથી ચૂંટણીનો માહોલ જામતો નથી.

ભાજપે અપનાવેલી બિનલોકશાહી રીતરસમો પણ મતદારોની નિરસતાનું એક કારણ છે. ગુજરાતમાં વરસોથી ભાજપનું એકચક્રી શાસન છે અને લોકસભા તથા વિધાનસભાઓની ચૂંટણીઓમાં તો ભાજપનું બુલડોઝર જ ફરી વળે છે. લોકસભામાં છેલ્લી ત્રણ ચૂંટણીમાંથી બે વાર તો ભાજપે ગુજરાતમાં ક્લીન સ્વીપ કરીને બધી બેઠકો જીતેલી. ૨૦૨૪ની ચૂંટણીમાં બનાસકાંઠામાંથી જીતીને ગેનીબેને આબરૂ સાચવી લીધેલી. વિધાનસભાની ૨૦૨૨ની ચૂંટણીમાં ભાજપે ૧૮૨માંથી ૧૫૬ બેઠકો જીતીને નવો રેકોર્ડ બનાવેલો. અલબત્ત સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસ ટક્કર આપતી હતી. .૨૦૧૬માં તો પાટીદાર અનામત આંદોલનના કારણે કોંગ્રેસે ૨૩ જિલ્લા પંચાયતો અને બે તૃતિયાંશ તાલુકા પંચાયતો જીતીને સપાટો બોલાવી દીધેલો.

આ વખતે ભાજપે પાણી પહેલાં જ પાળ બાંધી દીધી છે. ૨૦૨૧માં ભાજપે પાટીદારોને સાચવી લઈને ગુમાવેલા ગઢ પાછા મેળવ્યા પછી વિપક્ષોને નબળા પાડવા મોટા પાયે ભરતી મેળો શરૂ કરીને છેક નીચલા સ્તરે કાર્યકરોને તોડીને વિપક્ષોને નબળા પાડવાની વ્યૂહરચના અમલમાં મૂકી છે. ભાજપ હવે એક કદમ આગળ વધ્યો અને ઉમેદવારોને જ બેસાડી દેવાનો ગંદો ખેલ શરૂ કર્યો. ગુજરાતમાં ૪૦૦૦ જેટલી બેઠકની ચૂંટણી છે ને તેમાંથી ૮૦૦ જેટલી બેઠક તો બિનહરીફ થઈ ગઈ છે. આ બેઠકો કઈ રીતે બિનહરીફ થઈ એ સૌ જાણે છે. ભાજપે સામ, દામ, દંડ, ભેદ અજમાવીને વિપક્ષી ઉમેદવારોને બેસાડી દઈને બેઠકો બિનહરીફ કરાવી છે. નવસારીમાં તો કોંગ્રેસના મહામંત્રીને ફોડીને ઉમેદવારોને મેન્ડેટ જ ના મળે એવો ખેલ ભાજપે પાડી દીધો.

ભાજપ આ દાવપેચમાં ગર્વ અનુભવે છે પણ તેના કારણે લોકશાહી નબળી પડી રહી છે. ચૂંટણી વિના સત્તા મળે એવું તો ઉત્તર કોરિયા, રશિયા વગેરે તાનાશાહોના દેશોમાં થાય, ભારતમાં લોકશાહી છે ને ભારતમાં આવું થવું જ ના જોઈએ. બીજું એ કે, તમે સત્તાના જોરે હરીફોને બેસાડી દઈને જીતો એ મર્દાનગી ના કહેવાય પણ તમને કામના જોરે જીતવાનો આત્મવિશ્વાસ નથી એવું દેખાય છે. ભાજપની નેતાગીરીને આ વાત ના સમજાતી હોય એવું બને પણ મતદારોને આ વાત સમજાય જ છે ને નિરસતાનું એક કારણ એ પણ છે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, શનિવાર, તા. ૨૫-૪-૨૦૨૬, શ્રી જાનકી જયંતી, સીતા નવમી,

- ભારતીય દિનાંક ૫, માહે વૈશાખ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, વૈશાખ સદ -૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે વૈશાખ, તિથિ સુદ-૯
- પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૪મો ગોશ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૯મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- નક્ષત્ર આશ્લેષા રાત્રે ક. ૨૦-૦૪ સુધી, પછી મઘા
- ચંદ્ર કર્કમાં રાત્રે ક. ૨૦-૦૪ સુધી, પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૨, સ્ટા. ટા.

**મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ**

- ભરતી : સવારે ક. ૦૬-૨૩, રાત્રે ક. ૧૯-૩૧.
- ઓટઃ બપોરે ક. ૧૨-૫૦, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૨૨ (તા. ૨૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, વૈશાખ શુક્લ – નવમી. શ્રી જાનકી જયંતી, સીતા નવમી, શ્રી હરિ નવમી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વિજય અને મનોકામનાની પૂર્તિ માટે દેવી દેવતાનું પૂજન કરવું, આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, શનિ-બુધ ગ્રહદેવતાનું પૂજન, નાગદેવતાનું પૂજન, ૐ નાગેદેવતાભ્યો નમઃ ના મંત્રજાપ, નાગકેસરના ઔષધીય, હવનીય પ્રયોગો. શક્તિ કુળદેવીની પૂજા કરવી. શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શનિ દેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન,
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-મીન (મંગળ દેખાશે) માર્ગી બુધ-મીન (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ દેખાશે) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# હિન્દુ-મુસ્લિમ એક જ જહાજના મુસાફરો, ડૂબશું તો સાથે ડૂબશુંઃ અજિત ડોભાલ

નવી દિલ્હી : ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (એનએસએ) અજિત ડોભાલ અને ભારતીય મુસ્લિમ સમુદાયના પસંદગીના લોકો વચ્ચે વડા પ્રધાન કાર્યાલયમાં ૧૮ એપ્રિલના રોજ એક બેઠક યોજાઈ હતી. ૧૪ સભ્યોના આ ગ્રુપમાં ઉદ્યોગપતિઓ, શિક્ષણવિદો, કાર્યકરો, એક ડોક્ટર અને એક પત્રકાર સામેલ હતા. આ બેઠકમાં મુસ્લિમ સમુદાયમાંથી આવતા વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓ સામેલ હતા. બેઠક દરમિયાન એનએસએએ જણાવ્યું હતું કે ભારતમાં રહેતા હિન્દુઓ અને મુસ્લિમો એક જ જહાજના મુસાફરો જેવા છે. નોંધનીય છે કે આ બેઠકનો હેતુ પરંપરાગત વોટ બૅન્કના રાજકારણથી આગળ વધીને મુસ્લિમ સમુદાયના વિકાસ, શિક્ષણ અને ઉદ્યોગસાહસિકતાના ભવિષ્ય પર ચર્ચા કરવાનો હતો.

લગભગ દોઢ કલાક સુધી મહેમાનોને ધીરજપૂર્વક સાંભળ્યા પછી અજિત ડોભાલે પ્રભાવશાળી ભાષણ આપ્યું હતું. તેમના એક વાક્યએ અહીં હાજર તમામ લોકોના દિલ જીતી લીધા હતા. તેમણે કહ્યું હતું કે ''આપણે (હિન્દુઓ અને મુસ્લિમો) એક જ જહાજમાં સવાર છીએ. આપણે સાથે તરીશું અથવા તો સાથે ડૂબીશું!''

પ્રતિનિધિમંડળનું નેતૃત્વ પ્રખ્યાત શિક્ષણવિદ અને ઉદ્યોગપતિ ઝફર સરેશવાલા કરી રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે ડોભાલે દેશમાં ધર્મો વચ્ચે એકતાના મહત્વ પર ભાર મૂક્યો હતો. સરકારે અમને આમંત્રણ આપ્યું હતું અને આ એક સકારાત્મક સંકેત છે. બેઠકમાં અમે સમાન તકની વિનંતી કરી હતી. અમે કહ્યું કે મુસ્લિમો સાથે ભેદભાવ ન થવો જોઈએ અને વિશેષ સુવિધાઓ પણ મળતી જોઈએ નહીં.

સરેશવાલા સિવાય ડોભાલને મળનારા પ્રખ્યાત મુસ્લિમોમાં કેપી ગ્રુપના સ્થાપક અને ચેરમેન ફારુક પટેલ, જર્મન સ્ટીલના સીએમડી ઈનામુલહક ઈરાકી, જર્મન સ્ટીલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ઈબરારુલહક ઈરાકી, નિટન વાલ્વસના સીઈઓ જુનેદ શરીફ, જીએલએસ સ્વિચગિયરના ડિરેક્ટર ઝફર લારી, દાઉદી બોહરા નેતા જમાત અલ્તાફ સાદિકોટનો સમાવેશ થાય છે.

# બંગાળમાં જજને બંધક બનાવવાને મામલે એનઆઇએને ચાર્જશીટ નોંધાવવાની મંજૂરી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે શુક્રવારે નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ને પશ્ચિમ બંગાળમાં પહેલી એપ્રિલના રોજ થયેલી ઘટનામાં તપાસ પૂર્ણ થયા પછી પોતાની ચાર્જશીટ દાખલ કરવાની મંજૂરી આપી હતી. આ ઘટનામાં માલદા જિલ્લામાં ટોળાએ સાત જજને ગેરકાયદે રીતે બંધક બનાવવામાં આવ્યા હતા.

પશ્ચિમ બંગાળ, ઓડિશા અને ઝારખંડમાં લગભગ ૭૦૦ જજને મતદાર યાદીની એસઆઈઆર પ્રક્રિયામાં તહેનાત કરવામાં આવ્યા હતા. જેથી મતદાર યાદીમાંથી બહાર રહેલા લોકોની ૬૦ લાખથી વધુ વાંધા અરજીઓનો નિકાલ કરી શકાય.

સુપ્રીમ કોર્ટે કોલકત્તા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશના એક પત્રની સ્વતઃ નોંધ લીધી હતી જેમાં એક, એપ્રિલની રાત્રે થયેલી એક ભયાનક ઘટનાની વિગતો આપવામાં આવી હતી. આ ઘટનામાં ત્રણ મહિલાઓ સહિત સાત ન્યાયિક અધિકારીઓ અને એક પાંચ વર્ષના બાળકને ટોળાએ નવ કલાકથી વધુ સમય સુધી ભોજન કે પાણી વિના બંધક બનાવી રાખ્યા હતા. બાદમાં સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર ચૂંટણી પંચની ફરિયાદ પર એનઆઈએએ કેસની તપાસ શરૂ કરી હતી.

શુક્રવારે મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ. એમ. પંચોલીની બનેલી બેન્ચને એઆઈએ તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજૂએ જણાવ્યું હતું કે તપાસ એજન્સી દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલી તપાસની વિગતો આપતો નવો સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો છે. બેન્ચે કાયદા અધિકારીની રજૂઆતોની નોંધ લીધી અને કહ્યું હતું કે, ''એનઆઈએ સક્ષમ અધિકારક્ષેત્રની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી શકશે.''

# અમેરિકા-ઈરાન મંત્રણા પાકિસ્તાનમાં ફરી થશે?

ઇસ્લામાબાદઃ ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી અને પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન ઇશાક ડારે શુક્રવારે ફોન પર વાતચીત કરી હતી અને પ્રાદેશિક પરિસ્થિતિ, અમેરિકા – ઇરાન યુદ્ધવિરામ અને શાંતિમંત્રણાના સૂચિત બીજા તબક્કા અંગે ચર્ચા કરી હતી.

પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે વિદેશ પ્રધાન તરીકેનો હોદ્દો પણ સંભાળતા ડારને અરાઘચીએ ફોન કર્યો હતો. બન્ને નેતાએ અમેરિકા અને ઇરાન વચ્ચેની શાંતિમંત્રણાના બીજા તબક્કા અંગેના વિચારની આપલે કરી હતી. અરાઘચીએ શાંતિ સ્થાપવા માટેના પાકિસ્તાનના પ્રયાસની પ્રશંસા કરી હતી. તેઓ એકબીજા સાથે ઘનિષ્ઠ સંપર્ક જાળવી રાખવા સહમત થયા હતા.

ઇરાનના પ્રસારમાધ્યમના અહેવાલમાં જણાવાયું હતું કે અરાઘચીએ પાકિસ્તાન લશ્કરના વડા ફિલ્ડ માર્શલ અસીમ મુનિરની સાથે પણ ફોન પર ચર્ચા કરી હતી.

અમેરિકા અને ઇરાન વચ્ચેની શાંતિમંત્રણાના સૂચિત બીજા તબક્કાને ધ્યાનમાં રાખીને ઇસ્લામાબાદ અને રાવલપિંડીમાં બધા મુખ્ય રસ્તા તેમ જ બજારો બંધ રખાઇ છે. પાકિસ્તાનની રાજધાનીમાં ભારે સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઇ છે. છેલ્લા પાંચ દિવસથી વિમાનમથકની આસપાસનો વિસ્તાર સામાન્ય લોકોની અવરજવર માટે બંધ કરાયો છે.

રાવલપિંડી અને ઇસ્લામાબાદ વચ્ચેની મેટ્રો બસ સેવા અને ઇલેક્ટ્રિક બસ સેવા કામચલાઉ બંધ રખાઇ છે.

ઇસ્લામાબાદ અને રાવલપિંડીમાંની ઘણી શાળા અને કૉલેજોને વર્ચ્યુઅલ (ઓનલાઇન) ક્લાસ લેવાની સૂચના અપાઇ હતી. (એજન્સી)

## ઈરાનની જબરજસ્ત એકતા સામે દુશ્મનો નબળા પડ્યા છેઃ મોજતબા

તહેરાનઃ ઇરાનના નવા સુપ્રીમ લીડર મોજતબા ખામનેઈ હજુ સુધી જાહેરમાં દેખાયા નથી કે તેમનો અવાજ પણ સંભળાયો નથી. અમેરિકા સાથે યુદ્ધ દરમિયાન તેમના મોટા ભાગના મેસેજ લેખિતમાં આવી રહ્યા છે. અનેક રિપોર્ટ અનુસાર તેનું કારણે ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધના પ્રથમ દિવસે જ થયેલી ગંભીર ઈજા છે. ગંભીર રીતે ઘાયલ હોવાના અહેવાલો વચ્ચે ખામનેઈએ નવો સંદેશ જારી કરીને જવાબ આપ્યો છે. રાષ્ટ્રજોગ સંદેશમાં ખામનેઈએ કહ્યું કે, ઇરાનની અસાધારણ એકતાએ શત્રુઓને નબળા પાડ્યા છે.

તેમણે મીડિયા દ્વારા લોકોના મગજ સાથે ખેલ ખેલવાનો આરોપ લગાવતા અમેરિકા અને ઇઝરાયલને ચેતવણી પણ આપી છે. અગાઉ એક રિપોર્ટમાં મોજતબા ખામનેઈ અંગે એવો દાવો કરવામાં આવ્યો હતો કે તેઓ ગંભીર રીતે ઘાયલ છે અને તેઓ બોલવા માટે પણ અસમર્થ છે.

મોજતબા ખામનેઈ તરફથી જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આપણા દેશવાસીઓ વચ્ચેની આ એકતાને કારણે શત્રુઓ ભાંગી પડ્યા છે. જો આ એકતાને વધુ મજબૂત કરવામાં આવશે, તો શત્રુઓ વધુ નબળા અને લાચાર બની જશે.ઇરાને હજુ સુધી તેના સ્વાસ્થ્ય અને ઈજાની ગંભીરતા વિશે જાણકારી નથી આપી. એક રિપોર્ટ અનુસાર તેમના સ્વાસ્થ્ય પર નજર રાખતાં ચાર વરિષ્ઠ ઈરાની અધિકારીઓ મુજબ, તેઓ ભલે ગંભીર રીતે ઘાયલ થયા હોય પરંતુ માનસિક રીતે મજબૂત અને સક્રિય છે.

# બંગાળમાં ઐતિહાસિક મતદાનને પગલે ભાજપ ૧૫૨માંથી ૧૧૦ બેઠક જીતી જશે?

## અંગ, બંગ, કલિંગમાં ભાજપનું જ શાસન હશેઃ અમિત શાહ

કોલકાતાઃ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે શુક્રવારે જણાવ્યું હતું કે વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં લોકોએ પરિવર્તન માટે ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતું અને ભાજપ આવતા મહિને 'અંગ, બંગ અને કલિંગ' પ્રદેશોમાં સરકાર બનાવશે.

'અંગ, બંગ, કલિંગ' પ્રાચીન સામ્રાજ્ય હતા જે વર્તમાનમાં આસામ, બંગાળ અને ઓડિશા છે.

કોલકાતામાં એક પત્રકાર પરિષદને સંબોધતા શાહે કહ્યું કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) વિધાનસભા ચૂંટણીમાં સંપૂર્ણ બહુમતી મેળવશે, ગુરુવારે પ્રથમ તબક્કામાં મતદાન થયું હોય તેવી ૧૫૨ બેઠકોમાંથી ૧૧૦થી વધુ બેઠકો જીતશે. ૯૨ ટકાથી વધુ મતદાનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, પહેલા તબક્કામાં બંગાળના લોકોએ બધા રેકોર્ડ તોડી નાખ્યા અને પરિવર્તન માટે ઉત્સાહપૂર્વક મતદાન કર્યું.

તેમણે કહ્યું હતું કે, પહેલા તબક્કાના મતદાન દરમિયાન કોઈનું મોત ન થવા દેવા બદલ હું ચૂંટણી પંચ અને સુરક્ષા દળોનો આભાર માનું છું. ૨૦૧૬ની વિધાનસભા ચૂંટણીમાં ૧,૨૭૮ લોકો અને ૨૦૨૧માં ૧,૬૮૧ લોકો ઘાયલ થયા હતા.

શાહે દાવો કર્યો હતો કે મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળની તૃણમૂલ કોંગ્રેસ સત્તા પરથી હાંકી કાઢવામાં આવશે અને કહ્યું હતું કે ભાજપ સંપૂર્ણ બહુમતી સાથે સરકાર બનાવશે. તેમણે કહ્યું હતું કે, પાંચમી મે પછી અમે 'અંગ, બંગ અને કલિંગ' પર શાસન કરીશું.

૨૦૨૪માં ભાજપ ઓડિશામાં સત્તામાં આવ્યું હતું. હવે, તે આસામમાં સતત ત્રીજી વખત અને પશ્ચિમ બંગાળમાં ૧૫ વર્ષ જૂની તૃણમૂલ કોંગ્રેસ સરકારને હટાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. શાહે કહ્યું કે જો ભાજપ બંગાળમાં સત્તામાં આવશે, તો ફક્ત બંગાળમાં રહેતો અને બંગાળી બોલતો વ્યક્તિ જ મુખ્યમંત્રી બનશે.

તેમણે કહ્યું હતું કે, ભાજપ મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરશે અને બંગાળમાં 'ભાઈપો કર' અને 'સિન્ડિકેટ રાજ'નો અંત લાવશે. તેમણે એમ પણ કહ્યું કે પાર્ટી ખાસ કરીને રોકાણકારોનું સ્વાગત કરશે.

# ભારત-અમેરિકાની વેપાર કરારની દિશામાં આગેકૂચ

નવી દિલ્હીઃ ભારતીય અને અમેરિકન અધિકારીઓ વચ્ચે ત્રણ દિવસની વેપાર વાટાઘાટો ૨૩ એપ્રિલના રોજ પૂર્ણ થઇ હતી. આ દરમિયાન બંને પક્ષો ભવિષ્યમાં આ ગતિ જાળવી રાખવા માટે પરસ્પર જોડાયેલા રહેવા પર સહમત થયા હતા. આ માહિતી સરકારે આપી હતી.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે બંને પક્ષોએ બજાર એક્સેસ, નોન-ટેરિફ પગલાં, વેપારમાં ટેક્નિકલ અવરોધો, કસ્ટમ્સ અને વેપાર સુવિધા, રોકાણ પ્રોત્સાહન, આર્થિક સુરક્ષા તાલમેલ અને ડિજિટલ વેપાર જેવા અનેક ક્ષેત્રો પર ચર્ચા કરી હતી.

નિવેદનમાં જણાવ્યા મુજબ આ બેઠકો રચનાત્મક અને સકારાત્મક ભાવના સાથે યોજાઇ હતી. જેમાં અર્થપૂર્ણ અને ભવિષ્યલક્ષી ચર્ચાઓ થઇ હતી. જેના કારણે મુખ્ય મુદ્દાઓ પર પ્રગતિ શક્ય બની હતી. બંને પક્ષોએ ભવિષ્યમાં પણ આ ગતિ જાળવી રાખવા માટે પરસ્પર જોડાયેલા રહેવા પર સંમતિ વ્યક્ત કરી હતી. ભારત અને અમેરિકાએ સાતમી ફેબ્રુઆરીના રોજ એક સંયુક્ત નિવેદન જારી કર્યું હતું. જેમાં પરસ્પર ફાયદાકારક વેપાર સંબંધિત એક વચગાળાના કરાર માટે માળખાને અંતિમ સ્વરૂપ આપવા પર સંમતિ વ્યક્ત કરવામાં આવી હતી. આ માળખાએ વ્યાપક ભારત-અમેરિકા દ્વિપક્ષી વેપાર કરાર(બીટીએ) માટે વાટાઘાટો પ્રત્યે બંને દેશોની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. મંત્રાલયે વધુમાં જણાવ્યું કે ભારતીય પક્ષે વચગાળાના કરારની વિગતોને અંતિમ સ્વરૂપ આપવા અને વ્યાપક બીટીએ હેઠળ વાટાઘાટોને આગળ ધપાવવા માટે તેના યુએસ સમકક્ષો સાથે રૂબરૂ બેઠકો માટે વૉશિંગ્ટનની મુલકાત લીધી હતી.

## પહેલા પાનાનું ચાલુ

### 'આપ'માં

છોડીને ભાજપમાં જોડાવાના અમારા નિર્ણયની રાજ્યસભાના અધ્યક્ષને જાણ કરતા પત્ર પર સહી કરી હતી અને તે સુપરત કર્યો હતો.

તેમણે આક્ષેપ કર્યો હતો કે આમ આદમી પાર્ટી દેશ માટે કામ નથી કરતી, પરંતુ પોતાના સ્વાર્થ માટે કામ કરે છે. મને છેલ્લાં ઘણાં સમયથી લાગતું હતું કે હું ખોટા રાજકીય પક્ષમાં છું. હું આજથી આમ આદમી પાર્ટી છોડીને 'જનતા'ની વધુ નજીક જઇને દેશ માટે કામ કરીશ.

રાજ્યસભામાંના 'આપ'ના અન્ય સાંસદ સંદીપ પાઠકે જણાવ્યું હતું કે મેં ક્યારેય આવી પરિસ્થિતિ આવશે, એવું નહોતું વિચાર્યું. હું આમ આદમી પાર્ટીમાં દસ વર્ષથી હતો, પરંતુ આજે તેને છોડી રહ્યો છું.

અહીં રસપ્રદ વાત એ છે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી)એ પંજાબમાં આમ આદમી પાર્ટીના સાંસદ અશોક મિત્તલની સાથે જોડાયેલી કંપની પર વિદેશી હૂંડિયામણ નિયમનો ભંગ કરવા બદલ તાજેતરમાં દરોડા પાડ્યા હતા.

દરમિયાન, આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે ભાજપે ફરી વખત પંજાબીઓને દગો દીધો છે.

આમ આદમી પાર્ટીના નેતા સંજય સિંહે જણાવ્યું હતું કે 'આપ'ને છોડનારા સાતેય સાંસદને પંજાબના લોકો ક્યારેય નહિ ભૂલે અને તેઓને યોગ્ય પાઠ ભણાવશે. (એજન્સી)

### છપ્પરફાડ

કરીને 'લોકશાહીના મંદિર'નું પુનર્નિમાણ શરૂ કર્યું છે.

તેમણે દાવો કર્યો હતો કે પશ્ચિમ બંગાળમાં રાજકીય પરિવર્તનનો પવન ઘણાં સમયથી ફૂંકાતો હતો અને મતદારોએ ગુરુવારે યોજાયેલા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ભારે મતદાન કરીને ભાજપના વિજયને નિશ્ચિત કર્યો હતો. હવે મતદાનના બીજા તબક્કામાં લોકશાહીના મંદિર પર ભાજપના વિજયનો ધ્વજ લહેરાતો રાખવાની જવાબદારી અન્ય મતદારોની છે.

મોદીએ જણાવ્યું હતું કે ચૂંટણીના પ્રથમ તબક્કામાં થયેલા ભારે મતદાનથી તૃણમૂલ કૉંગ્રેસ ગભરાઇ ગયો છે. શાસક પક્ષે પોતાના 'ગુંડાઓ'ને કામે લગાડી દીધા છે. પ્રથમ તબક્કાના મતદાનથી તૃણમૂલ કૉંગ્રેસના 'મહા-જંગલરાજ'નો અંત આવવાની આશા જન્મી છે.

તેમણે જણાવ્યું હતું કે તૃણમૂલ કૉંગ્રેસ 'મહિલાઓની વિરોધી' પાર્ટી છે, જ્યારે ભાજપ મહિલાઓને સાથે લઇને રાજ્ય તેમ જ દેશનો વિકાસ કરવામાં માને છે. ભાજપે ચૂંટણી લડવા અનેક મહિલા ઉમેદવારને પક્ષની ટિકિટ આપી હતી.

વડા પ્રધાને જણાવ્યું હતું કે તૃણમૂલ કૉંગ્રેસ નથી ઇચ્છતો કે મહિલાઓ પોતાનો અધિકાર માગવા માટે ઘરની બહાર નીકળે. (એજન્સી)

### મુખ્ય ચૂંટણી

અને તમિલનાડુમાં વિધાનસભા ચૂંટણી પહેલા ૧૮ એપ્રિલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્રને સંબોધન સામેની ફરિયાદો પર કાર્યવાહી ન કરવાનો આરોપ મૂક્યો છે.

વિપક્ષે વિવિધ વિરોધ પક્ષો દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતાઓનો ઉલ્લેખ કરતા, નોટિસમાં કહેવામાં આવ્યું છે કે, આ નૉટિસની તારીખ સુધી, જ્ઞાનેશ કુમારે કોઈ કારણદર્શક નોટિસ, કોઈ સલાહકાર અને કોઈપણ ફરિયાદનો જાહેર પ્રતિભાવ જારી કર્યો નથી.''

સૂત્રો અનુસાર, કોંગ્રેસના નેતા જયરામ રમેશ અને ટીએમસી નેતા સાગરિકા ઘોષે રાજ્યસભાના મહાસચિવને નોટિસ સુપરત કરી હતી.

આ નોટિસ પર રાજ્યસભાના ૭૩ સાંસદોએ સહી કરી હતી, જ્યારે ૫૦ સહીઓની જરૂર છે. સૂત્રોએ જણાવ્યું હતું કે કોંગ્રેસ, ટીએમસી, એસપી, ડીએમકે, ડાબેરી પક્ષો, શિવસેના (યુબીટી), એનસીપી (એસપી), આરજેડી, આઈયુએમએલ અને સમાન વિચારધારા ધરાવતા પક્ષો જેવા વિરોધ પક્ષોના સભ્યોએ નોટિસ પર સહી કરી છે.

લોકસભા અને રાજ્યસભા બંનેમાં વિપક્ષી સાંસદો દ્વારા રજૂ કરાયેલી સમાન નોટિસોને સંબંધિત પ્રિસાઇડિંગ અધિકારીઓ દ્વારા ફગાવી દેવામાં આવ્યાના થોડા દિવસો પછી આ પગલું લેવામાં આવ્યું છે.

સંસદમાં સીઈસીને હટાવવાની માંગ કરતી નોટિસ પહેલી વાર રજૂ કરવામાં આવી હતી.પોતાની અગાઉની નોટિસોમાં, વિપક્ષે સીઈસી કુમાર પર સ્વતંત્રતા અને બંધારણીય વફાદારી જાળવવામાં નિષ્ફળતા અને કાર્યપાલિકાના હાથ હેઠળ કામ કરવાનો આરોપ લગાવ્યો હતો.

જોકે લગભગ સમાન પ્રતિભાવોમાં લોકસભા સ્પીકર ઓમ બિરલા અને રાજ્યસભાના અધ્યક્ષ સીપી રાધાકૃષ્ણને નોટિસોને ફગાવી દીધી હતી, અને કહ્યું હતું કે જો આરોપો સાચા માનવામાં આવે તો પણ તેઓ તેમને હટાવવા માટે જરૂરી ગેરવર્તણૂકની ઉચ્ચ બંધારણીય મર્યાદાને પૂર્ણ કરતા નથી.

# ગુજરાતમાં ચૂંટણીપ્રચારના પડઘમ શાંત, આવતી કાલે મતદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શુક્રવારે સાંજથી ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થયા હતા. રાજ્યની મહાનગરપાલિકા, નગરપાલિકા અને તાલુકા પંચાયતોની ૯,૨૭૩ બેઠક પર રવિવારે મતદાન થવાનું છે. લગભગ ૭૩૨ બેઠક બિનહરીફ રહેતા બાકીની બેઠકો માટે લગભગ ૧૦-૧૫ દિવસથી ઉમેદવારો અને પક્ષો પ્રચારમાં વ્યસ્ત હતા. શુક્રવારે સાંજે પાંચ વાગ્યાથી પ્રચાર બંધ થતાં હવે ઘરે ઘરે જઈને ઉમેદવારો મતદારોને રિઝવશે.

રાજ્ય ચૂંટણી પંચે મ્યુનિસિપલ કોર્પોરેશનો, નગરપાલિકાઓ, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોની ૯,૯૯૨ બેઠકો માટે ચૂંટણીની જાહેરાત કરી હતી. જોકે, ચકાસણી અને ઉમેદવારીપત્રો પાછા ખેંચ્યા બાદ, અત્યાર સુધીમાં ૭૩૨ બેઠકો પર ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે. હવે બાકીની ૯,૨૭૩ બેઠકો માટે ૨૬ એપ્રિલના રોજ મતદાન યોજાશે.

ચૂંટણી પ્રચાર દરમિયાન ઉમેદવારોને જનતામાં ઘણો આક્રોશ જોવા મળ્યો હતો. આ સાથે મતદારોમાં ઉત્સાહ ન જણાતો હોવાની પણ અંદરોઅંદર રાજકીય પક્ષો ચર્ચા કરી રહ્યા છે. પ્રચાર સમયે ભાષણોમાં અમુક નેતાઓના નિવેદનો પણ ચર્ચાનો વિષય બન્યા હતા. રાજકીય પક્ષો અને ઉમેદવારોએ પોતાનું જોર લગાવ્યું છે હવે આવતીકાલે મતદારો પોતાનો મત મતપેટીમાં નાખશે અને ૨૮મી તારીખે પરિણામ જાહેર થશે ત્યારે કોની મહેનત કેટલી ફળી તેની ખબર પડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે આવતા વર્ષે ગુજરાત રાજ્ય વિધાનસભાની ચૂંટણી યોજાશે ત્યારે તે પહેલાની આ ચૂંટણીના પરિણામો મહત્ત્વના સાબિત થશે, તેમ નિષ્ણાતો જણાવે છે. ■

# એક જ વ્યક્તિના પાંચ વોટર આઈડી કાર્ડ!: કૉંગ્રેસે ચૂંટણી પંચની કામગીરી પર ઉઠાવ્યા સવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પ્રદેશ કૉંગ્રેસના નેતા અમિત ચાવડાએ સોશિયલ મીડિયાના માધ્યમથી રાજ્યમાં 'વોટ ચોરી' થતી હોવાના ગંભીર આક્ષેપો કરીને રાજકીય ગરમાવો લાવી દીધો હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કે ગુજરાતમાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ડુપ્લિકેટ મતદારોનું મોટું કૌભાંડ ચાલી રહ્યું છે. તેમણે કથિત પુરાવા આપી દાવો કર્યો કે માત્ર નવસારીની ચોર્યાસી વિધાનસભા બેઠક પર જ અંદાજે ૩૦,૦૦૦ જેટલા ડુપ્લિકેટ મતદારો નોંધાયેલા છે. જો આખા ગુજરાતમાં આ બાબતે ઊંડી તપાસ કરવામાં આવે, તો બોગસ મતદારોનો આ આંકડો ૬૨ થી ૭૦ લાખ સુધી પહોંચી શકે છે તેવી ભીતિ તેમણે વ્યક્ત કરી હતી.

વધુમાં, અમિત ચાવડાએ સુરતનો એક ચોંકાવનારો કિસ્સો રજૂ કર્યો હતો. જેમાં ભટાર-વેસુ-ડુમસ વોર્ડમાં અશોક મંગલરામ ચૌધરી નામના એક જ વ્યક્તિના નામે, એક જ ફોટોગ્રાફ સાથે પાંચ અલગ-અલગ મતદાર આઈડી કાર્ડ જારી કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. તેમણે આ બાબતને વોટ ચોરીનું મોદી મોડેલ ગણાવતા ચૂંટણી પંચની નિષ્પક્ષતા પર પણ સવાલો ઉઠાવ્યા હતા. તેમણે પ્રશ્ન કર્યો હતો કે, ચૂંટણી પંચ આખરે કોના ઈશારે અને કોને ફાયદો પહોંચાડવા માટે આ પ્રકારે કામ કરી રહ્યું છે? ભૂતકાળમાં પણ આ અંગે રજૂઆતો કરવામાં આવી હોવા છતાં સ્થિતિમાં કોઈ સુધારો ન આવ્યો હોવાનું કહીને તેમણે તંત્ર પર આકરા પ્રહારો કર્યા હતા.

વડગામના ધારાસભ્ય અને કૉંગ્રેસ નેતા જીગ્નેશ મેવાણીએ બનાસકાંઠા જિલ્લાના સ્થાનિક વહીવટીતંત્ર અને પોલીસ પર આકરા પ્રહારો કરતા ગંભીર આક્ષેપો કર્યા હતા. મેવાણીએ સોશિયલ મીડિયા પર પોતાની રોષ ઠાલવતા જણાવ્યું હતું કે, જિલ્લાનું સમગ્ર વહીવટીતંત્ર ભાજપના ઈશારે કામ કરી રહ્યું છે અને અધિકારીઓ ભાજપના અંગત એજન્ટ બનીને લોકશાહીની હત્યા કરી રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે ભાજપના ઉમેદવારોને ખુલ્લેઆમ મદદ કરવામાં આવી રહી છે, જ્યારે કૉંગ્રેસના કાર્યકરો અને ઉમેદવારોને ખોટી રીતે હેરાન કરવામાં આવી રહ્યા છે. આ પરિસ્થિતિને 'વહીવટી આતંકવાદ' ગણાવી મેવાણીએ ભારતીય ચૂંટણી પંચને તાત્કાલિક દખલગીરી કરવા અને સ્થાનિક ચૂંટણીઓમાં થતી ગેરરીતિઓ અટકાવવા કડક અપીલ કરી હતી. ■

# ગુજરાત આરટીઇ હેઠળ ૮૪,૦૦૦ બેઠકો માટે ૨.૫ લાખ અરજી મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતભરની ખાનગી શાળાઓમાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ મેળવવા અરજીની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હતી. આ વર્ષે રાજ્યભરની ૯,૭૨૨ ખાનગી શાળાઓમાં ઉપલબ્ધ ૮૪,૦૦૦ થી વધુ બેઠકો માટે આશરે ૨.૫ લાખ અરજીઓ પ્રાપ્ત થઈ હોવાનું જાણવા મળ્યું હતું. અગાઉ ફોર્મ ભરવાની મુદત ૪ થી ૧૭ એપ્રિલ સુધી રાખવામાં આવી હતી, પરંતુ વાલીઓની માગને ધ્યાનમાં રાખીને તેમાં ૬ દિવસનો વધારો કરવામાં આવતા વધુ ૪૪,૦૦૦ અરજીઓ નોંધાઈ હતી. ગત વર્ષે નોંધાયેલી ૨,૩૮,૯૪૨ અરજીઓની સરખામણીએ આ વર્ષે કુલ ૨,૪૯,૯૪૬ ફોર્મ ભરાયા છે, જે ગત વર્ષ કરતા ૧૧,૦૦૦ વધુ છે.

અરજી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે જિલ્લા સ્તરે દસ્તાવેજોની ચકાસણી શરૂ કરવામાં આવી છે. જે વાલીઓના ફોર્મ અધૂરા કે ખોટા દસ્તાવેજોને કારણે રદ થશે, તેમને સુધારા માટે ૨૭ થી ૨૯ એપ્રિલ દરમિયાન ફરીથી ડોક્યુમેન્ટ અપલોડ કરવાની તક આપવામાં આવશે. ચકાસણીની આ આખરી પ્રક્રિયા ૩૦ એપ્રિલ સુધી ચાલશે અને ત્યારબાદ ૪ મેના રોજ પ્રવેશનો પ્રથમ રાઉન્ડ જાહેર કરવામાં આવશે. નોંધનીય છે કે આ વર્ષે અરજીઓની સંખ્યામાં વધારો થયો છે, પરંતુ બીજી તરફ ઉપલબ્ધ બેઠકોની સંખ્યામાં ગત વર્ષની સરખામણીએ અંદાજે ૯,૦૦૦નો ઘટાડો જોવા મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# છોટાઉદેપુરના પીઠોરા લખારા પરેશ રાઠવાનું રાષ્ટ્રપતિભવનમાં સન્માન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છોટાઉદેપુર જિલ્લાના કવાંટ નગરના પ્રસિદ્ધ બાબા પીઠોરા લખારા પદ્મશ્રી પરેશ રાઠવાએ ફરી એકવાર રાષ્ટ્રીય ફલક પર ગુજરાત અને આદિવાસી સંસ્કૃતિનું નામ રોશન કર્યું હતું.

દિલ્હી સ્થિત રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત ખાસ 'રેસીડેન્સી કલા વર્કશોપ'માં તેમની શ્રેષ્ઠ કામગીરી બદલ ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે તેઓને આજે સન્માનિત કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ ભવન ખાતે ગત તા. ૧૪ થી ૨૩ એપ્રિલ દરમિયાન એક વિશેષ 'રેસીડેન્સી કલા વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપમાં દેશના વિવિધ રાજ્યો જેવા કે ગુજરાત, મધ્ય પ્રદેશ, ઝારખંડ, બિહાર, ગોવા, લદાખ, આંધ્ર પ્રદેશ અને તેલંગાણાના કુલ ૧૩ પ્રતિભાસંપન્ન કલાકારોની પસંદગી કરવામાં આવી હતી. આ તમામ કલાકારોએ પોતાની આગવી કલા, પરંપરા અને સંસ્કૃતિને ચિત્રોના માધ્યમથી કંડારી હતી.

આ પ્રતિષ્ઠિત વર્કશોપમાં ગુજરાતમાંથી બે કલાકારોની પસંદગી થઈ હતી, જેમાં છોટાઉદેપુરના પીઠોરા લખારા પદ્મશ્રી પરેશ રાઠવાનો સમાવેશ થાય છે.

તેમણે આ ૧૦ દિવસીય વર્કશોપ દરમિયાન પીઠોરા આદિવાસી સંસ્કૃતિની ભવ્યતા દર્શાવતું સુંદર ચિત્ર તૈયાર કર્યું હતું, જેની રાષ્ટ્રપતિ ભવનમાં ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. વર્કશોપના સમાપન બાદ સમારોહમાં રાષ્ટ્રપતિએ પરેશ રાઠવાને સ્મૃતિ ચિન્હ આપી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ કલાકારો દ્વારા તૈયાર કરવામાં આવેલી કૃતિઓનું નિરીક્ષણ પણ કર્યું હતું. ■

# ગુજરાતમાં પરમિટ ધારકો માટે દારૂ મોંઘો; પોલીસ વિભાગે જાહેર કર્યું નવું રેટકાર્ડ

ગાંધીનગરઃ ગુજરાતમાં આમ તો દારૂબંધી છે પણ પરમિટ ધારકોને દારૂ મળી શકે છે. ગુજરાતમાં ખાસ કરીને બહારથી આવતા પ્રવાસીઓને અને સ્વાસ્થ્યના કારણોસર પરમિટ આપવામાં આવે છે. જો કે હવે પરમિટ ધારકોને પણ દારૂ લેવા માટે વધુ પૈસા ખર્ચવા પડશે, કારણ કે ગુજરાત રાજ્યના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના નાણાકીય વર્ષ માટે વિદેશી દારૂના નવા ભાવ નક્કી કરતું સત્તાવાર પત્રક જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં અગાઉના ભાવ વધારાની સરખામણીમાં આ વર્ષે કિંમતમાં વધારો નોંધાયો છે. આ નવી ભાવસૂચિ મુજબ, રાજ્યમાં કુલ ૮૦૧ પ્રકારના સ્પિરિટ, ૨૨૬ પ્રકારના બિયર અને ૬૩૬ પ્રકારના વાઇનના દર જાહેર કરાયા છે. આ રેટકાર્ડમાં 'બ્લુ લેબલ વ્હિસ્કી' જેવી પ્રીમિયમ બ્રાન્ડ્સના ભાવ રૂ. ૨૦,૦૦૦ થી વધુ અને કેટલીક અન્ય બ્રાન્ડ્સના ભાવ રૂ. ૫૦,૦૦૦ સુધી નોંધાયા છે. આ આદેશ ૩૧ માર્ચ ૨૦૨૭ સુધી અમલમાં રહેશે. રાજ્યના તમામ પોલીસ કમિશનરો, રેન્જ વડાઓ અને જિલ્લા પોલીસ અધિક્ષકોને આ પત્રક મુજબ જ મુદ્દામાલની કિંમત આંકવાની સૂચના આપવામાં આવી છે. ■

# ગાંધીનગરમાં મસમોટી ચોરી કરનાર રીઢા ગુનેગારને અમદાવાદ પોલીસે ઝડપ્યો

અમદાવાદઃ ગાંધીનગરમાં એક એનઆરઆઈ ઉદ્યોગપતિના બંધ બંગલાને નિશાન બનાવી તસ્કરોએ અંદાજે રૂ. ૯૯ લાખની મત્તાની ચોરી કરનાર આરોપીને નારોલ પોલીસ ઝડપી પાડ્યો હતો. પોલીસની તપાસ દરમિયાન આરોપીએ કબૂલ્યું હતું કે પોતાની કાર લઈને તે ચોરી કરવા જતો હતો. આરોપી પર ૨૧ જેટલા ગુનાઓ પોલીસ ચોપડે નોંધાયેલા હોવાનું પણ ખૂલ્યું હતું. જ્યારે પોલીસે તેને ઝડપ્યો ત્યારે તેણે સ્વીકાર્યું હતું કે તેણે ગાંધીનગરમાં એક મોટી ચોરીને અંજામ આપ્યો હતો. બનાવની વિગતો અનુસાર, આફ્રિકામાં સ્થાયી થયેલા પરેશભાઈ શર્મા ગત જાન્યુઆરીમાં ગાંધીનગર આવ્યા હતા, જ્યાં સાયબર ફ્રોડ અને બેંકિંગ અસુરક્ષિત હોવાના ડરથી તેમણે બેંક લોકરમાંથી પત્ની અને પુત્રવધૂઓના તમામ દાગીના તેમજ રોકડ ઉપાડી લીધા હતા. ■

# દ્વારકાના 'ગોપીચંદન'ને મળશે જીઆઈ ટેગ, પ્રક્રિયા શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દ્વારકાથી અંદાજે ૨૦ કિમી દૂર આવેલા ગોપી તળાવની પવિત્ર માટી 'ગોપીચંદન'ને હવે આંતરરાષ્ટ્રીય સ્તરે વિશેષ ઓળખ અપાવવા માટે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા કેન્દ્ર સરકારમાં જીઆઈ ટેગ માટે અરજી કરવામાં આવી છે. પૌરાણિક કથાઓ મુજબ, વૃંદાવનની ગોપીઓ ભગવાન કૃષ્ણને મળવા દ્વારકા આવી હતી અને આ પવિત્ર ભૂમિમાં સમાઈ ગઈ હતી, જેના કારણે આ માટી ધાર્મિક રીતે અત્યંત પૂજનીય બની છે. પદ્મ પુરાણ અને સ્કંદ પુરાણ જેવા પ્રાચીન ગ્રંથોમાં પણ આ ચંદનનો ઉલ્લેખ પવિત્ર ગણવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ ગોપીચંદન વિશિષ્ટ ખનિજ તત્ત્વો જેમ કે ડોલોમાઇટ, ક્વાર્ટ્ઝ અને કેઓલિનાઇટ ધરાવે છે, જે તેને અન્ય માટી કરતા અલગ બનાવે છે. હાલમાં આશરે ૨૦ જેટલા સ્થાનિક કારીગર પરિવારો આ પરંપરાના રક્ષકો છે અને વાર્ષિક ૧૦ મેટ્રિક ટન જેટલું ઉત્પાદન કરી આશરે ૨ થી ૫ કરોડ રૂપિયાનું ટર્નઓવર મેળવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પહેલ વિજ્ઞાન, પરંપરા અને નવીનતાનો સંગમ છે જે આત્મનિર્ભર ભારત તરફનું એક ડગલું છે. જીઆઈ ટેગ મળવાથી માત્ર આ પવિત્ર વારસાનું સંરક્ષણ જ નહીં થાય, પરંતુ સ્થાનિક કારીગરોને આર્થિક સશક્તિકરણ પણ મળશે અને વૈશ્વિક સ્તરે તેની વિશ્વસનીયતા વધશે.

# મહેસાણામાં પરીક્ષા પૂર્ણ થતા જ નર્સિંગની વિદ્યાર્થિનીનો હોસ્ટેલના રૂમમાં આપઘાત

અમદાવાદઃ મહેસાણા-વિસનગર રોડ પર આવેલી નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીએ હોસ્ટેલના રૂમમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મૃતક વિદ્યાર્થિની અસ્મિતા પટેલ મૂળ નવસારીના ચીખલીની વતની હતી અને બીએસસી નર્સિંગના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. નર્સિંગની પરીક્ષાઓ પૂર્ણ થઈ ત્યારબાદ હોસ્ટેલના અન્ય વિદ્યાર્થીઓ પોતપોતાના કામમાં વ્યસ્ત હતા. આ દરમિયાન રૂમમાં કોઈ હાજર ન હોવાનો લાભ લઈ વિદ્યાર્થિનીએ અગમ્ય કારણોસર રૂમમાં અંતિમ પગલું ભરી લીધું હતું. આ ઘટનાની જાણ ત્યારે થઈ જ્યારે હોસ્ટેલનો સફાઈ કર્મચારી રૂમ સાફ કરવા આવ્યો અને દરવાજો ખખડાવવા છતાં અંદરથી કોઈ જવાબ મળ્યો ન હતો. શંકા જતાં દરવાજો તોડીને જોતા વિદ્યાર્થિની ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવતા સ્ટાફ સ્તબ્ધ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી તપાસ હાથ ધરી હતી. નવસારી સ્થિત પરિવારને આ સમાચાર મળતા જ માતમ છવાયું હતું અને તેઓ મહેસાણા આવવા રવાના થયા હતા. વિદ્યાર્થિનીના આપઘાત પાછળનું સચોટ કારણ જાણવા પોલીસે તપાસનાં ચક્રો ગતિમાન કર્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વિરમગામ-નળ સરોવર હાઈવે પર પિક-અપ વૅનની ટક્કરથી એક જ પરિવારનાં ત્રણનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જિલ્લાના નળ સરોવર-વિરમગામ હાઈ વે પર શુક્રવારે વહેલી સવારે સર્જાયેલા અકસ્માતમાં ત્રણ જણના જીવ ગયા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. અહીંના કમીજલા અને વનથળ ગામ વચ્ચે પિક અપ વાન અને બાઈક વચ્ચે ટક્કર થઇ હતી. વાનચાલકે પાછળથી ટક્કર મારી હતી અને બાઈક પર સવાર એક જ પરિવારના ત્રણ સભ્યનાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતાં. આ સાથે એક મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે અને હોસ્પિટલમાં ગંભીર હાલતમાં હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

મૂળ સુરેન્દ્રનગરના લખતર પંથકનો આ પરિવાર સવારે ૮ વાગ્યાની આસપાસ વિરમગામ તરફ જઈ રહ્યો હતો. બાઈક ને વાન એક જ દિશામાં જઈ રહ્યા હતા, પરંતુ પિક અપ વાને ઓવરટેક કરવા જતા બાઈકને પાછળથી ટક્કર લાગી હતી અને અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૩૦થી ૩૫ વર્ષની ઉંમરના એક પુરુષ અને એક મહિલાનું મોત થયું હતું ત્યારે તેમની સાથેના બાળકનું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મોત થયું હતું. પિકઅપ વાનચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. વિરમગામ પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તેને ઘરપકડ કરી હતી. ■

# ભુજની હોટેલમાં રોકાયેલા ૫૫ વર્ષીય રશિયન નાગરિકનું સારવાર દરમિયાન મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરની એક હોટેલમાં રોકાયેલા રશિયન પ્રવાસીનું નિધન થતાં ચકચાર મચી ગઈ છે. પોલીસની પ્રાથમિક તપાસમાં વિદેશી નાગરિકનું મોત કુદરતી હોવાનું બહાર આવ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રશિયાના વતની ૫૫ વર્ષીય એલેકઝેન્ડર વ્લાદીમીર ગ્વરીસ્કીન ભુજની મુલાકાતે આવ્યા હતા અને સ્થાનિક હોટેલમાં રોકાયા હતા. વહેલી સવારે અચાનક તેમની તબિયત લથડતા હોટેલ સ્ટાફ દ્વારા તેમને તાત્કાલિક ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં જ ભુજ એ-ડિવિઝન પોલીસનો કાફલો હોસ્પિટલ દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, એલેકઝેન્ડરનું મોત કુદરતી રીતે થયું હોવાનું પ્રાથમિક તબક્કે જણાઈ રહ્યું છે. વિદેશી નાગરિકના મોતના કિસ્સામાં પોલીસે અકસ્માત મોત (એડી) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. નિયમ મુજબ આ અંગેની જાણ રશિયન એમ્બેસીને કરવામાં આવશે અને ત્યારબાદ તેમના પાર્થિવ દેહને વતનમાં મોકલવા અથવા અંતિમ વિધિ અંગેનો નિર્ણય લેવામાં આવશે.

# વડોદરામાં બાળકી પર દુષ્કર્મ આચરનારને આજીવન કેદ, સુરતમાં નરાધમ પોલીસ હવાલે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નાની બાળકીઓને પોતાની હવસનો શિકાર બનાવતા નરાધમો સામે પોલીસ અને કોર્ટ સખત વલણ અપનાવે છે, પણ કમનસીબે આવી ઘટના બનતી રહે છે. વડોદરામાં નવ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ કરનારને કોર્ટે આજીવન કેદની સજા આપી હતી જ્યારે બીજી બાજુ સુરતમાં માત્ર ત્રણ વર્ષની બાળકી સાથે દુષ્કર્મના કેસમાં પોલીસે આરોપીને દબોચી લીધો હતો. પંચમહાલની પોક્સો કોર્ટે ગયા વર્ષે ગોધરા તાલુકામાં ૯ વર્ષની બાળકી પર બળાત્કાર કરવાના કેસમાં એક પુરુષને દોષિત ઠેરવ્યો હતો અને તેને મૃત્યુપર્યન્ત કેદની સજા ફટકારી હતી.

સપ્ટેમ્બર ૨૦૨૫માં બનેલી આ ઘટનામાં આરોપી અજય નાયક (૨૯) બાળકીનાં ઘરે આવ્યો હતો. બાળકીને ઢસડીને લઈ ગયો હતો અને જ્યારે તેની માતાએ તેને રોક્યો ત્યારે માતાને પણ લાકડીથી મારી હતી. ત્યારબાદ બાળકીને અવાવરૂ જગ્યાએ લઈ જઈ તેના પર દુષ્કર્મ આચર્યું હતું અને ધમકાવી હતી. બાળકીનાં પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. કોર્ટે નાયકને દોષી ઠેરવ્યો હતો. તેને સજા સાથે રૂ. એક લાખનો દંડ ફટકાર્યો હતો અને આ સાથે બાળકીને રૂ. ૫ લાખનું વળતર આપવા પણ આદેશ આપ્યો હતો. જ્યારે સુરતમાં બનેલી ઘટનામાં સારોલી વિસ્તારમાં ત્રણ વર્ષની બાળકી બાથરૂમ ગઈ હતી ત્યારે પરપ્રાંતીય આરોપી મોજબ્બીર મોહમ્મદ હસામુદીને તેની સાથે દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો. જોકે માતા પહોંચી ગઈ હતી અને આરોપીને ઝડપી લેતાં લોકોએ તેને મેથીપાક ચખાડ્યો હતો અને ત્યારબાદ પોલીસે પોક્સો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# છોટા ઉદેપુરમાં દીપડાના જડબામાંથી બાપે દીકરીને બચાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બાપની સંવેદના માતા કરતા ઓછી નથી હોતી. આવા જ એક કિસ્સામાં છોટા ઉદેપુર જિલ્લાના એક નાનકડા ગામના એક આદિવાસી બાપે જબરી હિંમત બતાવી છે. અહીં એક બાપે દીપડાના જડબામાંથી પોતાની ચાર વર્ષની બાળકીને બચાવી હોવાની ઘટના બની હતી.

આ ઘટના બુધવારે સાંજે પાવી જેતપુર તાલુકાના રાસલી ગામમાં બની હતી. બાળકી ઘરના પાછળના આંગણામાં રમી રહી હતી જ્યારે તેની માતા નજીકમાં કામ કરી રહી હતી. સાંજ ઢળી હોવાથી ઝાંખો પ્રકાશ હતો અને એક દીપડો અંદર આવ્યો અને અચાનક તેનાં પર હુમલો કર્યો હતો. માતાએ આ જોઈ ચીસો પાડી અને પિતા સુરેશ રાઠવા બહાર દોડી આવ્યા હતા. પિતા પહેલા તો હેબતાઈ ગયા, પરંતુ દીકરીને દીપડાના મોઢામાં જોઈ હિંમત એકઠી કરી હતી અને તેના પર તૂટી પડ્યા. તેમણે પહેલા તો દીકરી તેના મોઢામાંથી આચકી લીધી અને બીજા હાથે દીપડાને હડસેલવાની કોશિશ કરી હતી. જોકે દીપડો પણ બાળકીને છોડવા ને ત્યાંથી હટવા તૈયાર ન હતો અને રાઠવા પર પંજો મારતો હતો, રાઠવાએ એક હાથમાં દીકરી પકડીને બીજા હાથેથી અમુક મિનિટ સુધી જંગલી જાનવરને લડત આપી હતી. છેવટે બાપની હિંમત સામે દીપડો હાર્યો અને પાછળના ખેતરમાં ભાગી ગયો હતો. આ અંગે અહીંના વનવિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે રાઠવાએ ભારે હિંમત બતાવી હતી. આ પ્રકારે આ વિસ્તારમાં દીપડાએ માણસો પર હુમલો કર્યાની પહેલી ઘટના છે.

દીપડો શિકારની શોધમાં નદી વિસ્તાર હોવાથી અહીં આવ્યો હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જોકે બાળકીને ચહેરા અને ગળાના ભાગે ભારે ઈજા થઈ છે. હાલમાં સારવાર ચાલી રહી છે. બીજી બાજુ દીપડો વિસ્તારમાં ફરી દેખાતા અહીં કેમેરા અને પિંજરા મૂકવામાં આવ્યા હોવાની માહિતી મળી હતી. ■

# બીલીમોરામાં ૧૦ સ્કોર્પિયો વચ્ચે ખતરનાક સ્ટંટ કરનારા 'રીલબાજો'ની પોલીસે સાન ઠેકાણે લાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારી જિલ્લાના બીલીમોરામાં આવેલા સોમનાથ મહાદેવ મંદિરના મેદાનમાં બુધવારે બપોરે ફિલ્મી સ્ટાઈલમાં સ્ટંટ કરવાનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. સોશિયલ મીડિયા પર ફેમસ થવા અને 'રીલ્સ' બનાવવાના ઘેલછામાં કેટલાક યુવકો ૧૦ જેટલી સ્કોર્પિયો કાર સાથે મેદાનમાં ધસી આવ્યા હતા અને કોઈની પણ પરવાનગી વગર પૂરઝડપે કાર દોડાવી 'ઝીરો ટર્ન' લેવાનું શરૂ કર્યું હતું. આ જોખમી સ્ટંટબાજીને કારણે મેદાનમાં હાજર પ્રવાસીઓ અને બાળકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો અને લોકો પોતાની જાન બચાવવા આમ-તેમ ભાગવા લાગ્યા હતા.

ઘટનાને પગલે સમગ્ર વિસ્તાર ધૂળની ડમરીઓથી ભરાઈ ગયો હતો અને જાહેર શાંતિનો ભંગ થયો હતો.

આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા જ બીલીમોરા પોલીસ એક્શનમાં આવી હતી અને તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસે જોખમી રીતે ડ્રાઈવિંગ કરનાર યુવકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરતા તમામ ડ્રાઈવરોની અટકાયત કરી છે અને વાહનોને આરટીઓ મેમો આપી જપ્ત કરવાની તજવીજ હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે, નવસારી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં જોખમી ડ્રાઈવિંગના ૧૫૦ થી ૨૦૦ જેટલા કેસ નોંધાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પોલીસે સ્પષ્ટ ચેતવણી આપીને જણાવ્યું હતું કે જાહેર સ્થળોએ લોકોની સુરક્ષા જોખમાય તે રીતે સ્ટંટ કરનારાઓ સામે નેત્રમ પ્રોજેક્ટ અને સીસીટીવી ફૂટેજના આધારે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ■

# ભુજ કોર્ટે રૂ.૭૫ લાખના ચેક પરત કેસમાં આરોપીને એક વર્ષની કેદ અને રૂ.૧.૫ કરોડનો બમણો દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અગિયાર વર્ષ જૂના ચેક રિટર્નના એક કેસમાં ભુજની નામદાર અદાલતે મૂળ અમદાવાદના અને હાલ થાઈલેન્ડ સ્થિત આરોપી તુષાર ગિરીશ પટેલને એક વર્ષની કેદની સજા ફટકારવાની સાથે ચેકની મૂળ રકમ કરતાં બમણી રકમ એટલે કે રૂ.૧.૫ કરોડનો દંડ ભરવાનો આદેશ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે કર્યો હતો.

કેસની વિગતો મુજબ, દહીંસરાના દેવજી લાલજી હાલાઈને આરોપી તુષાર પટેલે થાઈલેન્ડમાં મોટા પ્રોજેક્ટની લાલચ આપી હતી. શ્રમિકોના સપ્લાયના આ પ્રોજેક્ટમાં મોટો નફો મળશે તેવી ખાતરી આપતા દેવજીભાઈએ રૂ. ૭૫ લાખનું રોકાણ કર્યું હતું. જોકે, વર્ષ ૨૦૧૫માં માનકૂવા પોલીસ મથકે તુષાર પટેલ વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાતા દેવજીભાઈને પોતાની સાથે વિશ્વાસઘાત થયો હોવાનું જણાયું હતું.

દેવજીભાઈએ પોતાના રોકાણનાં નાણાં પરત માગતા તુષાર પટેલે રૂ.૨૫-૨૫ લાખના ત્રણ ચેક આપ્યા હતા. આ ચેક બેંકમાં જમા કરાવતા અપૂરતા બેલેન્સના કારણે પરત ફર્યા હતા. ત્યારબાદ દેવજીભાઈએ અદાલતમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ કેસ દાખલ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આરોપી તુષાર પટેલ માનકૂવા પોલીસ મથકના ગુનામાં પણ ભાગેડુ હતો, જેની ધરપકડ બાદ આ કેસની સુનાવણી હાથ ધરાઈ હતી.

કેસની સુનાવણીના અંતે ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે આરોપીને તકસીરવાન ઠેરવ્યો હતો. અદાલતે ફરિયાદીના પક્ષે રજૂ થયેલી દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપી તુષાર પટેલને એક વર્ષની સાદી કેદ, ચેકની મૂળ રકમ રૂ.૭૫ લાખના બદલે બમણી રકમ એટલે કે રૂ.૧.૫૦ કરોડ ફરિયાદીને વળતર પેટે ચૂકવવાનો આદેશ કર્યો હતો. આ કેસમાં ફરિયાદી વતી ધારાશાસ્ત્રી સંતોષસિંહ આર. રાઠોડ, ચિન્મય એચ. આચાર્ય, રોહિત એમ. મહેશ્વરી અને ભૂમિ પંડ્યાએ હાજર રહી ધારદાર દલીલો કરી હતી. અગિયાર વર્ષ બાદ મળેલી આ ન્યાયિક સફળતાની કાયદાકીય વર્તુળોમાં ભારે ચર્ચા થઈ રહી છે. ■

# કલ્યાણ-ડોંબિવલીમાં મંગળવારે ૧૨ કલાક પાણીપુરવઠો બંધ રહેશે

મુંબઈ: કલ્યાણ-ડોંબિવલી શહેરનો પાણીપુરવઠો આવતા અઠવાડિયામાં ૧૨ કલાક માટે બંધ રાખવામાં આવવાનો હોવાથી પાલિકા પ્રશાસને નાગરિકોને પાણીનો સ્ટોક કરી રાખવાની તથા સંભાળીને વાપરવાની સલાહ આપી છે.

મંગળવાર, ૨૮ એપ્રિલના સવારના આઠ વાગ્યાથી રાતના આઠ વાગ્યા સુધી સમારકામ અને દેખરેખના કામ માટે કલ્યાણ-ડોંબિવલી શહેર પરિસર અને ગ્રામીણ પરિસરમાં પાણીપુરવઠો બંધ રાખવામાં આવશે. પાલિકાના જણાવ્યા મુજબ પાલિકાના પાણીપુરવઠા વિભાગ મારફત શહેરને જ્યાંથી પાણીપુરવઠો કરવામાં આવે છે તે પમ્પિંગ સ્ટેશન, વોટર ફિલ્ટરેશન પ્લાન્ટની દેખરેખ અને સમારકામ તેમ જ વીજપુરવઠા કેન્દ્રનું કામ કરવામાં આવવાનું છે. ચોમાસું શરૂ થયા બાદ આ કામમાં અડચણ આવતી હોય છે. તેથી ચોમાસા પહેલા કલ્યાણ-ડોંબિવલી પાલિકાના બારાવે, મોહિલી, નેતિવલી અને ટિટવાળાના વોટર ફિલ્ટરેશન પ્લાન્ટમાં ઈલેક્ટ્રિક અને મેકેનિકલ મશીનરીની દેખરેખ અને સમારકામના કામ મંગળવારે કરવામાં આવવાના છે.

આ કામ વોટર ફિલ્ટરેશન પ્લાન્ટ ચાલુ રાખીને કરવું શક્ય નથી હોતું. તેથી સેન્ટરને બંધ કરીને સમારકામ કરવામાં આવવાનું છે. વોટર ફિલ્ટરેશન પ્લાન્ટમાંથી કલ્યાણ પૂર્વ-પશ્ચિમ, કલ્યાણ ગ્રામીણ વિસ્તારમાં માંડા, ટિટવાલા, બનેલી, આંબિવલી, શહાડ, ડોંબિવલી પૂર્વ-પશ્ચિમ ભાગમાંથી પાણીપુરવઠો કરવામાં આવે છે.

કલ્યાણ-ડોંબિવલીના અનેક વિસ્તારમાં પાણીની અછત વર્તાઈ રહી છે, તેનો ફાયદો લઈને ટેન્કર લોબી મનફાવે તેવા ભાવ નાગરિકો પાસેથી વસૂલી રહી હોવાની ફરિયાદ પણ સ્થાનિકો દ્વારા થઈ રહી છે.

કલ્યાણ-ડોંબિવલી શહેરમાં ૨૪ પાણીનું ગળતર છે તો પાણીની ચોરીનું પ્રમાણ ૨૫ ટકા છે. આ ૫૦ ટકા પાણીના નુકસાનને કારણે પાણીની અછત નિર્માણ થઈ હોવાનું માનવામાં આવે છે. કલ્યાણ-ડોંબિવલી શહેરને દરરોજ ૩૪૭ મિલ્યિન લિટર પાણીપુરવઠો કરવામાં આવે છે. વધતી લોકસંખ્યા સામે આ પાણીપુરવઠો અપૂરતો સાબિત થઈ રહ્યો છે. ■

# ભાયખલાથી સીએસએમટીની મુસાફરી માત્ર ૧૦ મિનિટમાં

મુંબઈ : મુંબઈગરા માટે ભારે ટ્રાફિક જામ કાયમી સમસ્યા છે. ગમે ત્યાં જવાની વાત આવે ત્યારે સૌથી પહેલો પ્રશ્ન ટ્રાફિકનો હોય છે. હવે મુંબઈમાં બે નવા ફ્લાયઓવર હાલની ટ્રાફિકની દૃષ્ટિએ ગેમ ચેન્જર સાબિત થઇ શકે છે. ભાયખલા અને મઝગાંવ વચ્ચે બે નવા ફ્લાયઓવર બનવા જઈ રહ્યા છે. જે મુંબઈવાસીઓને મોટી રાહત આપશે.

મુંબઈના આ મુખ્ય વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા ઓછી કરવા માટે ભાયખલામાં ૯૧૬ મીટરનો કેબલ-સ્ટેડ બ્રિજ બનાવવાની યોજના છે. આ જ બ્રિજને ૮૯૨ મીટરના ફ્લાયઓવર દ્વારા મઝગાંવ સાથે જોડવામાં આવશે. આ બે પુલ દ્વારા દક્ષિણ મુંબઈમાં ટ્રાફિકની સમસ્યા ઓછી કરવાની બીએમસીએ યોજના બનાવી છે. બીએમસી એ ભાયખલામાં ૧૦૩ વર્ષ જૂના 'વાય' બ્રિજની જગ્યાએ નવો કેબલ-સ્ટેડ બ્રિજ બનાવવાની દરખાસ્ત મૂકી છે. ભાયખલા અને મઝગાંવ વચ્ચે એલિવેટેડ કનેક્ટિવિટીના અભાવે વાહનચાલકોને રિચાર્ડસન, કુડાલ જંકશન અને સબ્બુ સિદ્દીકી જંકશન થઈને મુસાફરી કરવી પડે છે. આના કારણે ભારે ટ્રાફિક જામ થાય છે. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવેલા ફ્લાયઓવર પ્રોજેક્ટના ભાગ રૂપે, જે જે ફ્લાયઓવરથી બીજો ફ્લાયઓવર બનાવવામાં આવી રહ્યો છે. આ પુલ ભાયખલામાં આગામી 'વાય' ફ્લાયઓવર સાથે જોડાયેલો હશે. આનાથી દક્ષિણ મુંબઈને એક નવો હાઇ-સ્પીડ કોરિડોર મળશે.

ભવિષ્યમાં વધતી વસ્તીને ધ્યાનમાં રાખીને ભાયખલામાં કેબલ સ્ટેઇડ બ્રિજ છ લેનનો બનાવવામાં આવશે. આ ફ્લાયઓવર પર એક સેલ્ફી પોઈન્ટ પણ બનાવવામાં આવશે. જ્યારે, મઝગાંવમાં ફ્લાયઓવર ચાર લેનનો બનાવવામાં આવશે. જેના કારણે સીએસએમટી (ફોર્ટ) અને ભાયખલા વચ્ચેનું અંતર ઘટશે. મુસાફરીનો સમય અડધો કલાકથી ઘટીને માત્ર ૧૦ મિનિટનો થઈ જશે.

ભાયખલા કેબલ-સ્ટેડ બ્રિજ ૭૮ ટકા પૂર્ણ થઈ ગયો છે અને નવેમ્બર ૨૦૨૬ સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે. બીજા ફ્લાયઓવર માટેની અંતિમ તારીખ ૨૦૨૮ છે અને આ ફ્લાયઓવર માટે વર્ક ઓર્ડર જારી કરવામાં આવ્યો છે. ■

# મીરા-ભાયંદરમાં પાણીની ભારે અછત

ભાયંદર: મીરા-ભાયંદરમાં છેલ્લા કેટલાક દિવસોથી અનુભવાતી પાણીની તંગી હવે વધુ ગંભીર બની છે. ખાનગી ટેન્કર ચાલકો પાસેથી પણ પાણી ઉપલબ્ધ ન થતા નાગરિકો ભારે પરેશાન થયા હતા.

મીરા ભાયંદર મહાનગરપાલિકાને દરરોજ ૨૨૧ મિલિયન લિટર પાણી માટે મંજૂરી આપવામાં આવી છે, પરંતુ મળે છે

માત્ર ૨૦૦ મિલિયન લિટર પાણી જ અને શહેરની જરૂરિયાત ૨૨૫ મિલિયન લિટરની છે જ્યારે નિયમિત પુરવઠો ઉપલબ્ધ હોય છે ત્યારે નાગરિકોને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડતો નથી, પણ જો પાણી પુરવઠો ખોરવાઈ જાય તો તરત જ અછતની સમસ્યા ઊભી થાય છે.

છેલ્લા કેટલાક દિવસોથી પાણી પુરવઠામાં વિક્ષેપને કારણે નાગરિકોને ભારે મુશ્કેલી પડી રહી છે. દૈનિક પુરવઠામાં પણ ઘટાડો થયો છે, જેના લીધે ભરઉનાળે પાણીની અછત સર્જાઈ છે. શહેરમાં એકાંતરે દિવસે પાણી આવતું હોવાથી, લોકોને પાણી માટે મજબૂર બનીને ટેન્કર પર આધાર રાખવો પડી રહ્યો છે. શુક્રવારે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ન આવતા લોકો ટેન્કર શોધવા લાગ્યા હતા. જોકે, પાલિકાના ટેન્કરોમાં પણ પાણી ન હોવાથી સ્થિતિ વધુ વણસી હતી.

એમઆઇડીસીએ જાંભુળ ખાતેના જળ શુદ્ધિકરણ કેન્દ્રની પાઈપલાઈનનું સમારકામનું કામ કરવા માટે ગુરુવારથી શુક્રવાર બપોર સુધી ૨૪ કલાક બંધ રાખ્યો હતો. આ સમયગાળા દરમિયાન, એમઆઇડીસીથી મીરા-ભાયંદર શહેરને પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. આ કારણે શુક્રવારે પાણીની સમસ્યા ઊભી થઈ હતી. ■

# શિક્ષકો માટે ઈ-કેવાયસી ફરજિયાત, નહિતર પગાર નહીં મળે

મુંબઈ: છેલ્લાં કેટલાક મહિનાઓથી વિવિધ કારણોસર શિક્ષકોનો પગાર અટકાવવામાં આવી રહ્યો છે, જેમાં હવે એક નવું કારણ ઉમેરાયું છે. શિક્ષણ વિભાગના આદેશ મુજબ જે શિક્ષકો કે કર્મચારીઓએ બેંકનું 'ઈ-કેવાયસી' નથી કરાવ્યું, તેમનો મે મહિનાનો પગાર થશે નહીં. આ નિર્ણયથી રાજ્યભરના શિક્ષકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. એકતરફ પરીક્ષાઓ ચાલી રહી છે અને બીજી તરફ ચૂંટણીની ફરજ સોંપવામાં આવી છે, તેવામાં પગાર માટે શિક્ષકોએ ઇ-કેવાયસી માટે દોડધામ કરવી પડી રહી છે. શિક્ષક સંગઠનોનો આક્ષેપ છે કે અવનવા બહાના હેઠળ પગાર રોકવો એ ગેરકાયદેસર છે.

શિક્ષણ નિરીક્ષકોએ નાણા વિભાગના ગ્રાન્ટ્સ અને એકાઉન્ટ્સ ઓફિસ તરફથી ૨૨ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ લખાયેલા પત્ર દ્વારા શાળાઓને આદેશ આપ્યો હતો કે 'શાલાર્થ' અને 'સેવાર્થ' સિસ્ટમ હેઠળના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ ઈ-કેવાયસી પૂર્ણ કરવું ફરજિયાત છે. આ પ્રક્રિયા પૂરી કર્યા પછી જ આવતા મહિનાના પગારના બિલ સ્વીકારવામાં આવશે. જો ઈ-કેવાયસી પૂર્ણ નહીં હોય, તો એપ્રિલ ૨૦૨૬નો પગાર અટકાવી દેવામાં આવશે.

આ આદેશને કારણે શિક્ષકો માટે મુશ્કેલી ઊભી થઈ છે. હાલમાં અનેક શિક્ષકો શાળાની પરીક્ષા અને ચૂંટણીની કામગીરી એમ બેવડી જવાબદારી નિભાવી રહ્યા છે. આ બંને જવાબદારીઓ સંભાળવાની સાથે બેંકમાં કેવી રીતે જવું, તેવો પ્રશ્ન શિક્ષકો સામે ઉભો થયો છે. આ બાબતે શિક્ષક મહાસંઘના મુંબઈ અને કોંકણ વિભાગના અધ્યક્ષ અનિલ બોનરિએ શાળા શિક્ષણ પ્રધાન દાદા ભુસે તેમજ શિક્ષણ સચિવને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં પરીક્ષા અને ચૂંટણીના કામમાં શિક્ષકો વ્યસ્ત હોય ત્યારે આ પ્રકારે પગાર રોકવો એ નિયમ વિરુદ્ધ હોવાનું જણાવી પગાર સમયસર ચૂકવવાની માગ કરી હતી. ■

# થાણેમાં ઘરમાં લાગેલી આગમાં બિલાડીના બચ્ચાનું મૃત્યુ

થાણે: થાણે (પશ્ચિમ)માં શાસ્ત્રી નગરમાં ગ્રાઉન્ડ પ્લસ એક માળના મકાનમાં શુક્રવારે સવારના લાગેલી આગમાં એક બિલાડીના બચ્ચાનું મૃત્યુ થયું હતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું.

થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ થાણે પશ્ચિમમાં શાસ્ત્રી નગરમાં ભોઈર કમ્પાઉન્ડમાં ભોઈર ચાલ આવેલી છે. શુક્રવારે સવારના ૧૦.૪૩ વાગે ગ્રાઉન્ડ પ્લસ એક માળના મકાનમાં ઘરના પહેલા માળા પર અચાનક ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડના એક ફાયર એન્જિન અને બે રેસ્ક્યુ વાહન પહોંચી ગયા હતા.

જે ઘરમાં આગ લાગી તેમાં એક જ પરિવારના ચાર સભ્ય રહે છે. સવારના આગ લાગી ત્યારે ઘરના ત્રણ સભ્ય કામ નિમિત્તે બહાર ગયા હતા અને એ સમયે ફક્ત એક મહિલા ઘરમાં હાજર હતી. આગ લાગવાને કારણે ઘરમાં રહેલો કબાટ, ટીવી, લાકડાના સોફા, ગાદલા, ઘરના કપડા, સામાન, ઈલેક્ટ્રિક વાહન સહિતને નુકસાન થયું હતું. એ સાથે જ આગમાં ઘરમાં રહેલા બિલાડીના બચ્ચાનું પણ મૃત્યુ થયું હતું. ■

## હિન્દુ મરણ

**નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ**

સીંમર નિવાસી હાલ મીરા રોડ, મોહનલાલ ભગવાનજી ભટ્ટ (ઉ.વ.૮૯) તા. ૨૩/૦૪/૨૦૨૬ને ગુરુવારના કૈલાસવાસી થયેલ છે. તે સ્વ. લક્ષ્મીબેન ભગવાનજી મહાદેવભાઈ ભટ્ટના પુત્ર. સ્વ. લલિતાબેનના પતિ. હર્ષદભાઈ, નિલેશભાઈ તથા હિતેષભાઇના પિતા. હેમાબેન, નેહલબેન તથા અમીબેનના સસરા. સ્વ. હીરુબેન મૂળજીભાઈ જોશી (વાંઢ), સ્વ. રળિયાતબેન નાગજીભાઈ ઠાકર (ઓલવાણ), સ્વ. વિઠ્ઠલદાસ ભગવાનજી ભટ્ટ તથા સ્વ. રવિશંકર ભગવાનજી ભટ્ટના ભાઇ. સ્વ. દિવાળીબેન પ્રભાશંકર મહાશંકર ઓઝા (ડુંગર)ના જમાઇ. તેમની પ્રાર્થના સભા/ગુણાનુવાદ સભા તા. ૨૫/૦૪/૨૦૨૬ શનિવારે ૪ થી ૬. સ્થળઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, ૧લે માળે, સેક્ટર -૧૦, શાંતિનગર, મીરા રોડ, મુંબઈ-૪૦૧૧૦૭.

**કચ્છી રાજગોર**

ગામ વારાપધર હાલ ઘાટકોપર સ્વ. ઉમિયાશંકર રાજગોર (પેથાણી)ના ધર્મપત્ની ગં. સ્વ. ઉષાબેન (નર્મદા) (ઉં. વ. ૮૦) તા. ૨૩-૪-૨૬ ગુરુવારે રામશરણ પામ્યા છે. તે સ્વ. બાયાબાઇ મુરજી પ્રેમજી પેથાણીના પુત્રવધૂ. તે બકુલભાઇ, સંધ્યાબેન, જ્યોતિબેનના માતુશ્રી. તે અ. સૌ. જ્યોતિ પેથાણી, રાજેશભાઇ જોશી, વિજયભાઇ મહેતાના સાસુમા. સ્વ. સાવિત્રીબેન હરિશંકર પદમસી નાકર (સાંધવ)ના પુત્રી. સાદડી રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. વેલજી પૂંજા આઇયા (મોટી વમોટીવાળા) હાલ મુલુંડના પુત્રવધૂ સ્વ. રણછોડદાસ વેલજી આઇયાના ધર્મપત્ની સરલાબેન (ઉં. વ. ૮૬) તા. ૨૩-૪-૨૬ના રામશરણ પામેલ છે. તે સ્વ. ખીમજી કુંવરજી કારિયા (ખોભડીવાળા)ની મોટા પુત્રી. તે નીતિનભાઇ ખીમજી કારિયાના મોટાબેન. તે કુસુમ, જયા, દમયંતી, રમા, મૃદુલાના બેન. ડો. કિશોર, દક્ષા, વિણાના માતુશ્રી. તે કુસુમબેનના સાસુ. પ્રાર્થનાસભા તા. ૨૫-૪-૨૬ શનિવારના રાખેલ છે. ઠે. કાલિદાસ મેરેજ હોલ, પી. કે. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ સાંજે ૫થી ૭. લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

વેળાવદર નિવાસી હાલ વસઇ સ્વ. વસંતબેન ત્રંબકલાલ વૃજલાલ જાગાણીના સુપુત્ર કમલેશભાઇ (ઉં. વ. ૬૧) તે સ્વ. ઇલાબેનના પતિ. રાજ તથા મીતલબેન ચિંતનકુમાર શેઠના પિતાશ્રી. કરીનાના સસરા. ભરતભાઇ, સ્વ. રમેશભાઇ, સંજયભાઇ તથા સ્વ. ગીતાબેન કિશોરકુમાર મહેતા, સ્વ. નીતાબેન ગીરીશકુમાર રૂપાણીના ભાઇ. સ્વ. દામજીભાઇ રામજીભાઇ મહેતાના જમાઇ. તા. ૨૧-૪-૨૬ને મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

હાલ સાંતાક્રુઝ અ. સૌ. સુશીલાબેન મધુસુદન કાંતિલાલ સૂચક (ઉં. વ. ૮૪) તે સ્નેહલ, એંજલ, સ્વાતિબેન, સુમાબેનના માતુશ્રી. છાયા, આરતી, શ્રેયસ ગણાત્રા, યોગેશ દત્તાણીના સાસુમા. તે કુસુમબેન અતુલભાઇ શેઠના ભાભી. સુરેશભાઇ વ્રજલાલ કારીયા, સ્વ. દિલીપભાઇ, સ્વ. હંસાબેન મહેશભાઇ પંજવાણી, અ. સૌ. મંદાબેન ચંદ્રકાતભાઇ સાકરિયાના મોટાબેન. ચાંદની, લેખા, કનક, રૂડી, પાયલ, નિધિ, અમી, ઉર્મીના દાદી-નાની તા. ૨૩-૪-૨૬ના ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**સુરતી લોહાણા**

વસઇ નિવાસી પ્રકાશ કુમુદચંદ્ર પાનવાલાના ધર્મપત્ની પલ્લવી પ્રકાશ પાનવાલા (ઉં.વ.૭૨) તા. ૨૨-૪-૨૬ બુધવારના સ્વર્ગવાસ થયા છે. તે જીગરના માતુશ્રી. બેલાના સાસુ. સ્વ. હીરાબેન જયેન્દ્રનાથ ગોકાણીના દીકરી. તે કન્યાકુમારીનાબેન, તે સ્વ. દિલીપ, સ્વ. નરેશ ગોકાણીના બેન તથા મીરા અને કબીરના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઇડર ઔદિચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ**

ગામ ચિત્રોડા નિવાસી હાલ બોરીવલી સ્વ. ચંદુલાલ મહાશંકર વ્યાસના ધર્મપત્ની નિર્મળાબેન તા. ૨૨-૪-૨૬ના (ઉં. વ. ૬૮) અક્ષરનિવાસી થયા છે. તે અતુલ, દીપક, હેમાંશુ, દેવેશના માતુશ્રી. તૃપ્તિ, પારુલ, અમિતા, ભાવનાના સાસુ. તે ધિરલ, અંજલી, રિદ્ધિ, ધ્વનિ, હર્ષ, પાર્થ, પૂજન, વંદનના દાદી. કિમા વ્યાસ, રાહુલકુમાર પટેલ, હર્ષકુમાર ધ્રુવ, સાગરકુમાર દોશીના દાદીસાસુ. ગં. સ્વ. ઇન્દુબેન, સ્વ, કોકીલાબેન, સ્વ. જયાબેન, ગં. સ્વ. કૈલાસબેનના ભાભી. બ્રહ્મપુરી નિવાસી સ્વ. કમળાબેન નરોતદાસ વ્યાસની સુપુત્રી. પ્રાર્થનાસભા તા. ૨૫-૪-૨૬ શનિવારે સાંજે ૫થી ૭. ઠે. સોની વાડી, સિમ્પોલી ક્રોસ લેન, ઓફ એસ. વી. રોડ, બોરીવલી (વેસ્ટ) પિયર પક્ષની સાદડી સ્વ. નરોતમદાસ કોદરલાલ વ્યાસ તરફથી રાખેલ છે.

**ક્ષત્રિય સુતાર**

મૂળ ગામ લુણાવાડા હાલ કાંદિવલી, રાજ (ઉં. વ. ૩૪ ) તે સ્વ શાંતિલાલ શિવરામ મિસ્ત્રીના પૌત્ર તથા કિરણબેન જીતેન્દ્ર મિસ્ત્રીના પુત્ર. સ્વ. પુષ્પાબેન નરોત્તમદાસ મહેતાના દોહિત્ર, સ્વ. ભારતીબેન જમનાદાસ ગણાત્રા, કિશોરીબેન પ્રકાશકુમાર લાખાણી, સરોજબેન રમેશચંદ્ર મજીઠીયા, રક્ષાબેન નરેશકુમાર રાયઠઠાઅને વિપુલ મહેતાના ભાણેજ. ગુરૂવાર તા. ૨૩.૦૪.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજીયા સોની**

મૂળ ગામ જૂના સાવરવાળા, હાલ બોરીવલી, કાંતિલાલ અમૃતલાલ સાગર (ઉં. વ. ૭૭) તા. ૨૩/૦૪/૨૦૨૬, ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ભાનુબેનના પતિ, સ્વ. અમૃતલાલ આત્મારામ ધકાણ ગઢડાવાળાના જમાઈ, સ્વ કુંદનબેન ભાસ્કરભાઈ ધકાણ, સ્વ. ઇન્દુબેન પ્રમોદભાઈ ધકાણ, ભગવાનભાઈ, અનુભાઈ, સ્વ. જનકભાઈ, અશોકભાઈના ભાઈ, પુષ્પાબેન મુકેશભાઈ ધોરડા, કિરણબેન પરેશભાઈ થડેશ્વર, પ્રમોદભાઈ, દીપકભાઈ, રાકેશભાઈના પિતા, પ્રીતિબેન, કિન્નરીબેન, હર્ષિતાબેનના સસરા. પ્રાર્થનાસભા તા. ૨૫/૦૪/૨૦૨૬, શનિવારના રોજ સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦. સ્થળઃ સોનીવાડી, શિપોલી રોડ, બોરીવલી.

**કપોળ**

તણસાવાળા હાલ જુહુ, ગ.સ્વ. ભારતીબેન પ્રતાપરાય મથુરિયા (ઉં. વ. ૮૦) તા. ૨૦-૪-૨૦૨૬ના સોમવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રમાબેન ભગવાનદાસ મહેતાના પુત્રી, મિતાના સાસુ, જીતેન, નયના હિરેન કાણકિયા, કલ્પના તુષાર મહેતાના મમ્મી. રિશી તનીશ, ધ્રુવેશ-કૃતિ, ફોરમ-સાર્થક, ઋષિ-હેતવી, ચૈતન્ય-પ્રિયંકાના બા. સ્વ. સુરેશભાઈ, સ્વ. સતીશભાઈ, રાજેશભાઈ, સ્વ. ચંદ્રબાળાબેન, ગં.સ્વ. અરુણાબેન મુકુંદભાઈ મહેતા, ગં.સ્વ. મૃદુલાબેન શશીકાંત ચિતલિયા, જ્યોસનાબેન સુરેન્દ્ર મહેતાના બહેન. પ્રાર્થનાસભા તા. ૨૫-૪-૨૬ના શનિવારે સાંજે ૫ થી ૭. આઈએમએ હોલ, જુહુ શોપર્સ સ્ટોપ, જેવીપીડી, મુંબઈ પાસે. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**લુહાર સુથાર**

ગામ રાજુલા વાળા હાલ દહિસર, સ્વ. નથુભાઈ ભુરાભાઇ પરમારના પુત્રવધૂ. અ. સૌ માલતીબેન ધીરજલાલ પરમાર (ઉં. વ. ૭૦) તે ૨૨/૪/૨૬ના રામશરણ પામેલ છે. તે વૈશાલી, તેજલ તથા ધ્રુવના માતુશ્રી. આકૃતિના સાસુ. સ્વ. મગનભાઈ, સ્વ. શાંતિભાઈ, સ્વ. લવજીભાઈ, ઈશ્વરભાઈ, મંજુબેન, જસુમતિબેન, પુષ્પાબેનના ભાભી. ગામ વિછિયાવાળા સ્વ. વશરામ ઝવેરભાઈ ડોડીયાના દીકરી. તેમની પ્રાર્થનાસભા ૨૭/૪/૨૬ ના રોજ ૫ થી ૭ કલાકે લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબા માતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ રાખેલ છે.

**કપોળ**

રાજુલાવાળા, હાલ બોરીવલી, ગં.સ્વ. ઈંદુમતી હિમતલાલ ભુતા (ઉં. વ. ૮૩) તે સ્વ. શાંતાબેન શાંતિલાલ ભુતા તથા સ્વ. શાંતાબેન શામળદાસ ભુતાના દેરાણી, ભારતીબેન પ્રતાપરાય સંઘવીનાં કાકી. કલ્પેશ તથા રૂપલ હિતેશકુમાર મોદી, પારુલ ભરતકુમાર ગોરડિયા તથા સ્વ. છાયાના માતુશ્રી, ગીતાનાં સાસુ. પિયરપક્ષે કાંતિલાલ હરિદાસ ગાંધીનાં દીકરી. મોસાળપક્ષે અમરેલીવાળા સ્વ. જેઠાલાલ મોહનલાલ પટેલનાં ભાણેજ. તા. ૨૪-૪-૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની લૌકિક ક્રિયા બંધ છે.

## પારસી મરણ

દારા દિનશા અવારી તે જરુના ધની. તે મરહુમો દોસામાય દિનશા અવારીના દીકરા. તે નેવીલના પપા. તે ઝકસીસ ને બેપસીના ભાઇ. તે મોનાઝ, પરસી, શીરાઝના કાકા. તે ગુલશનના ફૂઆ. (ઉં. વ. ૯૨) રે. ઠે. એ-૪, ડાયમન્ડ કોર્ટ, ૪૦ નેપીયન્સી રોડ, માતરુ આશીશ સામે, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૫-૪-૨૬ના દીને બપોરે ૩.૪૫ વાગે, ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

કેતી બેહરામ નુશઇન તે મરહુમ બેહરામના ધનીયાની. તે મરહુમો હોમાય ફરામરોઝ ભુરેખાનના દીકરી. તે તીનાઝ ને શાહરુખના માતાજી. તે નીલુફરના સાસુ. તે યાસમીન, નેલી, મેહરુના બહેન. તે અરશાન, રાઇના ને રયોમંદ ગંદેવીયાના બપઇજી. (ઉં. વ. ૮૬) રે. ઠે. જહાંગીર મેનશન, ત્રીજે માળે, આનંદીલાલ પોદ્દાર માર્ગ, મુંબઇ-૪૦૦૦૨૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૫-૪-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે, વાડીયાજી આતશબેહરામમાં છેજી.

## જૈન મરણ

**કચ્છી દશા શ્રીમાળી જૈન**

અંજાર નિવાસી હાલ બોરીવલી સ્વ. કનુભાઇ જાદવજી ગાંધીના પત્ની. ગં. સ્વ. તારામતી કનુભાઇ ગાંધી (ઉં. વ. ૯૫) તે અજય અને ડો. યોગેશના માતુશ્રી. મીરા તેમ જ ડો. પારુલના સાસુ. ચિ. જીગર અને પ્રિયાંશુના દાદી અને ડો. અદીતિના સાસુ. અરિહંતશરણ પામેલ છે. તે જેઠાલાલ વનેચંદ સંઘવી અને કાંતાબેન ચંદુલાલ શેઠના બહેન. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

લીંબડી નિવાસી હાલ ચેમ્બુર બીપીનભાઇ (બંસીભાઇ) (ઉં. વ. ૭૯) તા. ૨૪-૪-૨૬ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ધીરજબેન પ્રાણલાલ તલસાણિયાના પુત્ર. જ્યોતિબેનના પતિ. સ્વ. દેવાંગ અને સ્વ. કલ્પેશના પિતા. રૂપલના સસરા. ડો. કિર્તીભાઇ, નયનાબેન અશોકભાઇ શાહ તથા લતાબેન કિશોરભાઇ ઠોસાણીના ભાઇ. સ્વ. રંજનબેન પ્રમોદલાલ શેઠના જમાઇ. ભાવયાત્રા તા. ૨૬-૪-૨૬ના રવિવાર. ઠે. હિંગવાળાલેન, સ્થા. ઉપાશ્રય, ૨જે માળે, ઘાટકોપર (ઇસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

લુવારિયા નિવાસી હાલ મુલુંડ સ્વ. રમણીકલાલ દુર્લભદાસ પાનાચંદ વોરાના ધર્મપત્ની દમયંતીબેન (ઉં.વ.૮૨) ગુરુવાર, તા. ૨૩-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રાણલાલભાઇ-નિર્મળાબેન, સ્વ. જયસુખભાઇ-જશુમતીબેન, જશવંતભાઇ-પદમાબેન, સ્વ. નિર્મળાબેન, કાન્તાબેન, શારદાબેન, કળાબેનના ભાભી. કમલેશભાઇ-પાયલ, બિંદુ ચંદ્રકાંતકુમાર, કિરણ હિમાંશુકુમાર, ચૈતાલી સંદીપકુમાર, હેમાલી નીલેશકુમારના માતુશ્રી. ઋષભ-વીરતી, પ્રતીક, હિનલ, લબ્ધિ, ધૈર્ય, વત્સલ, નૈતિક, હિયાના દાદી-નાની. પિયર પક્ષે મહેતા મગનલાલ વીરજી બાબરાવાળાના દીકરી. સાદડી ને લૌકિક વ્યવહાર રાખેલ નથી. ઠે. કમલેશ રમણીકલાલ વોરા, ૨૦૪, યમુના હાઇટ્સ, વિતરાગ દર્શન બિલ્ડિંગની પાછળ, તાંબેનગર, મુલુંડ (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ચલાલા નિવાસી હાલ ઘાટકોપર શેઠ મણીલાલ લક્ષ્મીચંદ દોશીના સુપુત્ર નરેન્દ્રભાઇ (ઉં. વ. ૭૮) તે ભારતીબેનના પતિ. સોહીલના પિતા. પાયલના સસરા. નવીનભાઇ, બીપીનભાઇ, બટુકભાઇ, ચંદ્રાબેન, દમુબેન, રેખાબેનના ભાઇ, સસરા પક્ષે જેચંદભાઇ લલ્લુભાઇ શાહ રાજપરાવાળા (અનીલભાઇ બેંગલોર)ના બનેવી તા. ૨૩-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષની સાદડી તા. ૨૫-૪-૨૬ના સાંજે ૪થી ૫.૩૦. ઠે. ઘાટકોપર બ્રાહ્મણ સમાજ, જોશી લેન, એમ. જી. રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**વિશા ઓસવાલ જૈન**

અ. સૌ કોકિલાબેન મીનેષભાઈ ઝવેરી (ઉં. વ.૭૫) તે સ્વ. સુમનબેન તથા સુરાભાઈ મણીભાઈ ઝવેરીના પુત્રવધુ, સ્વ. ચંપાબેન વાડીલાલ ઉજમશી શાહના દીકરી. સુકેતુ, સુરેખા, ઋષિ, દક્ષા, બીનોય, પારુલના ભાભી. સિદ્ધાર્થ કિંજલ, અમિત સોના, અમિતા શકીલના માતુશ્રી, પિયરપક્ષે મહેન્દ્રભાઈ, અશોકભાઈ, કિશોરભાઈ, ભરતભાઈના બહેન. પ્રાર્થનાસભા ૨૫/૪/૨૬ના ૩.૩૦ થી ૫.૩૦. સર્વોદય હોલ, શ્રી વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ બોરીવલી વેસ્ટ.

**મોરબી દશાશ્રીમાળી દેરાવાસી જૈન**

મોરબી નિવાસી હાલ તિલકનગર ચેમ્બુર, સ્વ. નગીનદાસ કાશીદાસ દોશીના ધર્મપત્ની ભાનુબેન નગીનદાસ દોશી (ઉં. વ. ૮૬), ગુરુવાર તા. ૨૩-૦૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે નયનભાઈ, ભાવેશભાઈ અને જીજ્ઞા ગુડકા (પિન્કીબેન) ના માતુશ્રી, અ.સૌ. બિનલબેન, અ.સૌ. નીપાબેન અને વીરેનભાઈ ગુડકાના સાસુ, ફિલોની, પ્રશિલ, પ્રિષા, આર્ય અને ક્ષમાના દાદી, માળિયા નિવાસી વનેચંદભાઈ લવજીભાઇ મેહતાના દીકરી. તેમની પ્રાર્થનાસભા બને પક્ષ તરફથી તા. ૨૫-૦૪-૨૬ના શનિવારના રોજ ૪ થી ૫.૩૦. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડીયાનગર, ઘાટકોપર. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પ્રભાસ પાટણ જૈન**

પ્રભાસ પાટણ નિવાસી હાલ વાલકેશ્વર મુંબઈ, અશ્વિનભાઈ મણીલાલ (શેસ્કરન) શાહ (ઉં. વ. ૭૨) તા. ૨૩/૪/૨૬ ગુરૂવારના અરીહંતશરણ પામેલ છે. તે કિશોરીબેનના પતિ, કૌશલ, કલ્પેશના પિતા, દિપાલીના સસરા, શકુંતલાબેન હરેશભાઈના ભાઈ, અલકાબેન જીતેન્દ્રભાઈના જેઠ, શ્વસુરપક્ષે જયંતીલાલ ભોગીલાલ શાહના જમાઈ, પ્રાર્થનાસભા શનિવાર ૨૫/૪/૨૬ના ૩ થી ૫. ભારતીય વિદ્યાભવન ચોપાટી.

**વિશા નીમાં જૈન**

કપડવંજ નિવાસી હાલ મુંબઈ, સ્વ. અશોકભાઇ જયંતીલાલ શાહના પત્ની શકુંતલાબેન (ઉ.વ.૮૦) ૨૩.૪.૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સિમોલ (પિંકી)અને આનલના મમ્મી, રવિન્દ્ર અને દીપેન્દ્રના સાસુ, ટીયા,પીહુ અને કાયરાના નાની. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન**

ચીઆસરના અ.સૌ. લક્ષ્મીબેન દિલીપ મારૂ (ઉં. વ. ૬૩) તા. ૨૩-૪ના અવસાન પામેલ છે. કેસરબેન રતનશી દેવરાજના પુત્રવધુ. દિલીપ રતનશીના પત્ની. પ્રતિક, વિંકીતા (વિધી) ના માતુશ્રી. મકડાના ધનબાઇ હરશીના સુપુત્રી. ડુંગરશી, વલ્લભજી, મણીલાલ, તલકશી, દામજી, ગોવિંદજી, પ્રવિણ, મોથારા પ્રેમીલા જયંતીલાલના બહેન. પ્રાર્થના : શ્રી ક.વિ.ઓ. દે. જૈ. મહાજન સં. શ્રી જીરાવલ્લા દેરાસર - વાડી, દેરાસર લેન, ઘાટકોપર (ઇસ્ટ), ટા. બપોરે ૩.૩૦ થી ૫. હાડકાં, માંસપેશીઓ, ત્વચા અને નેત્ર દાન કરેલ છે.

બેરાજાના અ.સૌ. જ્યોતિ (જયવંતી) સૂર્યકાંત કક્કા (ઉં. વ. ૬૭) તા.૨૩/૪/૨૬ના અવસાન પામેલ છે. અમૃતબેન દામજીના પુત્રવધુ. વિરલ, અંકિતના માતુશ્રી. કાંડાગરા રતનબેન (ભચીબેન) રામજી હિરજી ગાલાના પુત્રી. ઝવેરચંદ, જેઠાલાલના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન, ચક્ષુદાન, હાડકાદાન કરેલ છે. નિ. સૂર્યકાંત કક્કા, ૭, શ્રી દર્શન, વાલજી લધા ક્રોસ રોડ,મુલુંડ (વેસ્ટ), મું. ૮૦.

પાચમાં પાનાનું ચાલુ

### અંડર કન્સ્ટ્રકશન બિલ્ડિંગની

ઢંકેલી વોટર ટેન્કમાં પડી ગઇ હતી. તેને બચાવવાના પ્રયાસમાં અન્ય લોકો પણ વોટર ટેન્કમાં પડી ગયા હતા.

આ દુર્ઘટનામાં એકનું મોત થયું હતું. ભાંડુપ પોલીસ સ્ટેશનમાં સંબંધિત ડેવલપર સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

આ દુર્ઘટના ગુરુવારે રાતના ભાંડુપ પશ્ચિમમાં જનતા માર્કેટમાં મેટ્રો મોલ નજીક બની રહેલી સ્લમ રીહેબિલિટેશન ઓથોરિટીની બિલ્ડિંગ (એસઆરએ)નજીક બની હતી.

પોલીસના જણાવ્યા મુજબ ગુરુવારે, ૨૩ એપ્રિલના મોડી રાતના ૧૧.૧૫ વાગે ભાંડુપ પશ્ચિમમાં કાકા પેટ્રોલ પંપ પાછળ માતોશ્રી મૅરેજ હૉલ એક યુવતીની છેડતી કરવામાં આવી હતી અને તેના પરથી મોટો વિવાદ થયા બાદ છેડતી કરનારા અજાણ્યા યુવક ભાગી છૂટયો હતો.

આ યુવકને પકડવા માટે મૅરેજ હૉલમાં રહેલા અન્ય લોકો તેની પાછળ દોડતા નજીકમાં આવેલી એક એસઆરએ બની રહેલી બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર પહોંચી ગયા હતા અને ત્યાં યુવક નહીં દેખાતા ત્યાથી તેઓ આગળ જતા ત્યાં લાકડાના પાટિયાથી તેમ જ પતરાથી ઢંકેલી અંડર કન્સ્ટ્રકશન વોટર ટેન્કમાં આ ગ્રૂપમાનો એક યુવક અંદર પડી ગયો હતો. તેને વોટર ટેંકમાંથી બહાર કાઢવા તેની પાછળ ગયેલા અન્ય લોકો પણ આ ટેંકમાં પડી ગયા હતા. આ ગ્રૂપના કુલ છ વ્યક્તિ અને તેની પાછળ કન્સ્ટ્રકશન સાઈટ પર રહેલા ત્રણ મજૂરો સહિત કુલ નવ લોકો જખમી થયા હતા.

ઘટનાની જાણ થતા પોલીસ સહિત ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને તમામ લોકોને બહાર કાઢયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ કુલ નવ લોકો જખમી થયા હતા, તેમાંથી ૨૫ વર્ષનો ભાલચંદ્ર ગણેશ પલ્લા ગંભીર રીતે જખમી થતા તેને નજીક આવેલી ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. તો બાકીના આઠ લોકો જખમી થતા તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ■

### સ્કિઝોફ્રેનિયાથી પીડાતા

પીડાતી વ્યક્તિની વિચાર કરવાની ક્ષમતા, ભાવના વ્યક્ત કરવાની પદ્ધતિ પૂર્ણપણે બદલાઈ જાય છે. જેવું વિચારે તેવું જ એ કરે. પરિણામે રીલ જોઈને તેનું અનુકરણ કરવાના પ્રયાસમાં આ ઘટના બની હોવાનું કહેવાય છે.

ઘટના ૧૫ એપ્રિલની મધરાત બાદ બની હતી. જમીને પરિવાર સૂઈ ગયા પછી લગભગ બે વાગ્યાની આસપાસ બાળકી રડવા લાગી હતી. રડવાનો અવાજ સાંભળી ઊંઘમાંથી જાગેલાં માતા-પિતા ડઘાઈ ગયાં હતાં. દીકરીના ગળામાંથી લોહી વહી રહ્યું હતું અને બાજુમાં દીકરો હાથમાં લોહીથી ખરડાયેલી છરી સાથે બેઠો હતો. પિતા વઢતાં જ પુત્ર ઘરમાંથી બહાર દોડી ગયો હતો.

લોહીલુહાણ હાલતમાં બાળકીને પહેલાં નજીકની ખાનગી હૉસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જોકે તેની હાલત નાજુક હોવાથી ડૉક્ટરે બાળકીને કલવાની છત્રપતિ શિવાજી મહારાજ હૉસ્પિટલમાં દાખલ કરવાની સલાહ આપી હતી. હૉસ્પિટલમાં બાળકી સારવાર હેઠળ હતી ત્યારે મુંબ્રા પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી હતી.

કહેવાય છે કે બાળકી વાત કરવાની સ્થિતિમાં ન હોવાથી પોલીસે શરૂઆતમાં એડીઆર નોંધ્યો હતો. દરમિયાન ૧૯ એપ્રિલની સવારે ૯.૩૦ વાગ્યાની આસપાસ બાળકીનું મૃત્યુ થયું હતું. આ પ્રકરણે બાળકીના વડીલો ફરિયાદ નોંધાવવા તૈયાર નહોતા, પરિણામે પોલીસે જાતે જ ફરિયાદ નોંધી હતી.

પ્રાથમિક પૂછપરછમાં પિતાએ પોલીસને કહ્યું હતું કે વિશ્વાસમાં લઈ પુત્રને પૂછતાં ચોંકાવનારી જાણકારી મળી હતી. સગીરને મોબાઈલ ફોનમાં રીલ જોવાની આદત હતી. એક રીલમાં વ્યક્તિને તલવાર ફેરવતી જોઈ તે જ રીતે છરી ફેરવવાનો પ્રયાસ સગીરે કર્યો હતો. ભૂલથી છરી બહેનના ગળા પર ફરી વળી હતી, એવું સગીરે પિતાને કહ્યું હતું. સગીરની છેલ્લાં બે વર્ષથી સારવાર ચાલી રહી હોવાનું પોલીસનું કહેવું છે. ■

### શું ફડણવીસ સરકારમાં

બાદ, સુનેત્રા પવારે નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા. જોકે, રાજ્યનું બજેટ કોણ રજૂ કરશે તે પ્રશ્ન મહાયુતિ સમક્ષ ઉભો થઈ રહ્યો હતો. તે સમયે, ફડણવીસે નાણા વિભાગનો ભાર અને બજેટ રજૂ કરવાની જવાબદારી પણ સંભાળી હતી. હવે, આ નાણા વિભાગને કારણે મહાયુતિમાં મોટા ફેરફારોની શક્યતા વધી ગઈ છે. અજિત પવાર પછી, નાણા વિભાગ ભાજપ પાસે ગયો, પરંતુ આ વિભાગ કાયમ માટે ભાજપ પાસે રાખવાના પ્રયાસો ચાલી રહ્યા છે. બીજી તરફ, એવી ચર્ચા છે કે એનસીપી નેતાઓએ પણ નાણા વિભાગ છોડવાની તૈયારી બતાવી છે અને બદલામાં મહેસૂલ વિભાગ માગ્યો છે.

તેથી, ભાજપ માટે મહેસૂલ વિભાગ મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુલેને સોંપવાનો સમય આવી શકે છે. મુખ્ય પ્રધાન ફડણવીસ નાણાં વિભાગ પોતાની પાસે રાખશે. બદલામાં, એનસીપીને ચંદ્રશેખર બાવનકુલેનો મહેસૂલ વિભાગ આપવામાં આવશે. બાવનકુલેનું સન્માન જાળવવા માટે, તેમને ફડણવીસનો ઉર્જા વિભાગ આપી શકાય છે. બાવનકુલે ભૂતકાળમાં ઉર્જા વિભાગનો હવાલો સંભાળી ચૂક્યા છે, તેથી તે અનુભવ તેમની પાસે છે. ફક્ત ભાજપ અને એનસીપી વચ્ચે જ અદલાબદલી થશે નહીં. શિવસેનાના સામાજિક ન્યાય અને પર્યટન વિભાગના પ્રધાનો પણ બદલી શકાય છે. તેથી, પ્રધાન સંજય શિરસાટને સામાજિક ન્યાય વિભાગ અને પ્રવાસન વિભાગના પ્રધાન શંભુરાજ દેસાઈ પાસેના પ્રવાસન વિભાગની જવાબદારી બીજા કોઈને સોંપી શકાય છે.

રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે મહાયુતિમાં પ્રધાનપદોમાં ફેરફાર થશે. જોકે, ભાજપ અને એનસીપીના નેતાઓએ આ વાતને નકારી કાઢી છે. દરમિયાન, કેબિનેટમાં ફેરફાર કરવાની ચર્ચા માટે વિપક્ષની ટીકા થઈ રહી છે. નાના પટોલેએ કહ્યું છે કે મહાયુતિના પક્ષો ડેરી વિભાગ કોને મળશે તે અંગે સ્પર્ધા કરી રહ્યા છે અને ડેરી વિભાગ માટે સરકારમાં સ્પર્ધા ચાલી રહી છે. અજિત પવારના મૃત્યુ પછી, મુખ્ય પ્રધાન ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સુનેત્રા પવારને બચાવી લીધા હતા. વધુમાં, ફડણવીસે ભવિષ્યમાં પણ સુનેત્રા પવારને મજબૂત ટેકો આપવાનું વચન આપ્યું છે. જોકે, ફડણવીસ એ પણ સુનિશ્ચિત કરવા માગે છે કે વિભાગ ફાળવણી માટેની સ્પર્ધા એનસીપી સાથેના સંબંધોમાં ખટાશ ન લાવે. ■

### મહિલા સહકર્મીને

હાજર કરવામાં આવ્યો હતો, જ્યાં તેને ૨૮ એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર આરોપી અને ૧૯ વર્ષની ફરિયાદી એક જ કંપનીમાં કામ કરતાં હતાં અને આરોપીએ એક કોમન વ્હૉટ્સઍપ ગ્રૂપ પરથી ફરિયાદીનો મોબાઇલ નંબર મેળવ્યો હતો. આરોપીએ શરૂઆતમાં ફરિયાદીની બે બહેનપણીને અશ્લીલ મેસેજ મોકલ્યા હતા, પણ આરોપીનો મોબાઇલ નંબર તેમણે બ્લૉક કરી દીધા બાદ તે ફરિયાદીને મેસેજ મોકલવા લાગ્યો હતો.

ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે તેના મોબાઇલ પર આરોપી અશ્લીલ વીડિયો મોકલતો હતો અને શારીરિક સંબંધ બાંધવાની માગણી કરતો હતો. તેને મઝગાંવમાં મળવા માટે વારંવાર બોલાવતો હતો અને લોજ બૂક કરવાની વાત કરતો હતો. તે વીડિયો કૉલ કરી અશ્લીલ હાવભાવ કરતો હતો, તેણે ઘણી વાર ફરિયાદીનો પીછો કર્યો હતો, એવો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આરોપી ચોક્કસ સમુદાયની યુવતીઓને નિશાન બનાવતો હતો અને તેમને અશ્લીલ વીડિયો મોકલતો હતો. ફરિયાદીના પિતાએ આક્ષેપ કર્યો હતો કે તેની દીકરીનો મોબાઇલ નંબર આરોપીએ કંપનીના વ્હૉટ્સઍપ ગ્રૂપ પરથી મેળવ્યો હતો અને તેણે અત્યાર સુધી ત્રણ યુવતીને નિશાન બનાવી હતી. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ફરજિયાત મરાઠી સામે રિક્ષા-ટેક્સી ચાલકોએ હડતાળની ચીમકી આપી, પણ પરિવહન વિભાગ દ્વારા માસ્ટરસ્ટ્રોક!

## ત્રણ નિયમો જ બદલીને વધુ કડક બનાવ્યા

મુંબઈ: મહારાષ્ટ્રમાં પહેલી મેથી પરિવહન વિભાગ રિક્ષા-ટેક્સી ડ્રાઇવર પરમિટ માટે ફરજિયાત મરાઠી નિયમનો કડક અમલ કરશે. આ અમલીકરણ સામે રિક્ષા-ટેક્સી ડ્રાઇવરોએ ચોથી મેથી હડતાળ પર જવાની ચીમકી આપી છે. તો બીજી તરફ પરિવહન વિભાગે નિયમોનું એક્સલેટર દબાવ્યું છે. તે રિક્ષા-ટેક્સી પરમિટ માટે ત્રણ નિયમોમાં ફેરફાર કરવા જઈ રહ્યું છે.

મહારાષ્ટ્ર સરકારે રાજ્યમાં જાહેર પરિવહન સેવાઓને વધુ કાર્યક્ષમ અને મુસાફરોની સુગમતા માટે એક ઐતિહાસિક પગલું ભર્યું છે. રિક્ષા, ટેક્સી અને અન્ય જાહેર પરિવહનના ચાલકો માટે મરાઠી ભાષાનું કાર્યકારી જ્ઞાન ફરજિયાત બનાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ જોગવાઈ મહારાષ્ટ્ર મોટર વાહન નિયમો, ૧૯૮૯ માં સુધારો કરીને લાગુ કરવામાં આવશે. રાજ્ય પરિવહન કમિશનર દ્વારા ગૃહ વિભાગને સુપરત કરાયેલા પ્રસ્તાવ મુજબ મોટર વાહન નિયમો ૪, ૭૮ અને ૮૫ માં સુધારા પ્રસ્તાવિત છે. આ સુધારાઓ સાથે, લાઇસન્સિંગ ઓથોરિટી (આરટીઓ ) પાસે હવે ડ્રાઇવરના ચારિત્ર્ય તેમજ તે મરાઠી જાણે છે કે નહીં તે તપાસવાની સત્તા હશે.

પ્રસ્તાવિત ફેરફારોના મુખ્ય મુદ્દાઓ :- ફરજિયાત મરાઠી જ્ઞાન: જાહેર પરિવહન વાહન ચલાવવાનું લાઇસન્સ મેળવવા માટે મરાઠીનું મૂળભૂત જ્ઞાન હોવું જરૂરી રહેશે. - રિક્ષા-ટેક્સી ડ્રાઇવરો પર ખાસ ધ્યાન: મીટરવાળી કેબ, ખાસ કરીને ઓટો રિક્ષા અને ટેક્સી ડ્રાઇવરો માટે લાઇસન્સિંગ શરતોમાં મરાઠી ભાષાનો સમાવેશ કરવામાં આવશે.

- રીન્યુઅલ સમયે ફરજિયાત: લાયસન્સ રીન્યુઅલ સમયે ડ્રાઇવરોએ પોતાને મરાઠીનું જ્ઞાન હોવાનું સાબિત કરવું પડશે. રાજ્યની બહારથી આવીને વ્યવસાય કરતા ઘણા ડ્રાઇવરોને સ્થાનિક ભાષા ન આવડતી હોવાથી મુસાફરો સાથે વાતચીત કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આના કારણે ઘણીવાર વિવાદો પણ થાય છે. પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે આ નિર્ણયનું સ્વાગત કર્યું છે. આ નિયમોનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે અને નાગરિકો પાસેથી વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા છે. સરકાર સૂચના પ્રકાશિત થયાના ૩૦ દિવસની અંદર પ્રાપ્ત સૂચનો પર વિચાર કર્યા પછી અંતિમ નિર્ણય લેશે. ■

## હું મરાઠી બોલું છું, મારી રિક્ષામાં બેસો!




મુંબઇ: રાજ્ય સરકાર દ્વારા રિક્ષા અને ટેક્સી ચાલકો માટે 'ફરજિયાત મરાઠી 'ના નિર્ણયને હવે સમર્થન મળી રહ્યું છે.

હવે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના આ નિર્ણયના સમર્થનમાં ઉતરી છે અને મનસે દ્વારા અંધેરી પશ્ચિમમાં રિક્ષાઓ પર સ્ટીકરો લગાવવાનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનને મુસાફરો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો હોવાનું બહાર આવ્યું છે. આ ઝુંબેશ મનસેના અંધેરી પશ્ચિમ વિભાગના પ્રમુખ મનીષ ધુરી અને મનસે (મહારાષ્ટ્ર નવનિર્માણ વિદ્યાર્થી સેના)ના ઉપાધ્યક્ષ કુશલ ધુરીના નેતૃત્વમાં અમલમાં મૂકવામાં આવી રહી છે.

આ ઝુંબેશમાં રિક્ષાની પાછળ સ્ટીકરો લગાવવામાં આવે છે. આ સ્ટીકરો પર સ્પષ્ટ અને બોલ્ડ શબ્દોમાં સંદેશ આપવામાં આવ્યો છે. ''હું મરાઠી બોલું છું, હું મરાઠી સમજું છું, આવો મારી રિક્ષામાં બેસો!'' કેટલાક બિન મરાઠી રિક્ષા સંગઠનોએ આ નિર્ણયનો વિરોધ કર્યો છે, તો મનસેના આ પગલાથી મરાઠી ભાષી રિક્ષા ચાલકોમાં ઉત્સાહનું વાતાવરણ ઉભું થયું છે. મનસેના આ 'સ્ટીકર' ઝુંબેશને કારણે, મુંબઈમાં 'મરાઠી વિરુદ્ધ અમરાઠી' વિવાદ ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. ■

# શું ફડણવીસ સરકારમાં ઊથલપાથલ જોવા મળશે?

## કેટલાક ખાતા ગુમાવશે: કેટલાકને નવી જવાબદારીઓ મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજકીય વર્તુળોમાં અત્યારે એવી ચર્ચા થઈ રહી છે કે મહાયુતિ સરકારમાં ત્રણે પક્ષોને ફાળવવામાં આવેલા પ્રધાનપદાંની આપ-લે કરવામાં આવી શકે છે. નાણાં વિભાગ મેળવવા માટે બે પક્ષો વચ્ચે ખેંચતાણ થઈ શકે છે. જો એનસીપીને નાણા વિભાગ છોડવો પડ્યો છે તો તેઓ મહેસૂલ વિભાગ માટે આગ્રહ રાખી શકે છે. તેથી, હાલમાં આ લડાઈમાં કયા પ્રધાનો હારી શકે છે તે અંગે ચર્ચા ચાલી રહી છે. કેટલાક પ્રધાનોના વિભાગો પાછા ખેંચી લેવામાં આવી શકે છે. જ્યારે કેટલાક પ્રધાનોને બદલવાની ચર્ચા ચાલી રહી છે.

અજીત પવારના અકાળે નિધન

(જુઓ પાનું ૪) ▸▸

# સ્કિઝોફ્રેનિયાથી પીડાતા સગીરે 'રીલ' જોઈને બહેનના ગળા પર છરી ફેરવી

## આઠ વર્ષની માસૂમે ત્રણ દિવસની સારવાર પછી હૉસ્પિટલમાં દમ તોડ્યો

થાણે: થાણે જિલ્લાના મુંબ્રા પરિસરમાં બનેલી એક ઘટનાએ સોશ્યલ મીડિયા પાછળ ઘેલાં બનેલાં બાળકોના વડીલોને વિચારતા કરી મૂક્યા છે. સ્કિઝોફ્રેનિયાથી પીડાતા ૧૬ વર્ષના સગીરે મોબાઈલ ફોનમાં 'રીલ' જોઈને આઠ વર્ષની બહેનના ગળા પર છરી ફેરવી દીધી હતી. ગંભીર અવસ્થામાં હૉસ્પિટલમાં દાખલ કરાયેલી બાળકીનું સારવાર દરમિયાન ત્રીજે દિવસે મૃત્યુ થતાં પોલીસે સગીર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

મળતી માહિતી અનુસાર આઠ વર્ષની બાળકી ભાઈ અને માતા-પિતા સાથે મુંબ્રામાં રહેતી હતી. બાળકીના પિતા શિક્ષક છે, જ્યારે ભાઈ સ્કિઝોફ્રેનિયાથી પીડાય છે. સ્કિઝોફ્રેનિયાથી

(જુઓ પાનું ૪) ▸▸

# મહિલા સહકર્મીને અશ્લીલ વીડિયો પાઠવીને શારીરિક સંબંધની માગણી કરનારો ઝડપાયો

## આરોપી મુખ્યત્વે હિન્દુ યુવતીઓને નિશાન બનાવતો હતો

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં ખાનગી કંપનીમાં કામ કરતી મહિલા સહકર્મીનો પીછો કરવા, તેને અશ્લીલ વીડિયો મોકલી શારીરિક સંબંધની માગણી કરવા બદલ ૨૪ વર્ષના યુવકની ધરપકડ કરવામાં આવી હતી. મહિલા સહકર્મીને આરોપી વારંવાર મળવા બોલાવતો હતો અને તેના નિવસ્ત્ર ફોટા મોકલવાનું પણ આરોપીએ કહ્યું હતું. આરોપી મુખ્યત્વે હિન્દુ યુવતીઓને નિશાન બનાવતો હતો, એમ સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

આગ્રીપાડા પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદને આધારે પોલીસે શિવડી ક્રોસ રોડ ખાતે રહેતા અશરફ નામના યુવક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો અને તેને ગુરુવારે મોડી રાતે પકડી પાડવામાં આવ્યો હતો. ધરપકડ બાદ આરોપીને સ્થાનિક અદાલતમાં

(જુઓ પાનું ૪) ▸▸

# અંડર કન્સ્ટ્રક્શન બિલ્ડિંગની સાઈટના ખાડામાં ૧૦ પડયાં : એકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ: ભાંડુપ પશ્ચિમમાં એક વિચિત્ર ઘટના બની હતી, જેમાં લગ્ન સમારંભમાં એક યુવતીની છેડતી કરનારા યુવક સાથે થયેલા વિવાદ બાદ ત્યાં હાજર લોકો તેને પકડવા માટે દોડ્યા હતા. યુવક દોડીને થોડે દૂર આવેલી કન્સ્ટ્રક્શન સાઇટ પર પહોંચી ગયો હતો. યુવકને શોધવા લોકો પણ ત્યાં દોડી ગયા હતા. એ સમયે કન્સ્ટ્રક્શન સાઇટ પર એ લોકોમાંથી એક વ્યક્તિ લાકડાના પાટિયાથી

(જુઓ પાનું ૪) ▸▸

# કાંજુરમાર્ગમાં પ્રદૂષણ: બીએમસીની ઝાટકણી કાઢી હાઈ કોર્ટે

## ડમ્પિંગ ગ્રાઉન્ડ બંધ કરવાની ચેતવણી આપી

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે શુક્રવારે ઉપનગરીય કાંજુરમાર્ગમાં ડમ્પિંગ ગ્રાઉન્ડ બંધ કરવાનો આદેશ આપવાની ચેતવણી આપી હતી, સાથે જ આ વિસ્તારમાં પ્રદૂષણ અને આરોગ્યના જોખમ પ્રત્યે મહારાષ્ટ્ર સરકાર અને મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી)ના બેદરકાર વલણ બદલ ઝાટકણી કાઢી હતી.

ન્યાયમૂર્તિ ગિરીશ કુલકર્ણી અને ન્યાયમૂર્તિ આરતી સાઠેની ખંડપીઠે રાજ્ય સરકાર અને મહાનગરપાલિકાને ફટકાર લગાવતા કહ્યું કે જો બંધારણની કલમ ૨૧ હેઠળ જીવનના અધિકારનું ઉલ્લંઘન સિદ્ધ થશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. 'માનવ જીવનનું મહત્ત્વ સમજવાનો સમય આવી ગયો છે. અમે વિગતવાર આદેશ આપીશું . આ ડમ્પિંગ સાઈટ બંધ કરવા સિવાય કોઈ વિકલ્પ નથી રહેતો' એમ અદાલતે જણાવ્યું હતું.

ડમ્પિંગ ગ્રાઉન્ડની આસપાસના રહેવાસીઓ માટે પ્રદૂષણ, સતત દુર્ગંધ, ગેસ ઉત્સર્જન અને આરોગ્ય જોખમો અંગે ચિંતા વ્યક્ત કરતી અનેક અરજીઓની સુનાવણીઓ ખંડપીઠ સમક્ષ થઈ રહી હતી.

સ્થળ પરથી મિથેન ઉત્સર્જન પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો અને નોંધ્યું હતું કે આ ગેસ કાર્બન ડાયોક્સાઇડ કરતાં ઘણો વધુ હાનિકારક છે. વધુમાં ચેતવણી આપવામાં આવી છે કે જો કલમ ૨૧ હેઠળ જીવનના અધિકારનું ઉલ્લંઘન સાબિત થશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. ખંડપીઠે સરકાર અને નાગરિક સંસ્થાને પ્રદૂષણને કાબુમાં લેવા માટેના પગલાં દર્શાવતા સોગંદનામા રજૂ કરવાનો નિર્દેશ આપી આ મામલાની વધુ સુનાવણી સોમવાર પર મુલતવી રાખી હતી (પીટીઆઈ)■

# જાતીય શોષણના છઠ્ઠા કેસમાં ખરાતને ત્રણ દિવસની કસ્ટડી

નાશિક: નાશિકના સ્વઘોષિત જ્યોતીષી અશોક ખરાતને જાતીય શોષણના છઠ્ઠા કેસમાં કોર્ટે શુક્રવારે ૨૬ એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

મહિલાઓ સાથે કથિત દુષ્કર્મના કેસમાં 'ગૉડમૅન' ખરાતની ૧૮ માર્ચે ધરપકડ કરવામાં આવી હતી. આ કેસની તપાસ કરનારી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) એક પછી એક પાંચ કેસમાં ખરાતની ધરપકડ કરી ચૂકી હતી.

હવે એસઆઈટીએ ખરાતની છઠ્ઠા કેસમાં ધરપકડ કરતાં કોર્ટે તેને ત્રણ દિવસની કસ્ટડી સંભળાવી હતી. આ કેસમાં આરોપીએ અંગત સમસ્યાઓના નિરાકરણ માટે આવેલી મહિલા સાથે કુકર્મ કર્યું હતું.

ખરાતે મહિલાને કથિત ધમકી પણ આપી હતી કે તેની સાથે બનેલી ઘટનાની કોઈને જાણ કરી તો 'દૈવીશક્તિ'નો ઉપયોગ કરીને આખા પરિવારનો વિનાશ કરી નાખશે. ખરાતે મહિલા પાસેથી તેના પરિવારના સભ્યોનાં આધાર, પૅન કાર્ડ અને અન્ય દસ્તાવેજો લીધા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

કેસની ગંભીરતા પર પ્રકાશ પાડતાં તપાસકર્તા પક્ષે કોર્ટમાં જણાવ્યું હતું કે આરોપીએ ઘેનયુક્ત પાણી પીવા આપીને મહિલા સાથે દુષ્કર્મ કર્યું હતું. એ સિવાય અમુક વિધિ પણ મહિલા પાસે કરાવી હતી. પોલીસ આરોપીના નાણાંકીય વ્યવહારોની તપાસ કરી રહી છે. (પીટીઆઈ)■

# એનસીપીના નેતૃત્વની ત્રણ સ્તરે વહેંચણી: પરિવારના જ સભ્યોને સોંપાઇ જવાબદારી

મુંબઈ: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના પ્રમુખ અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના અકાળે અવસાન પછી પક્ષમાં સર્જાયેલી ખાલી જગ્યા ભરવા માટે પવાર પરિવારે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. રાજકીય વારસાને આગળ વધારવા માટે પરિવારમાં જવાબદારીઓનું ઔપચારિક વિતરણ નક્કી કરવામાં આવ્યું છે. આગામી સમયમાં પક્ષની સફર ત્રણ મુખ્ય સ્તર પર રહેશે. પવાર પરિવારે જવાબદારીઓનું વિતરણ કરી ત્રણ સ્તર પર નેતૃત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. પક્ષના કાર્યકરોમાં વ્યાપેલી અસ્વસ્થતા દૂર કરવા અને સંગઠનાત્મક માળખાને વધુ મજબૂત બનાવવા માટે સુનેત્રા પવાર, પાર્થ પવાર અને જય પવારને મહત્વપૂર્ણ રાજ્ય પદો સોંપવામાં આવ્યા છે.

સુનેત્રા પવાર: નાયબ મુખ્ય પ્રધાનઅને એનસીપીના પ્રમુખ તરીકે સુનેત્રા પવાર હવે પક્ષનો મુખ્ય ચહેરો હશે. તેમને સમગ્ર રાજ્યની જવાબદારી સોંપવામાં આવી છે. કાર્યકરોને સંગઠિત કરવા તેઓ રાજ્યનો પ્રવાસ કરશે. અજિત પવારના જનસંપર્ક અને વિકાસ કાર્યોના તોફાનને આગળ વધારવાનો તેમની સામે મોટો પડકાર રહેશે. પાર્થ પવાર: રાજ્યસભાના સંસદ સભ્ય પાર્થ પવારને મુંબઈ અને દિલ્હીની જવાબદારી સોંપવામાં આવી છે. પાર્થ પવાર મુંબઈથી કેન્દ્ર સરકાર સાથે સંકલન, રાષ્ટ્રીય રાજકારણ અને મહાગઠબંધનની અંદર સંકલન અને પાર્ટી સંગઠનને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. જય પવાર: પવારના ગઢ ગણાતા બારામતી અને પુણે ગ્રામ્યની સંપૂર્ણ જવાબદારી હવે જય પવારની રહેશે. સ્વર્ગસ્થ અજિત પવાર પછી આ સ્થળની જવાબદારી સંભાળવી એ જય પવાર માટે એક મોટો પડકાર હશે. જય પવાર સ્થાનિક કાર્યકરો સાથે વાતચીત કરવા, વિકાસ કાર્યો પર નજર રાખવા અને બારામતીમાં પ્રભુત્વ જાળવવાની જવાબદારી સંભાળશે.■

# કે.ઈ.એમ. હૉસ્પિટલમાં દર્દીની આત્મહત્યા

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત પરેલમાં આવેલી કે.ઈ.એમ. હૉસ્પિટલમાં શુક્રવારે બપોરના એક વાગ્યાની આસપાસ એક ૨૫ વર્ષના યુવકે ગળેફાંસો લગાવીને આત્મહત્યા કરી હતી. આ પ્રકરણમાં ભોઈવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આત્મહત્યાનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. પોલીસ આ બાબતે વધુ તપાસ કરી રહી હોવાનું માનવામાં આવે છે.

બ્લડ કેન્સરની સારવાર લઈ રહેલા ૨૫ વર્ષના યુવક પર છેલ્લાં એક મહિનાથી હૉસ્પિટલના હેમેટોલૉજી ડિપાર્ટમેન્ટમાં સારવાર ચાલી રહી હતી. તેની તબિયતમાં પણ સુધારો થયો હતો. તેથી તેને બહુ જલદી ડિસ્ચાર્જ પણ મળવાનો હતો. જોકે અચાનક શુક્રવારે બપોરના એક વાગ્યાની આસપાસ તેમણે હેમેટોલૉજી ડિપાર્ટમેન્ટના ઓપીડી બહાર રહેલા પાઈપને ગળેફાંસો લગાવીને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાની જાણ થતા જ તાત્કાલિક ભોઈવાડા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી. ■

# થાણેના પાચપાખાડી વિસ્તારમાં ૧૧ કલાક સુધી વીજ પુરવઠો ખોરવાયો

થાણે: શહેરના પાચપાખાડી વિસ્તારમાં શુક્રવારે સવારે પાંચ વાગ્યાની આસપાસ રસ્તાઓ પરના ઇલેક્ટ્રિક વાયરમાં ખામી સર્જાતાં લગભગ ૧૧ કલાક સુધી વીજ પુરવઠો ખોરવાયો હતો. આ દરમિયાન, ઘોડબંદર વિસ્તારના આનંદ નગર વિસ્તારમાં પણ વીજ પુરવઠો ખોરવાયો હતો. ઉનાળાના મહિનાઓમાં વીજ પુરવઠો ખોરવાવાથી નાગરિકો હેરાન થયા હતા.

થાણેના પાચપાખાડી વિસ્તારમાં ઘણી રહેણાંક સોસાયટીઓની સાથે મોટી દુકાનો અને હોટલો આવેલી છે. આ વિસ્તારમાં સેંકડો રહેવાસીઓ રહે છે. તેમણે આ અંગે મહાવિતરણ વિભાગનો સંપર્ક કર્યો ત્યારે એક નાની ખામી હોવાનું કહેવામાં આવ્યું હતું. જેના કારણે નાગરિકોને વિશ્વાસ હતો કે વીજ પુરવઠો ટૂંક સમયમાં ફરી શરૂ થશે, પરંતુ ખામી શોધવા અને સુધારવા માટે મહાવિતરણના કર્મચારીઓએ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનની પરવાનગીથી રસ્તો ખોદીને સમારકામ કરવું પડ્યું હતું. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનની કામગીરી સવારે ૧૦ વાગ્યા પછી શરૂ થઈ હોવાથી મહાવિતરણના કર્મચારીઓને ખામી સુધારવામાં વિલંબ થયો. બપોરે ત્રણ વાગ્યા પછી પણ મહાવિતરણના કર્મચારીઓ ખામી શોધીને વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરી શક્યા નહોતા. ■

# ગરીબ દર્દીઓને હવે મળશે તાત્કાલિક સહાય!

## મુખ્યમંત્રી રાહત ફંડમાંથી ૨૦ ગંભીર રોગોની થશે મફત સારવાર

પુણે: સરકારની વિવિધ આરોગ્ય યોજનાઓનો લાભ જેમને નથી મળ્યો, તેવા ગરીબ દર્દીઓ માટે 'મુખ્યમંત્રી તબીબી સહાય ફંડ' ખૂબ આશીર્વાદરૂપ સાબિત થઇ રહ્યું છે. આ ફંડમાંથી ગયા વર્ષે રાજ્યના ૪૦,૭૭૬ દર્દીઓને ૩૩૩.૬ કરોડ રૂપિયાની તબીબી સહાય પૂરી પાડવામાં આવી છે. તેમાંથી પુણેમાં ૩,૮૬૧ દર્દીઓને કુલ ૩૪ કરોડ ૫૩ લાખ રૂપિયાની મદદ કરવામાં આવી છે.

આ ફંડમાંથી ૨૦ ગંભીર બીમારીઓ માટે મદદ કરવામાં આવે છે. જેમાં કોક્લિયર ઈમ્પ્લાન્ટ (૨ થી ૬ વર્ષની વય), હૃદય, લિવર (યકૃત), કિડની (મૂત્રપિંડ), ફેફસાં, બોનમેરો (અસ્થિમજ્જા), હાથ અને ઘૂંટણનું પ્રત્યારોપણ, થાપાનું પ્રત્યારોપણ, કેન્સરની સર્જરી, માર્ગ અકસ્માત, નાના બાળકોની સર્જરી, મગજની બીમારીઓ, હૃદયરોગ, ડાયાલિસિસ, કેન્સર (કીમોથેરાપી/રેડિયેશન), લિગામેન્ટ (અસ્થિબંધન), નવજાત શિશુઓની બીમારીઓ, દાઝી ગયેલા દર્દીઓ અને વીજ અકસ્માતના દર્દીઓ એમ કુલ વીસ બીમારીઓનો સમાવેશ થાય છે, તેવી માહિતી મુખ્ય પ્રધાન તબીબી સહાય કક્ષ દ્વારા આપવામાં આવી છે.

બાળકોના કેન્સરની સારવાર માટે મુખ્યમંત્રી તબીબી સહાય સેલ, બીપીસીએલ ફાઉન્ડેશન અને ટાટા મેમોરિયલ સેન્ટર વચ્ચે તાજેતરમાં એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરાર કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી હેઠળ સારવાર માટે ખાસ ફંડ પૂરું પાડશે. આનાથી જરૂરિયાતમંદ બાળકો માટે ગુણવત્તાયુક્ત કેન્સરની સારવાર સરળ બનશે. જરૂરિયાતમંદ દર્દીઓએ આ યોજનાનો લાભ લેવા માટે ટોલ-ફ્રી નંબર ૧૮૦૦૧૨૩૨૨૧૧ પર સંપર્ક કરવો, એમ મુખ્યમંત્રી રાહત ભંડોળ અને ચેરિટેબલ હોસ્પિટલ હેલ્પ સેલના વડા રામેશ્વર નાઈકે જણાવ્યું હતું. ■

# ધારાવીવાસીઓની ચિંતા મટી: પાલિકાના ફોટો પાસધારકોને રાહત

મુંબઈ: ધારાવીના રહેવાસીઓમાં વધતી ચિંતા જોવા મળી રહી છે કે પાલિકા દ્વારા જારી કરાયેલા ફોટોપાસ, જે લાંબા સમયથી રહેઠાણનો સૌથી મજબૂત પુરાવો માનવામાં આવે છે, સબમિટ કરવા છતાં પણ ઘણા મૂળ રહેવાસીઓને તેમની પાત્રતા સ્થિતિમાં અનિશ્ચિત તરીકે ચિહ્નિત કરવામાં આવી રહ્યા છે.

અધિકારીઓએ સ્પષ્ટ કર્યું કે ફોટોપાસ જારી કરવાની તારીખની આસપાસની ટેકનિકલ સમસ્યાને કારણે મૂંઝવણ ઊભી થઈ છે. જ્યારે પાલિકાએ પહેલી જાન્યુઆરી, ૨૦૦૦ ના કટઓફ પહેલાં માળખાનું સર્વેક્ષણ કર્યું હતું, ત્યારે વાસ્તવિક ફોટોપાસ ઘણી વખત પાછળથી રહેવાસીઓની અરજીઓના આધારે જારી કરવામાં આવ્યા, જેના કારણે દસ્તાવેજોમાં સુસંગતતા રહી ન હતી.

સર્વેક્ષણ ૨૦૦૦ પહેલા કરવામાં આવ્યું હતું અને રહેવાસીઓને શરૂઆતમાં સર્વે રસીદો આપવામાં આવી હતી, જેને સ્થાનિક રીતે 'સર્વે પાવતી' તરીકે ઓળખવામાં આવે છે,એમ એક અધિકારીએ સમજાવ્યું હતું. ૨૦૦૦ પછી, કેટલાક રહેવાસીઓએ તેમના સર્વે પાવતીઓને ઔપચારિક ફોટોપાસમાં રૂપાંતરિત કર્યા, એમ તેમણે કહ્યું હતું. ફોટોપાસમાં ૨૦૦૦ પછીની જારી તારીખો દર્શાવાતી હોવાથી, ડીઆરપી તેમની સાથે સાવધાનીપૂર્વક વ્યવહાર કરી રહ્યું છે. દરેક કેસને વિગતવાર ચકાસણી માટે પાલિકાને પાછો મોકલવામાં આવી રહ્યો છે જેથી ખાતરી કરી શકાય કે મૂળ સર્વે કટ-ઓફ વર્ષ પહેલાં કરવામાં આવ્યો હતો. જ્યાં સુધી આ ચકાસણી પૂર્ણ ન થાય ત્યાં સુધી, અરજદારો અનિશ્ચિત શ્રેણીમાં રહે છે. ■

# નાશિકમાં બીજા 'ગૉડમૅન'ની 'લીલા' સામે આવી: મહેશગિરિ વિરુદ્ધ જાતીય શોષણની ફરિયાદ

નાશિક: નાશિકના 'ગૉડમૅન' અશોક ખરાતનું પ્રકરણ ચર્ચામાં છે ત્યારે આ જ જિલ્લાના બીજા કથિત ગૉડમૅનની 'લીલા' સામે આવી છે. નાશિકના લાસલગાંવમાં મઠ ધરાવતા મહેશગિરિ વિરુદ્ધ ૨૮ વર્ષની મહિલાએ જાતીય શોષણનો આરોપ લગાવ્યો છે. આ મામલે પોલીસે એફઆઈઆર નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ કથિત ગુનો ૨૦૨૪માં બન્યો હતો, પરંતુ અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ (એએનએસ)ના કાર્યકરોની સમજાવટ બાદ મહિલાએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. મહિલાએ મહેશગિરિ ઉર્ફે મહેશ દિલીપ કાકડે (૩૧) વિરુદ્ધ બુધવારે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ અનુસાર મહિલાને તેના અંગત જીવનમાં કેટલીક સમસ્યાઓ હતી. પરિણામે વડીલો તેને લાસલગાંવ નજીકના ધરણગાંવ ગામમાં આવેલા 'પ્રતિ ગંગાપુર' તરીકે જાણીતા મઠમાં લઈ ગયા હતા. તે સમયે પોતાનામાં દૈવીશક્તિ હોવાનો દાવો કરનારા મહેશગિરિએ મહિલા પર કરણી (બ્લૅક મૅજિક) કરવામાં આવી હોવાનું કહ્યું હતું. આ માટે વિધિ કરવાનું સૂચન મહેશગિરિએ કર્યું હતું, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે બાદમાં આરોપી મહિલાને વાંધાજનક મેસેજ મોકલવા લાગ્યો હતો. તેને નાશિકની એક લૉજમાં લઈ ગયો હતો, જ્યાં તેના પર જાતીય હુમલો કરાયો હતો. તે સમયે કાકડેએ મહિલાની અશ્લીલ તસવીરો પાડી લીધી હતી અને બનેલી ઘટનાની ફરિયાદ કરી તો ખરાબ પરિણામ ભોગવવાં પડશે, એવી ધમકી આપી હતી. આ પ્રકરણે એએનએસના કાર્યકરોની સમજાવટ પછી મહિલાએ પોલીસ ફરિયાદ કરી હતી. ફરિયાદને આધારે લાસલગાંવ પોલીસે બુધવારની રાતે કાકડે વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ)■

# અનૈતિક સંબંધની શંકા પરથી પહેલી પત્નીની હત્યા: પતિ અને બીજી પત્નીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિરારમાં નિર્માણાધીન ઈમારતમાંની લેબર રૂમમાં અનૈતિક સંબંધની શંકા પરથી પતિએ બીજી પત્ની સાથે મળીને પહેલી પત્નીની કથિત હત્યા કરી હતી. હત્યા બાદ પરિવાર સાથે ફરાર થઈ ગયેલા આરોપીને પોલીસે નવી મુંબઈના પનવેલ ખાતેથી પકડી પાડ્યા હતા.

બોલિંજ પોલીસે ધરપકડ કરેલાં દંપતીની ઓળખ મુન્ના યાદવ (૨૮) અને તેની બીજી પત્ની મીરા તરીકે થઈ હતી. મુન્નાને તેની પહેલી પત્ની આરતી ઉર્ફે સપનાકુમારી યાદવ (૧૯)ના આડા સંબંધ હોવાની શંકા હતી. શંકાને પગલે તેણે ૧૯ એપ્રિલની રાતે સપનાની મારપીટ કરી હતી અને પછી તેનું માથું દીવાલ સાથે અફાળ્યું હતું. આ હુમલામાં સપનાનું મૃત્યુ થયું હતું.

પોલીસના જણાવ્યા મુજબ મુન્ના યાદવ તેની બન્ને પત્ની અને બે સંતાન સાથે વિરારના ગ્લૉબલ સિટી પરિસરમાં નિર્માણાધીન ઈમારતમાં ૧૭ એપ્રિલથી રહેતો હતો. આ ઈમારતમાં મજૂરીકામ કરનારા યાદવના પરિવારને કોન્ટ્રાક્ટરે લેબર રૂમમાં રહેવાની વ્યવસ્થા કરી આપી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે ૨૧ એપ્રિલની સવારે યાદવ કે તેની બન્ને પત્નીમાંથી કોઈ પણ કામ પર ન જોડાતાં કોન્ટ્રાક્ટર લેબર રૂમમાં જોવા ગયો હતો. લેબર રૂમમાંથી સપનાનો મૃતદેહ મળી આવ્યો હતો. તેના માથામાંથી લોહી વહેતું હોવાનું પોલીસને નજરે પડ્યું હતું. પોલીસે ઘટના બાદથી ગુમ યાદવ અને તેની બીજી પત્ની મીરાની શોધ હાથ ધરી હતી.

યાદવનાં કોઈ સગાંસંબંધી મુંબઈમાં ન હોવાથી તેની તાત્કાલિક માહિતી મળી નહોતી. ૧૯ એપ્રિલની રાતે ૧૦ વાગ્યે યાદવને બે સંતાન અને પત્ની સાથે જતો કોઈએ જોયો હતો. પોલીસ કન્સ્ટ્રક્શન સાઈટો પર જ આરોપીની શોધ કરી રહી હતી. ■

# નેશનલ હાઈવે પર ડિસેમ્બરથી અવરોધ વિના ટૉલ લેવાશેઃ ગડકરી

નવી દિલ્હીઃ માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ વિભાગના પ્રધાન નીતિન ગડકરીએ શુક્રવારે જણાવ્યું હતું કે દેશના અનેક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ડિસેમ્બરથી અવરોધ વિના (બૅરિઅર-ફ્રી) અને સરળતાથી ટૉલ વસૂલ કરવાનું શરૂ કરાશે.

'લૉજિસ્ટિક્સ શક્તિ સમિટ ઍન્ડ અવૉર્ડ્સ ૨૦૨૬'ના બીજા સત્રને સંબોધતા ગડકરીએ જણાવ્યું હતું કે ભારતે માલસામાનની હેરફેરનો ખર્ચ ઘટાડવા માટે સારું આંતરિક માળખું વિકસાવવું જરૂરી છે.

તેમણે જણાવ્યું હતું કે દેશભરમાં ડિસેમ્બરથી અનેક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર અવરોધ વિના (બૅરિઅર-ફ્રી) સરળતાથી ટૉલ વસૂલ કરવાનું શરૂ કરવાની અમારી યોજના છે.

બૅરિઅર-ફ્રી ટૉલિંગની નવી સિસ્ટમમાં એઆઇ ઍનાલિટિક્સ સાથેની ઑટોમેટિક નંબર પ્લેટ રૅકગ્નિશન અને રેડિયો ફ્રીક્વન્સી આઇડેન્ટિફિકેશન-આધારિત ઇલેક્ટ્રોનિક ટૉલ કલૅક્શન શરૂ કરાશે.

નવી સિસ્ટમમાં ટૉલ પ્લાઝાને સ્થાને વાહનોની ઓળખ કરીને ટૉલ વસૂલ કરવા માટે હાઇ-પરફૉર્મન્સ ઑટોમેટિક નંબર પ્લેટ રૅકગ્નિશન કૅમેરા અને રેડિયો ફ્રીક્વન્સી આઇડેન્ટિફિકેશન-આધારિત ઇલેક્ટ્રોનિક ટૉલ કલૅક્શન (ફાસ્ટૅગ) શરૂ કરવામાં આવશે. (એજન્સી)

# પૅટીએમ પૅમેન્ટ્સ બૅન્કનું બૅન્કિંગ લાઈસન્સ રદ

મુંબઈઃ ભારતીય રિઝર્વ બૅન્ક (આરબીઆઇ)એ પૅટીએમ પૅમેન્ટ્સ બૅન્કનું બૅન્કિંગ લાઇસન્સ રદ કરવાની શુક્રવારે જાહેરાત કરી હતી.


આરબીઆઇના સંબંધિત નિવેદનમાં જણાવાયું હતું કે આ બૅન્કનું કામકાજ બૅન્ક અને તેના થાપણદારો (ડિપૉઝિટર્સ)ના હિતની વિરુદ્ધનું હોવાથી તેનું લાઇસન્સ રદ કરાયું છે.

તેણે જણાવ્યું હતું કે આ બૅન્કના મેનેજમેન્ટનું કામ ડિપૉઝિટર્સ ઉપરાંત સામાન્ય જનતાની હિતની પણ વિરુદ્ધ હોવાથી પૅટીએમ પૅમેન્ટ્સ બૅન્કને 'બૅન્કિંગ' કામકાજ નહિ કરવા આદેશ અપાયો હતો અને આ સંબંધમાં તેના પર પ્રતિબંધ મુકાયો છે.

આરબીઆઇએ જણાવ્યું હતું કે આ બૅન્કને સમેટી લેવા અમે વડી અદાલતમાં અરજી કરીશું. પૅટીએમ પૅમેન્ટ્સ બૅન્ક લિમિટેડને સમેટી લેવાશે, તે પછી તેની પાસે બધી થાપણની જવાબદારીની ચુકવણી કરવા પૂરતી નાણાકીય પ્રવાહિતા હશે.

પૅટીએમ પૅમેન્ટ્સ બૅન્કને ૨૦૨૨ની ૧૧ માર્ચથી નવા ગ્રાહકો લેવા મનાઇ ફરમાવાઇ હતી. (એજન્સી)

## ૧૮ મહિને મોબાઈલ ટાવર પરથી નીચે ઊતર્યો



પંજાબમાં પવિત્ર ગ્રંથોના અપમાનની ઘટનાઓ માટે કડક કાયદાની માગણીને લઇને લગભગ ૫૬૦ દિવસથી ૪૦૦ ફૂટ ઊંચા મોબાઇલ ટાવર પર બેઠેલા કાર્યકર્તા ગુરજિત સિંહ ખાલસાને આખરે શુક્રવારે સવારે નીચે ઉતારવામાં આવ્યા હતા. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

આ ઘટનાક્રમ સાથે ગુરુ ગ્રંથ સાહિબના અપમાન માટે કડક સજાની માગ કરી રહેલા ખાલસા(૪૩)ના અનોખા અંદાજ સાથે કરવામાં આવી રહેલા વિરોધનો અંત આવ્યો હતો. તેમણે ૧૨ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ પટિયાલા નજીક સમાનામાં એક ટાવર પર ચઢીને પોતાનો વિરોધ શરૂ કર્યો હતો.

કાર્યકર્તાએ ટાવર પરથી નીચે ઉતરતી વખતે નીચે ઊભેલા તેમના સમર્થકોનું હાથ હલાવીને અભિવાદન કર્યું હતું. તેમને ટાવર પરથી નીચે ઉતાર્યા પછી તબીબી તપાસ માટે એમ્બ્યુલન્સમાં હોસ્પિટલ લઇ જવામાં આવ્યા હતા. દરમિયાન તેમના સમર્થકોએ તેમના પર ફૂલોનો વરસાદ કર્યો હતો. પટિયાલા જિલ્લાના ખેરી નગૈયાં ગામના રહેવાસી કાર્યકર્તાએ જમીન પર પગ મૂકતા કહ્યું કે 'આપણે જીતી ગયા છીએ.'

# બંગાળમાં 'સર'ને લીધે બાકાત મતદારોને મામલે તત્કાળ સુનાવણી કરોઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે શુક્રવારે પશ્ચિમ બંગાળના એ વ્યક્તિઓ દ્વારા દાખલ કરાયેલી અરજીઓ પર વિચાર કરવાનો ઇનકાર કર્યો હતો જેમણે મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રીવીઝન (સર) પછી તેમના નામ હટાવવાને પડકારવામાં આવ્યું હતું.

સુપ્રીમ કોર્ટે શુક્રવારે એપેલેટ ટ્રિબ્યુનલ્સને કહ્યું હતું કે તેઓ એ લોકોની સુનાવણી જલદી કરે જેમણે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીઓના એસઆઈઆર પછી મતદાર યાદીઓમાંથી તેમના નામ હટાવવાની વિરુદ્ધમાં જલદી સુનાવણી કરવાની અપીલ કરી છે. સુનાવણીની શરૂઆતમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તે ગુરુવારે યોજાયેલી પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ભારે મતદાન પર ખુશી વ્યક્ત કરી હતી. પશ્ચિમ બંગાળમાં ૧૫૨ બેઠકો માટે મતદાનના પ્રથમ તબક્કામાં ૯૨.૭૨ ટકાનું રેકોર્ડ મતદાન નોંધાયું હતું.

તેમણે કહ્યું હતું કે ભારતના એક નાગરિક તરીકે મને મતદાનની ટકાવારી જોઈને ખૂબ આનંદ થયો. જ્યારે લોકો મતદાનના અધિકારનો ઉપયોગ કરે છે, ત્યારે આ લોકશાહી વ્યવસ્થાને મજબૂત બનાવે છે. આ બેન્ચમાં જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ એમ પંચોલી પણ સામેલ હતા.

# હિમંતાની બદનક્ષીઃ પવન ખેડાને આગોતરા જામીન આપવાની ના

ગુવાહાટીઃ ગુવાહાટી હાઈ કોર્ટે શુક્રવારે કોંગ્રેસના નેતા પવન ખેડાની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી, જેમાં તેમણે આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વ સરમાની પત્ની પાસે અનેક પાસપોર્ટ અને વિદેશમાં જાહેર ન કરાયેલી મિલકતો હોવાનો આરોપ લગાવ્યો હતો.

સુપ્રીમ કોર્ટે કોંગ્રેસના નેતાને ગુવાહાટી હાઈકોર્ટમાં જવા માટે કહ્યું હતું, ત્યારબાદ સોમવારે ન્યાયાધીશ પાર્થિવ જ્યોતિ સાઇકિયાની સિંગલ બેન્ચે ખેડા સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુવાહાટી ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશનમાં ફોજદારી કેસ દાખલ કર્યા હતા.

ન્યાયાધીશે તેમના આદેશમાં નિર્દેશ કર્યો હતો કે અરજદારે દાવો કર્યો હતો કે તેમણે જે આરોપો લગાવ્યા છે તે ચોક્કસ દસ્તાવેજો પર આધારિત છે, જે તેમની પાસે છે, જ્યારે પોલીસે દાવો કર્યો હતો કે તે દસ્તાવેજો પહેલાથી જ ખોટા સાબિત થયા છે.

# યુપીમાં પેટ્રોલ-ડીઝલની અછતની જોરદાર અફવાથી ભયંકર પૅનિક

લખીમપુર ખેરીઃ ઉત્તર પ્રદેશના લખીમપુર ખેરી જિલ્લામાં ભાવ વધારાની અફવાઓ વચ્ચે પેટ્રોલ અને ડીઝલની તાબડતોડ ખરીદી વધવાથી ઇંધણ વિતરણ ખોરવાઇ ગયું હતું. જોકે પુરવઠો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હતો. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

જિલ્લા મેજિસ્ટ્રેટ અંજની કુમાર સિંહે જણાવ્યું કે ઇંધણના ભાવમાં સંભવિત વધારાની અફવાઓને કારણે લોકોની ભારે ભીડ ઊમટી હતી. જેના કારણે ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં માગમાં અચાનક વધારો થયો હતો.

સિંહે પત્રકારોને જણાવ્યું કે ગભરાટમાં ગ્રાહકો પેટ્રોલ પંપ તરફ દોડી આવ્યા હતા. જેના કારણે કેટલાક આઉટલેટ્સ પર કામચલાઉ અછત સર્જાઇ હતી. તેમણે લોકોને અફવાઓ પર વિશ્વાસ ન કરવા અને જરૂર પડે ત્યારે જ ઇંધણ ખરીદવા વિનંતી કરી હતી.

અધિકારીઓએ જણાવ્યું કે બુધવારે જિલ્લાના ત્રણ પેટ્રોલ પંપનો સ્ટોક ખતમ થઇ ગયો હતો. કારણ કે માંગમાં અચાનક ઉછાળો થતા દૈનિક સ્ટોક થોડા કલાકોમાં જ વેચાઇ ગયો હતો. જો કે ગુરૂવાર સાંજ સુધીમાં સપ્લાઇ ફરી શરૂ થઇ ગઇ હતી અને શુક્રવાર સુધીમાં આ આઉટલેટ્સ ફરીથી કાર્યરત થઇ ગયા હતા.

રાજ્યના નિઘાસન, ધૌરહરા અને ગોલા જેવા ગ્રામીણ તાલુકાઓમાં ડીઝલની માંગમાં ભારે વધારો જોવા મળ્યો હતો. જ્યારે શહેરી વિસ્તારોમાં પેટ્રોલનું વેચાણ સમાન્ય કરતાં વધી ગયું હતું. આ પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે ઘણા પેટ્રોલ પંપોએ ઇંધણના વેચાણ પર મર્યાદા નક્કી કરી દીધી છે.

# ચાર વર્ષની બાળકીના રેપ અને મર્ડરની તપાસ માટે 'સિટ'ની રચનાનો સુપ્રીમનો આદેશ

નવી દિલ્હીઃ ગયા મહિને ગાઝિયાબાદમાં ચાર વર્ષની બાળકીના રેપ અને મર્ડરના કેસની તપાસ નિર્ધારિત સમયમર્યાદામાં પૂરી કરવા કમિશનર કે ઈન્સ્પેક્ટર જનરલ (આઈજી) સ્તરના અધિકારીના વડપણ હેઠળ મહિલાઓની બનેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સિટ)ની રચના કરવાનો સુપ્રીમ કોર્ટે શુક્રવારે ઉત્તર પ્રદેશ ડીજીપીને આદેશ આપ્યો હતો.

કેસને મામલે ગુનો દાખલ કરવામાં અને તપાસ હાથ ધરવામાં ગાઝિયાબાદ પોલીસે દાખવેલી બેદરકારી અને ખચકાટને ધ્યાન પર લઈ સુપ્રીમ કોર્ટે શનિવારે ૧૧.૦૦ વાગ્યા સુધીમાં 'સિટ'ની રચના કરવાનો આદેશ આપ્યો હતો. ૧૬મી માર્ચે બનેલી આ ઘટનામાં પડોશીએ શ્રમિકની પુત્રીને ચોકલેટ અપાવવાના બહાને લલચાવી હતી. બાળકી પરત ન ફરતાં પિતાએ તેની શોધ આરંભી હતી. પિતાને બાળકી બેભાન અવસ્થામાં લોહી નિંગળતી હાલતમાં મળી આવી હતી.

આશ્ચર્યજનક રીતે બાળકી મળી આવી ત્યારે તે જીવતી હતી, પરંતુ બે ખાનગી હોસ્પિટલે તેને સારવાર આપવાનું નકારી કાઢ્યું હતું. અંતે ગાઝિયાબાદ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં બાળકીનું મોત થયું હતું. (એજન્સી)

# સગીરાને ઇચ્છા વિરુદ્ધ ગર્ભાવસ્થા રાખવાનું દબાણ કોર્ટ ન કરી શકેઃ સુપ્રીમ

નવી દિલ્હી : કોઈ પણ કોર્ટ કોઈ મહિલા, ખાસ કરીને સગીરાને તેની ઇચ્છા વિરુદ્ધ ગર્ભાવસ્થા રાખવા દબાણ કરી શકે નહીં તે અવલોકન કરતાં, સુપ્રીમ કોર્ટે શુક્રવારે ૧૫ વર્ષની છોકરીને સાત મહિનાથી વધુની ગર્ભાવસ્થાનો તબીબી રીતે ગર્ભપાત કરવાની મંજૂરી આપી હતી.

જસ્ટિસ બી.વી. નાગરત્ના અને ઉજ્જ્વલ ભુયાનની બેન્ચે જણાવ્યું હતું કે ગર્ભવતી મહિલાની પસંદગી બાળકના જન્મકરતાં સંબંધિત છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે આવી ગર્ભાવસ્થા ચાલુ રાખવાથી સગીરાના માનસિક સ્વાસ્થ્ય, શૈક્ષણિક સંભાવનાઓ, સામાજિક સ્થિતિ અને એકંદર વિકાસ પર લાંબા ગાળાની અસર પડી શકે છે.

સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી હતી કે સ્ત્રીની પ્રજનન સ્વાયત્તતાને સૌથી વધુ મહત્વ આપવું જોઈએ અને જો કોઈ સ્ત્રી, અનિચ્છનીય ગર્ભાવસ્થા ધરાવતી હોય, તેને ચાલુ રાખવા માટે મજબૂર કરવામાં આવે તો તેના બંધારણીય અધિકારોનો ભંગ થશે.

કોઈના શરીર અંગે ખાસ કરીને પ્રજનનના મામલામાં નિર્ણય લેવાનો અધિકાર એ બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ વ્યક્તિગત સ્વતંત્રતા અને ગોપનીયતાનું એક અભિન્ન પાસું છે. ખાસ કરીને સગીરો અને અનિચ્છનીય ગર્ભાવસ્થા જેવા કેસોમાં ગેરવાજબી પ્રતિબંધો લાદીને આ અધિકારને બિનઅસરકારક બનાવી શકાતો નથી, જેમ કે તાત્કાલિક કેસ છે, એમ કોર્ટે જણાવ્યું હતું.

# બેંગ્લુરુમાં સીઈટી દરમિયાન જનોઈ કાઢવાની ફરજ પડાતા કૉંગ્રેસ સરકાર પર પસ્તાળ

બેંગ્લુરુઃ શહેરની કૃપાનિધિ કોલેજમાં પાંચ બ્રાહ્મણ વિદ્યાર્થીઓને સીઈટીની પરીક્ષા અગાઉ તેમની જનોઇ કાઢવાની ફરજ પાડવામાં આવ્યા બાદ ભાજપે શુક્રવારે શાસક કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા અને તેને હિંદુ વિરોધી ગણાવી હતી. આ વિવાદ રાજકીય વળાંક લેતા, કોલેજે તપાસ શરૂ કરી અને નિરીક્ષકને સસ્પેન્ડ કરી દીધા. સરકારે પણ તપાસના આદેશ આપ્યા છે. શુક્રવારે વિદ્યાર્થીઓએ આરોપ લગાવ્યો હતો કે માદિવાલા કોલેજના પરીક્ષા ખંડમાં હાજર નિરીક્ષકોએ તેમને પરીક્ષા લખવા માગતા હોય તો જનોઇ કાઢવા કહ્યું.

ગયા વર્ષે જ્યારે આવો જ વિવાદ થયો હતો, ત્યારે સરકારે સ્પષ્ટ કર્યું હતું કે સીઈટી દરમિયાન જનોઇ કાઢવામાં આવશે નહીં. જોકે, આ વર્ષે ફરી એકવાર વિદ્યાર્થીઓને આવા જ ભેદભાવનો સામનો કરવો પડ્યો.એક વિદ્યાર્થીએ કહ્યું, જ્યારે હું પરીક્ષા કેન્દ્ર પર ગયો ત્યારે શિક્ષકોએ મારા કાનની વીંટી કાઢી નાખી. હું હજુ પણ સમજી શકું છું કારણ કે કોઈ ધાતુની મંજૂરી નથી, પરંતુ તેમણે મને શરીરમાંથી જનોઇ કાઢવા માટે દબાણ પણ કર્યું. બીજો કોઈ વિકલ્પ ન હોવાથી, વિદ્યાર્થીએ નિરીક્ષકોના આદેશનું પાલન કર્યું.

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પોગર | ઢીલું |
| પોગવું | નાની ગાંસડી |
| પોચકું | બીકણ |
| પોચટ | પહોંચવું |
| પોટકી | પોલાણ |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | ૬ | |
| | ■ | ૭ | | | | ■ | ૮ | | ■ |
| ૯ | ૧૦ | | ■ | ■ | | ■ | | ■ | ૧૧ |
| ૧૨ | | ■ | ૧૩ | ■ | ૧૪ | | ■ | ■ | |
| ■ | | ■ | ૧૫ | | ■ | ■ | ૧૬ | ૧૭ | |
| ૧૮ | | | ■ | ■ | ૧૯ | ૨૦ | ■ | | ■ |
| | ■ | ■ | ૨૧ | ૨૨ | ■ | | ■ | ૨૩ | ૨૪ |
| | ■ | ૨૫ | ■ | | | ■ | ૨૬ | | |
| ■ | ૨૭ | | ■ | ૨૮ | | ૨૯ | | ■ | |
| ૩૦ | | | | | ■ | ૩૧ | | | |

**આડી ચાવી**

૧. સર્વત્ર ફેલાઈ રહેલું, ઈશ્વર (૪)
૪. વાકેફગાર (૫)
૭. કુલીન (૪)
૮. દૂધ (૨)
૯. મારો હંસલો નાનોને --- જૂનું તો થયું (૩)
૧૨. પતિ (૨)
૧૪. હંમેશાં (૨)
૧૫. રાત્રિ (૨)
૧૬. પાઠ, ઘડો (૩)
૧૮. સરળ, સહેલું (૩)
૧૯. બદદુઆ (૨)
૨૧. પોપટ (૨)
૨૩. માના પિતા (૨)
૨૬. અમાપ (૩)
૨૭. અમૃત (૨)
૨૮. મધુર ધ્વનિ (૪)
૩૦. પડદો (૫)
૩૧. સાથ, આધાર (૪)

**ઊભી ચાવી**

૧. એક પાંડવ (૪)
૨. બાવરું, ગભરાયેલું (૩)
૩. પિયળ (૨)
૪. અપમાન (૪)
૫. સૂર્ય (૩)
૬. એક ચોપગું પ્રાણી (૨)
૧૦. મોટી લડાઈ (૪)
૧૧. રામના સસરા (૩)
૧૩. નાશવંત (૨)
૧૭. લાંછન, નામોશી (૪)
૧૮. સચ્ચરિત, ઉત્તમ ચારિત્ર્યવાળું (૩)
૨૦. ધણિયાણી (૨)
૨૨. ચીડ ચડે એવી ટોક (૪)
૨૪. જ્ઞાતિ ભોજન (૪)
૨૫. પૈસા આપ્યા વગર નામે લખવાની લીધેલું કે આપેલું (૩)
૨૬. નિશ્ચિત સમય, હદ (૩)
૨૭. દીકરો (૨)
૨૯. --- છ છે 'ખારો, ખોટો, મીઠો વગેરે (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ક | ■ | ૨ અ | ૩ સં | ભ | ૪ વિ | ત | ૫ તા | ■ | ૬ વા |
| ૭ મુ | ગ્ધા | વ | સ્થા | ■ | ત્ત | ■ | ૮ વી | જ | ક્ષો |
| ર | ■ | ૯ લ | પ | ■ | ■ | ૧૦ સે | જ | ■ | ત |
| ૧૧ તા | ૧૨ પ | ■ | ૧૩ ન | તી | ૧૪ જો | ■ | ■ | ૧૫ સ | ર |
| ■ | મ | ■ | ■ | ■ | ૧૬ મ | નો | હ | ર | ■ |
| ■ | ૧૭ રા | ણી | જા | ૧૮ ઈ | ■ | ■ | ■ | હ | ■ |
| ૧૯ વા | ટ | ■ | ■ | ૨૦ શ | લા | ૨૧ કા | ■ | ૨૨ દ | ૨૩ મ |
| સ્ત | ■ | ૨૪ મા | ત્ર | ■ | ■ | ૨૫ વા | ૨૬ ત | ■ | ન |
| ૨૭ વિ | તા | ન | ■ | ૨૮ વે | ■ | ૨૯ દા | લ | ચી | ની |
| ક | ■ | ૩૦ સ | વા | લ | જ | વા | બ | ■ | ય |

### જાણવા જેવું

ખડકોની ધીમે ધીમે થયેલી ઝીણી ભૂકી રેતી કહેવાય છે. ખાસ કરીને ચકમકના ઝીણા દાણા અને જે ખડકમાંથી રેતી થઈ હોય તેની ખનિજો તેની સાથે ભળેલી હોય છે. ગ્રેનાઈટ પથ્થરમાંથી બનેલી ધોળી ચકમકની રેતી રૂપેરી અથવા કાચની રેતી તરીકે ઓળખાય છે. સામાન્ય રીતે રેતી પીળી, ભૂરી અને રાતી હોય છે.

### ઓળખાણ પડી?



ટીમમાંથી બહાર થયા બાદ ઘરઆંગણેની સ્પર્ધામાં ધૂંઆધાર પરફૉર્મન્સથી ભારતીય ટીમમાં ફરી સ્થાન મેળવનારા ખેલાડીની ઓળખાણ પડી?

અ) ઈશાન કિશન બ) અજિંક્ય રાહણે ક) શ્રેયસ ઐયર ડ) યશસ્વી જયસ્વાલ

### સુડોકુ-૯૨૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | ૪ | | ૮ | | | | ૭ |
| ૭ | | | | ૨ | | | ૮ | ૫ |
| | | | ૭ | | | ૧ | ૯ | |
| | | ૮ | | ૧ | ૭ | | ૨ | |
| | ૩ | | ૮ | | ૨ | | ૧ | |
| | ૭ | | ૪ | ૯ | | ૮ | | |
| | ૮ | ૯ | | | ૩ | | | |
| ૩ | ૫ | | | ૭ | | | | ૬ |
| ૬ | | | | ૪ | | ૫ | ૩ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૭૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૧ | ૪ | ૯ | ૭ | ૨ | ૩ | ૫ | ૮ |
| ૯ | ૭ | ૮ | ૫ | ૩ | ૧ | ૨ | ૬ | ૪ |
| ૫ | ૩ | ૨ | ૪ | ૬ | ૮ | ૭ | ૧ | ૯ |
| ૩ | ૫ | ૬ | ૮ | ૯ | ૭ | ૪ | ૨ | ૧ |
| ૪ | ૮ | ૯ | ૧ | ૨ | ૫ | ૬ | ૩ | ૭ |
| ૭ | ૨ | ૧ | ૩ | ૪ | ૬ | ૯ | ૮ | ૫ |
| ૨ | ૯ | ૫ | ૬ | ૧ | ૪ | ૮ | ૭ | ૩ |
| ૮ | ૪ | ૭ | ૨ | ૫ | ૩ | ૧ | ૯ | ૬ |
| ૧ | ૬ | ૩ | ૭ | ૮ | ૯ | ૫ | ૪ | ૨ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પોચું | નરમ |
| પોઠ | વણઝાર |
| પોત | સ્વરૂપ |
| પોથી | પુસ્તક |
| પોરો | આરામ |

ગુજરાત મોરી મોરી રેઃ
તિમિરના પડછાયા

ઓળખાણ પડી?
ચેતન શર્મા

માઈન્ડ ગેમ :
972

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
રામફળ

### ગુજરાત મોરી મોરી રે

કવિ દલપતરામના મૌલિક હાસ્યપ્રધાન સામાજિક નાટક 'મિથ્યાભિમાન'માં જીવરામ ભટ્ટની ભૂમિકા કયા કલાકારે ભજવી હતી?

અ) જયશંકર સુંદરી
બ) મા. અશરફખાન
ક) પ્રાણસુખ નાયક
ડ) જશવંત ઠાકર

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

બીવાળું પણ અત્યંત સ્વાદિષ્ટ અને ખૂબ ગુણકારી એવા કયા ફળના અંગ્રેજી નામ સાથે 'એપલ' શબ્દ જોડાય છે એ જાણો છો ખરા?

અ) સીતાફળ બ) પપૈયું ક) જમરૂખ ડ) પપનસ

### નોંધી રાખો

પોતાનું કર્તવ્ય સમજીને દેશ, કાળ અને પાત્રનો વિચાર કરી નિષ્કામભાવે અન્ન, વિદ્યા, વસ્ત્ર, દવા વગેરે આપવાં તે જ ખરું દાન છે.

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૧૫, ૩૩, ૬૯, ૧૨૩ ... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૧૨૩ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૬૫ બ) ૧૭૯ ક) ૧૯૫ ડ) ૨૦૩

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) નીતા દેસાઈ (૫) વિપીન શાહ (૬) ભારતી બુચ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) મીનલ કાપડિયા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) શીરીન ઔરંગાબાદવાલા (૧૫) મહેશ સંઘવી (૧૬) કિરીટ છેડા (૧૭) લજિતા ખોના (૧૮) ચેતના છેડા (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) ભાવના કર્વે (૨૨) ભરત કજરિયા (૨૩) દિપીકા દોશી (૨૪) પ્રવીણ વોરા (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) અલકા વાણી (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) નિતીન જયંતીલાલ બજરિયા (૩૦) જ્યોત્સના ગાંધી (૩૧) રમેશ દલાલ (૩૨) હિના દલાલ (૩૩) ઈનાક્ષી દલાલ (૩૪) ડાયના સંતોકે (૩૫) મનીષા શેઠ (૩૬) ફાલ્ગુની શેઠ (૩૭) કમલ માતલિયા (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૦) પ્રજ્ઞા પુરોહિત (૪૧) પ્રમોદ પુરોહિત (૪૨) અંજુ ટોલિયા (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) ડો. પ્રકાશ કટકિયા (૪૬) મહેશ દોશી (૪૭) સુભાષ મોમાયા (૪૮) જયવંત પદમશી ચિખલ (૪૯) પ્રતીમા પમાણી (૫૦) ધીરેન્દ્ર મુલરાજ

# વીક એન્ડ

## સ્પોર્ટ્સમૅન

સાશા
feedback@bombaysamachar.com

# પ્રતિભાશાળી ઍથ્લીટો-ખેલાડીઓની ભરમાર ભારતમાં મોટું પરિવર્તન આવી રહ્યું છે

### ૨૦૨૪ની પૅરિસ ઑલિમ્પિક્સથી ખેલ ક્ષેત્રે ભારતની માનસિકતા બદલાઈ છે. ૨૦૩૦ની અમદાવાદની કૉમનવેલ્થથી વિકાસને વધુ વેગ મળશે

આપણો દેશ વર્ષ ૨૦૩૬ સુધીમાં વિશ્વના ટોચનાં ૧૦ ખેલકૂદ રાષ્ટ્રોમાં ગણાતો થઈ જશે અને ૨૦૪૭નું વર્ષ કે જ્યારે ભારતે આઝાદીના ૧૦૦ વર્ષ પૂરા કર્યા હશે ત્યારે શ્રેષ્ઠ પાંચ દેશમાં સૌને ભારતનું નામ અચૂક જોવા મળશે એવું કેન્દ્રના ખેલકૂદ પ્રધાન મનસુખ માંડવિયા ગઈ કાલે જમ્મુ-કાશ્મીર રાજ્યના બડગામમાં પત્રકારો સાથેની વાતચીતમાં કરી એને બંધ બેસતી કહી શકાય એવી એક વિશ્લેષણમાં કરવામાં આવી છે. એમાં જણાવાયું છે કે ૨૦૨૪માં યોજાઈ ગયેલી પૅરિસ ઑલિમ્પિક ગેમ્સ ભારત માટે માત્ર એક સ્પર્ધા નહોતી, પણ ખેલકૂદની બાબતમાં ભારતના મનોવિજ્ઞાન માટે એક મહત્ત્વપૂર્ણ વળાંક પણ હતી. એમાં ચંદ્રક જીતનાર અને ન જીતી શકનાર આપણા ઍથ્લીટોએ દેશને વિશ્વાસ અપાવ્યો કે ભારત હવે માત્ર ભાગ લેવાની રીતરસમ અદા નથી કરતું, પરંતુ સતતપણે જીતવાની ક્ષમતા બતાવવામાં માને છે.

અહીં સવાલ એ છે કે ઑલિમ્પિક્સ પછીના બે વર્ષ બાદ (૨૦૨૬માં) આપણે પૅરિસના પર્ફોર્મન્સ પરથી જે સંકલ્પ લીધો હતો એમાં આપણે ખરેખર આગળ વધ્યા છીએ? શું આપણે ખેલકૂદની બાબતમાં આપણે આપણું માળખું બદલ્યું છે?

એમાં કોઈ શંકા નથી કે પૅરિસ ઑલિમ્પિક્સમાં ભારતના નીરજ ચોપડાએ ઐતિહાસિક સફળતા હાંસલ કરીને રમતગમતના ક્ષેત્રે આપણી પારંપારિક માનસિકતા બદલી નાખી. અગાઉ વિશ્વની સૌથી મોટી સ્પર્ધા ઑલિમ્પિક ગેમ્સમાં આપણને માંડ એકાદ મેડલ મળતો હતો ત્યારે આજે એક નહીં, પણ અનેક મેડલ જીતવાની મહત્ત્વકાંક્ષા આપણા ખેલ સંબંધિત મનોવિજ્ઞાનનો હિસ્સો બની ગઈ છે. એ જ કારણ છે કે એક સમયે ઍથ્લેટિક્સ ભારતની ખેલ-દુનિયાનો સૌથી ઉપેક્ષિત હિસ્સો હતો એ આજે અનેક ઍથ્લીટોની આશાઓથી ઝગમગી રહ્યો છે.

ભલે ઘણી આશાઓ હજી હકીકતમાં નથી પરિણમી, પરંતુ અગાઉ કરતાં આ બાબતમાં (ઍથ્લેટિક્સમાં) આપણા ઍથ્લીટો દાવેદાર અને પડકારરૂપ બન્યા છે.




ભાલાફેંકનો ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન નીરજ ચોપડા ઑલિમ્પિક્સમાં એક ગોલ્ડ અને એક સિલ્વર મેડલ જીતી ચૂક્યો છે.



શૂટર મનુ ભાકર પૅરિસ ઑલિમ્પિક્સમાં બે બ્રૉન્ઝ મેડલ જીતી હતી.

આ જ વાત કુસ્તી, મુક્કાબાજી, નિશાનબાજી જેવી રમતોને પણ લાગુ પડે છે. ૨૦૨૪ની ઑલિમ્પિક્સ બાદ આપણા ઍથ્લીટ-જગતમાં 'ફીયર ઑફ ફેલ્યૉર'ની જગ્યાએ 'હંગર ટૂ વિન'નો મંત્ર સાંભળવા મળી રહ્યો છે. આ દૃઢતા માત્ર ઍથ્લીટોમાં જ નહીં, પ્રશિક્ષકો (કોચ), સ્પોર્ટ્સ ફેડરેશન તથા પ્રેક્ષકો-દર્શકો સુધી ફેલાઈ ચૂકી છે.

સૌથી મોટો બદલાવ મહિલા ઍથ્લીટોમાં જોવા મળ્યો છે. પૅરિસ ઑલિમ્પિક્સ બાદ સંઘર્ષગાથાની, સફળતાની અને આશા-અપેક્ષાઓની સૌથી વધુ સ્ટોરીઓ મહિલા ઍથ્લીટોના મોઢે સાંભળવા મળી છે. પૅરિસના સૌથી મોટા રમતોત્સવ બાદ વેઇટલિફ્ટિંગ, બૉક્સિંગ, બૅડમિન્ટન અને હૉકીમાં ભારતીય મહિલાઓના પર્ફોર્મન્સમાં સતતપણે સુધારો જોવા મળ્યો છે. નાનાં શહેરો તેમ જ ગામડાઓમાંથી આવતી છોકરીઓએ સામાજિક વિઘ્નો ભેદીને ખેલકૂદના આકાશમાં નવી ઊંચાઈ સર કરવામાં જાણે હરીફાઈ કરી છે. છોકરીઓની ખેલકૂદ પ્રત્યે જે રુચિ વધી છે એ બાબતમાં પરિવારો અને સમાજનો દૃષ્ટિકોણ પણ બદલાયો છે. છોકરીઓ અને યુવતીઓ માત્ર મેડલ જીતવા માટે જ નહીં, પણ ખેલકૂદના વૈશ્વિક ફલક પર ચમકવા માટે જે તનતોડ પ્રયાસો કરી રહી છે એ એના પરથી સ્પષ્ટ થાય છે કે આ બદલાવ ભારતને ભવિષ્યમાં ખેલકૂદમાં મહાશક્તિ બનાવવા માટે જ થઈ રહ્યો છે. ૨૦૩૦માં કૉમનવેલ્થ ગેમ્સ ભારતમાં (અમદાવાદમાં) યોજાવાની છે અને એના આયોજન સાથે ભારતીય ખેલકૂદ ક્ષેત્રે વિકાસગાથા વધુ વેગીલી બનશે.

આપણા દેશમાં છેલ્લાં થોડાં વર્ષોથી ખેલ સંબંધિત નીતિઓ તેમ જ માળખાકીય સગવડો ઊભી કરવા બાબતમાં જે પરિવર્તન જોવા મળ્યું છે એ અગાઉ ક્યારેય નહોતું જોવા મળ્યું. કેન્દ્ર સરકાર અને વિવિધ રાજ્યોની સરકાર ખેલકૂદને લગતી નવી નીતિઓ શરૂ કરી છે અને અમુક નીતિઓ જે અગાઉ શરૂ કરવામાં આવી હતી એને નવા રૂપમાં રજૂ કરી રહી છે. 'ખેલો ઇન્ડિયા' અભિયાન હેઠળ હવે દેશના દૂર-દૂરના વિસ્તારોમાંથી પાયાના સ્તરે પ્રતિભાશાળી ઍથ્લીટો અને ખેલાડીઓની ખોજ કરવામાં આવી રહી છે.

એ જ રીતે ટાર્ગેટ ઑલિમ્પિક સ્કીમ (ટૉપ્સ)માં હવે ભારતના ટોચના ઍથ્લીટોને જે રીતે સપોર્ટ કરવામાં આવી રહ્યા છે એવું અગાઉ નહોતું જોવા મળતું. આ પરિવર્તનની અસર પણ જોવા મળી રહી છે. નીચલા સ્તરનાં ક્ષેત્રોમાંથી મળતા ટૅલન્ટેડ ઍથ્લીટોને હવે વધુ સારી તાલીમ અપાય છે, તેમને પૌષ્ટિક ડાયટ આપવા પર ધ્યાન અપાય છે અને તેમને જરૂરી ઇન્ટરનૅશનલ એક્પોઝર મળી રહે એની તકેદારી રાખવામાં આવે છે.

ઉદ્યોગ વર્ગ અગાઉ ભારતીય રમતોમાં સહાયકર્તાના રૂપમાં સક્રિય હતો, પરંતુ હવે પ્રાઇવેટ સેક્ટર ઇતિહાસના કોઈ પણ તબક્કાની તુલનામાં હવે રમતોમાં અનેક ગણો વધુ વિકાસ કરવાની તરફેણમાં છે અને વિકાસકાર્યોમાં આ ક્ષેત્ર તરફથી ઘણી મદદ પણ મળી રહી છે. અગાઉ આપણા મોટા ભાગના ઍથ્લીટોની બાબતમાં મોટાં શહેરોની બોલબાલા હતી. જોકે આજે રમતગમતોની શક્તિના રૂપમાં ઊભરી રહેલા ભારતમાં નાનાં શહેરો તેમ જ ગામડાઓના ખેલાડીઓના પણ મોટાં યોગદાનો જોવા મળી રહ્યા છે. અગાઉ મોટા ભાગે હરિયાણા, ઉત્તર પ્રદેશ, મણિપુર, મહારાષ્ટ્ર તથા ઓડિશા જેવાં રાજ્યોમાંથી ઍથ્લીટો-ખેલાડીઓ ચમકતા જોવા મળતા હતા, પરંતુ હવે એ રાજ્યોમાં ગુજરાત, રાજસ્થાન, જમ્મુ-કાશ્મીર જેવા રાજ્યો તેમ જ વિદર્ભ જેવાં પ્રાન્તોના નામ પણ ઉમેરાયા છે. આવનારાં વર્ષોમાં ભારતમાં સ્ટેડિયમોની સંખ્યા બમણી કરવાની સરકારની નેમ છે. એટલું જ નહીં, આ સ્ટેડિયમોમાં સંબંધિત રમતને લગતા તમામ આધુનિક ઉપકરણો અને આવશ્યક કોચિંગ-સ્ટાફ જોવા મળશે. ભારત જેમ જેમ આર્થિક વિકાસની બાબતમાં મજબૂત થાય છે એમ ખેલકૂદમાં પણ પ્રગતિ અચૂક જોવા મળશે જ. ■

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# બહારની દુનિયાથી સાવ અજાણ ગામ - ફ્લામ...

નોર્વેમાં હવે એક વાત નક્કી હતી, ક્યાંય પણ જાઓ એક જ પ્રકારના વ્યુ મળવાના હતા. છતાંય ફોસવાન્ગનનું ફ્યોર્ડ રોજ જોવા મળી જાય તો પણ તેનાથી મન ભરાય તેવું લાગતું ન હતું. આ પહેલાં સ્વિત્ઝરલેન્ડનાં લેન્ડસ્કેપનો વ્યુ એકદમ વધુપડતો ચોખ્ખો લાગતો હતો, પણ નોર્વેમાં તો કુદરતી દૃશ્યો જરા વધુપડતાં જ હાઇ-રેઝ હોય તેવું લાગતું હતું. લીલોતરી પણ વધુપડતી ઘેરી અને બ્લુ આકાશ અને પાણી પણ વધુપડતાં બ્લુ લાગતાં હતાં. ત્યાં વોસને નજીકથી જોયા પછી ફ્લામ જવાનો સમય આવી ગયો હતો.


ફ્લામમાં એક ઐતિહાસિક ટ્રેન લાઈન પર આખોય વિસ્તાર એક્સપ્લોર કરવાનો હતો, પણ તે ટ્રેન સારા વેધરમાં એવી ભરચક રહેતી કે અમે અગાઉથી બુકિંગ કરાવવા છતાં તે દિવસની છેલ્લી ટ્રેન મળી હતી. એટલે અમે બપોરે જમવાના સમય સુધી ફ્લામ પહોંચ્યાં ત્યાં અમારી પાસે છેલ્લે સાંજે છ વાગ્યાની ટ્રેન લેવાની હતી. ત્યાં સુધી ટાઇમપાસ કરવાની ફ્લામમાં કોઈ કમી ન હતી. ત્યાંનો ટ્રેન સ્ટેશનની આસપાસનો માહોલ જાણે મેળો જામ્યો હોય તેવો લાગતો હતો. ત્યાં ફ્યોર્ડમાં બોટ ટૂર્સ, ટ્રેનની લાંબી લાઈનો, સુવિનિયર સ્ટોર્સ, આ બધાં વચ્ચે નોર્વેના પ્રમાણમાં મોટો કહી શકાય તેવા સ્ટ્રીટ ફૂડ ફેસ્ટિવલની જમાવટ લાગેલી હતી. ત્યાં મોટા ભાગનું ફૂડ તો સ્થાનિક હતું, પણ સાથે થોડી દુનિયાભરની વાનગીઓનાં નોર્વેજિયન વર્ઝન પણ હાજર જ હતાં.

બરાબર લંચના સમયે ફૂડ ફેસ્ટિવલના સ્ટોલ્સ દેખાવા લાગે તો સ્વાભાવિક છે ભૂખ તો લાગવાની જ. હવે પ્રશ્ન એ હતો કે શું ખાવું ને શું ન ખાવું. મજાની વાત છે કે ત્યાં આ મોટાભાગના ફૂડ ટ્રક બારેમાસ હોય છે અને ફેસ્ટિવલ જેવો માહોલ ખાસ ટૂરિસ્ટ સીઝનમાં હોય છે. નોર્વેજિયન ફિશ સેન્ડવિચ, બીન સૂપ, થાઇ કરી, ફ્રાઇસ, બર્ગર અને જમ્યા પછી નેપ લેવાની ઇચ્છા, બધું ત્યાં એક સાથે મળી ગયું. જોકે જમ્યા પછી આરામ કરવાને બદલે અમારી ટોળકીએ સાઇકલ રેન્ટ કરીને ફ્લામ ખૂંદી વળવાની તૈયારી ચાલુ કરી. અહીં પણ દરેક જગ્યાએ બાકીની દુનિયાની જેમ સાઇકલ રેન્ટ કરવા માટેનાં સ્ટેન્ડ હતાં. અને ત્યાંથી સાઇકલ રેન્ટ કરવાનું જરાય સરળ ન હતું. અમે અને એક અમેરિકન મા-દીકરો પણ સાઇકલ કઈ રીતે ક્રેડિટ કાર્ડથી જાતે બારકોડ સ્કેન કરીને સ્ટેન્ડના લોકમાંથી કાઢવી એ પ્રયત્નમાં લાગ્યાં હતાં. અમે કોઈ









તેમાં સફળ ન થયાં. એટલે એ પણ સમજાયું કે આટલાં લોકો હોવા છતાં બધી સાઇકલો એમની એમ પડી છે તેનું કારણ એ છે કે આ સાઇકલને રેન્ટ કરવું કેટલું અઘરું હતું.

જોકે અમે સાઇકલ પર લામ ફરવાની ઇચ્છા રોકી નહીં. સ્ટેશનની પાછળના ભાગ પર અમને એક માણસ ચલાવતો હતો એવું સાઇકલ સ્ટેન્ડ મળી ગયું. પાંચ સાઇકલો નીકળી. અને હવે અમે ફ્લામનો અલગ જ હિસ્સો જોવા માટે તૈયાર હતાં. ખરેખર સાઇકલ પર જે રીતે કોઈ વિસ્તાર જોવા મળે છે તે ન કોઈ ફાસ્ટ વાહન પર જોઈ શકાય, ન પગે ચાલીને. ફ્યોર્ડ પર બાંધેલો બ્રિજ સાઇકલ પર વટાવી અમે બીજી તરફ સ્થાનિક ગામમાં પ્રવેશ્યાં. લોકોએ ગાર્ડનમાં સલાડ અને ફ્રુટ્સ ઉગાડેલાં. એક નાનકડી સ્કૂલ પણ દેખાઈ. ખાસ ખરીદી માટેનાં ઓપ્શન દેખાયાં નહીં. તેના માટે ડ્રાઇવ કરીને લોકો થોડા મોટા ગામ સુધી જતાં હશે.

લોકો ખેતી કરતાં, બાળકોને ભણાવતાં, પ્રાણીઓને પાળતાં અને મજાથી ચાલવા નીકળતાં. અહીં ટૂરિસ્ટિક વિસ્તાર સાવ નજીક હોવાં છતાં, બહારની દુનિયાનાં આધુનિક જોબ્સ અને બિઝનેસની હવા જરાય પહોંચી હોય તેવું લાગતું ન હતું. તે પછી ગાયો ભરેલું ખેતર, બતક, ઘેંટા, બધું એક પછી એક ફાર્મ વટાવતાં મજેદાર વોટરફોલ આવી ગયો. હજી આગળ નકશા પર બીજા ઘણા વોટરફોલ હતા. તેમાંય આગલા બે દિવસ એટલો વરસાદ પડ્યો હતો કે જ્યાં રેગ્યુલર ન હોય તેવી જગ્યાએ પણ નાના ધોધ બની ગયેલા. અને તે સમયે ચમકતા તડકામાં પાણી પણ ચમકી રહ્યું હતું. અને થોડી વારમાં ત્યાંનું ખ્યાતનામ ચર્ચ આવ્યું.




આ લાકડાનું ચર્ચ અહીં છેક પંદરમી સદીથી એમનું એમ ઊભું છે. ખરેખર ત્યાંનું ઓરિજનલ માળખું કેવું હશે તે વિચારવું રહ્યું. ચર્ચ પણ કોઈ પિક્ચર પોસ્ટકાર્ડનો ભાગ હોય તેવું લાગતું હતું. બેકગ્રાઉન્ડમાં નળિયાવાળાં મકાનોની ચીમનીમાંથી નીકળતો ધુમાડો, પહાડોની ઉપર ગોઠવાયેલો સૂરજ, થોડાં રડ્યાંખડ્યાં વાદળો, બધું બાળકોનાં કુદરતી દૃશ્યોનો ભાગ હોય તેવું લાગતું હતું.

સાઈકલ આગળ ચાલી અને ગ્લેસિયરથી ઓગળીને બનેલી નાની નાની કેનાલો વટાવતાં ક્યારે ઢાળ ચઢીને પહાડ પર પહોંચી ગયાં તે ખબર પણ ન પડી. ત્યાં પહોંચીને વધુ એક ધોધ જોવા મળી ગયો. ઢાળ ચઢવાની જેટલી મજા આવતી હતી એનાથી વધુ મજા ઢાળ ઊતરવાની આવે એ તો સ્વાભાવિક છે. ત્યાં દરેક ટર્ન પર વ્યુનો ફોટો પાડવાની ઇચ્છા થતી હતી અને તે ઇચ્છા કાબૂમાં રાખીને બસ આગળ પેડલ ચલાવતાં ગયાં. ફ્લામનો દરેક ખૂણો અમે બે પૈડાં પર જોઈ લીધો. અને એક વાતની તો ખાતરી થઈ જ ગઈ, ત્યાં ભલે વાઇ-ફાઈ હોય, અને દરેક પ્રકારની ટેકનોલોજી મોજૂદ હોય, ત્યાં લોકોનું કામ હજી પણ જુનવાણી હતું.

વચ્ચે વચ્ચે ઘણો સ્ટ્રેચ રેલવે ટ્રેકની બાજુમાં આવતો હતો. અમે એક ફ્લામ્સબાનાને વેવ પણ કર્યું. હજી ટ્રેન લેવાનો સમય નહોતો આવ્યો. હવે અમે રાહ જોઈને થાકી ગયેલાં. થોડું સ્નેક શોપિંગ પણ કર્યું. સાંભળવા મળેલું કે ટ્રેન પર સ્નેક કરવાનો મોકો મળશે. તો અમે સ્ટ્રોબેરી અને ક્રીમ ખરીદ્યાં. હવે ફ્લામબાનાની રાહ જોવાઈ રહી હતી. ■

# હાજર સો હથિયાર



## ઈન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

ટીના દોશી

ઈન્સ્પેક્ટર કરણ બક્ષીની અઠવાડિક રજા હતી. સામાન્યપણે કરણને રજા હોય તોય રજા ન મળતી. ચોરી, લૂંટફાટ કે ખૂન જેવી ઘટનાઓને પગલે એણે સતત દોડધામ કરવી પડતી. રજાઓમાં પણ. પરંતુ આજે ચોર, લૂંટારાઓ ને ખૂનીઓએ રજા પાડેલી, એટલે કરણ બક્ષીને પણ રજા હતી. અવકાશ મળે કે નવરાશ મળે ત્યારે કરણ મા અરુંધતીબહેન સાથે સમય ગાળવાનું પસંદ કરતો. પણ આજે મા સત્સંગમાં ગયેલાં. ઘરમાં બીજું કોઈ નહોતું. એટલે કરણે રજાની મજા માણવાનું નક્કી કર્યું. કરણ માટે રજાની મજા એટલે વાંચન. સામાન્ય સાહિત્યિક વાંચન નહીં, રહસ્યકથાઓનું વાંચન. કરણના અંગત પુસ્તકાલયમાં ગુનાખોરીની કથાઓ અને રહસ્યકથાઓનો ખજાનો હતો. સાચી અપરાધકથાઓ પણ હતી અને કાલ્પનિક રહસ્યકથાઓ પણ. કેટલાંક પુસ્તકો તો એણે બેથી વધુ વાર વાંચી નાખેલાં. કરણને અનુભવ હતો કે કોઈ કેસમાં ગૂંચવણ ઊભી થાય ત્યારે આવાં પુસ્તકોનું વાંચન ઉપયોગી થતું. ક્યારેક રહસ્યકથાના વાંચનથી અટપટો કેસ ઉકેલાઈ જતો. આ પ્રકારના વાંચનથી કરણ બક્ષી તાજગી અનુભવતો. એનું દિમાગ સ્ફૂર્તિ અનુભવતું.

આજે કરણ બક્ષીના હાથમાં કોઈ કેસ નહોતો. માત્ર મોજને ખાતર એણે અંગત પુસ્તકાલયમાં ખાંખાખોળાં કર્યાં. પણ પ્રત્યેક પુસ્તક જાણે હમણાં જ વાંચ્યું હોય તેવું લાગ્યું. પુસ્તકાલયનું એક પણ પુસ્તક ફરી વાંચવાનું એને મન ન થયું. એટલે કરણે સાર્વજનિક ગ્રંથાલયમાંથી પુસ્તક મંગાવવાનું નક્કી કર્યું. કરણ સાર્વજનિક ગ્રંથાલયનો કાયમી સભ્ય હતો. જયારે ઈચ્છા થાય ત્યારે એ ઘેર રહસ્યકથા મંગાવી લેતો. કરણે ગ્રંથાલયમાં ફોન જોડ્યો. ત્રીજી ઘંટડી વાગે એ પહેલાં સામે છેડેથી સૂરીલો સ્વર સંભળાયો : ‘હેલ્લો, સાર્વજનિક ગ્રંથાલય...હું રાશિ આપની શું સેવા કરી શકું છું ?’

‘રાશિ...’ ઈન્સ્પેક્ટર બક્ષીએ કહ્યું : ‘હું કરણ..’

‘અરે, કરણ સર...’ રહસ્યકથાઓ વાંચવાની શોખીન એવી રાશિના અવાજમાં ઉમળકો વર્તાયો : ‘કહો સર. કયું પુસ્તક મોકલું ?’

‘જે નવી રહસ્યકથા આવી હોય તે મોકલ.’ કરણ કહી રહ્યો.

‘હા સર...’ રમતિયાળ રાશિનો સુમધુર સ્વર ટેલિફોનના દોરડાને આરપાર વીંધી રહ્યો : ‘હજુ ગઈ કાલે જ ‘પરફેક્ટ પ્લાન’ નામની ભેદભરમથી ભરપૂર રહસ્યકથા આવી છે. હું હમણાં જ લઈને આવું છું. પંદરેક મિનિટમાં તમને મળી જશે.’

‘થેન્ક યુ રાશિ...’ કરણે આભાર માનીને ફોનનું જોડાણ કાપ્યું. પછી રસોડામાં જઈને ચા બનાવી. પાછો દીવાનખંડમાં આવ્યો. ચાની ચુસ્કી લેવા માંડ્યો. હજુ તો ચાનો છેલ્લો ઘૂંટ ભર્યો ત્યાં તો ડોરબેલ રણકી ઊઠી. કરણે દરવાજો ખોલ્યો. એ સાથે એક યુવક હાથમાં હથિયાર સાથે અંદર ઘૂસી ગયો. કરણ કંઈ સમજી શકે એ પહેલાં તો કમાડ ભીતરથી બંધ કરીને આગળો વાસી દીધો. કરણ આભો બનીને સામે ઊભેલા જુવાનને જોઈ રહ્યો.

ઊંચો, પહોળો, તગડો ને કદાવર હતો એ. બાંધો મજબૂત. ત્રીસેક વર્ષની આસપાસનો જણાતો હતો. શ્યામ વર્ણ. કાળું પેન્ટ ને એવું જ કાળું શર્ટ પહેરેલું. ગળામાં સોનાની ચેન, હાથમાં સોનાની વીંટી. ચહેરા પર ખૂંખાર જાનવર જેવા હિંસક હાવભાવ. કાળી આંખોમાંથી અંગારા વરસી રહેલા. આને કદાચ ક્યાંક જોયો છે. પણ ક્યાં? યાદ નથી આવતું. કરણ મગજ પર ભાર આપી રહ્યો. એણે જોયું કે ઘૂસણખોરના હાથમાં ધારદાર ખંજર હતું. એક જ ઘાએ રામ રમી જાય... ખંજર અંદર ને પ્રાણ બહાર ! કરણ મનોમન વિચારી રહ્યો : આ નમૂનો છે કોણ... ધોળે દહાડે એક ઈન્સ્પેક્ટરના ઘરમાં હથિયાર લઈને ઘૂસી જવાની હિંમત એણે કરી કેવી રીતે ?

‘મને ઓળખ્યો ?’ ઘૂસણખોરનો કર્કશ અવાજ દીવાનખંડમાં ગુંજ્યો.

‘મને લાગે છે કે મેં તમને ક્યાંક જોયા છે...’ કરણ હજુ પણ યાદ કરવાની મથામણ કરી રહેલો : ‘પણ યાદ નથી આવતું.’

‘હાસ્તો...તમે વળી અમારા જેવાને શું કામ યાદ રાખો?’ ઘૂસણખોરના અવાજમાં વ્યંગ ભળ્યો : ‘તમે તો અમારી ધરપકડ કરો, અમને જેલમાં નાખો ને પછી ભૂલી જાઓ.’

‘ઓહ..તો મેં આની ધરપકડ કરેલી...’ કરણ મગજ કસી રહ્યો, પણ કાંઈ યાદ ન આવ્યું. એ મૌન રહ્યો.

ઘૂસણખોર આપમેળે જ મોઢું ખોલે એ જરૂરી હતું.

‘મારું નામ જયેશ સોલંકી....’ ઘૂસણખોર બોલ્યો : ‘હવે યાદ આવ્યું ?’

‘જયેશ સોલંકી....’ કરણ માથું ખંજવાળી રહ્યો : ‘નામ તો સાંભળ્યું હોય એવું લાગે છે. પણ...’

‘મનસુખલાલ મારફતિયા મર્ડર કેસ યાદ છે ?’ જયેશ સોલંકી યાદ અપાવી રહ્યો.

‘અરે, હા..મનસુખલાલ મારફતિયા ?’ કરણ બક્ષીના દિમાગનો દીવો ઝબૂક્યો.

ઈન્સ્પેક્ટર કરણ બક્ષીને મનસુખલાલ મારફતિયા મર્ડર કેસ યાદ આવી ગયો. મનસુખલાલનું ચિત્ર નજર સામે ખડું થઈ ગયું. શરાફી પેઢી ચલાવતા મનસુખલાલ મારફતિયા કરોડપતિ હતા, પણ સ્વભાવના એકદમ કડકાબાલુસ. કાણી કોડીયે ન ખર્ચે એવા. ચમડી તૂટે પણ દમડી ન છૂટે એ કહેણીને સાંગોપાંગ જીવનમાં ઉતારેલી. રૂપિયાનો રણકાર સાંભળવા એમના કાન તરસ્યા રહેતા. રૂપિયો રૂપિયાને ખેંચી લાવે અને એમ રૂપિયાના સરવાળા અને ગુણાકાર થયે જાય એ જ એમનું એકમાત્ર લક્ષ હતું. પરિણામે એમની તિજોરીમાં પડ્યો પડ્યો રૂપિયો વધ્યા જ કરતો. કોઈ કોડીલી કન્યાની જેમ. દિવસે ન વધે એટલો રાત્રે વધે ને રાત્રે ન વધે એટલો દિવસે વધે !

રૂપિયો કંઇ એમનેમ નહોતો વધતો. એ તો મનસુખલાલની ચતુરાઈ, દાંડાઈ અને આડોડાઈથી વધતો હતો. મનસુખલાલ શાહુકાર હતા, એટલે બજારમાં જે નિયત વ્યાજના દર ચાલતા હોય એના કરતાં બમણા, ત્રણ ગણા કે ક્યારેક ચાર ગણા વ્યાજે એ રૂપિયા ધીરતા. એમનો એક રૂપિયો દસ રૂપિયાથી માંડીને સો રૂપિયા ખેંચી લાવવાની ક્ષમતા ધરાવતો હતો. જેવી જેની ગરજ અને જેવી રૂપિયા કઢાવવાની મનસુખલાલની આવડત. મનસુખલાલની પેઢીએ એક વાર જે પગ મૂકે એ કસાઈવાડે પુરાયેલી ગાયની જેમ ખીલે બંધાઈ જતો. મનસુખલાલ રૂપિયા વ્યાજે લેવા આવનારની ગરજ પારખી જાય પછી જાતજાતની આડીઅવળી ગણતરીઓ સમજાવીને ચક્રવર્તી વ્યાજ વસૂલતા. મુદ્દલ કરતાં બારથી પંદરગણું વ્યાજ વસૂલ કર્યાં પછી પણ ખાતેદારનો ચોપડો બંધ થતો જ નહીં. બાબરા ભૂત જેવી મનસુખલાલની ખાતાવહીમાં રૂપિયા ઓર્યા જ કરવા પડતા. રૂપિયો ગંધાય, રૂપિયો ખાઉં...!

એક દિવસ આ મનસુખલાલ મારફતિયાનું ખૂન થઈ ગયેલું. મર્ડર કેસનું ઈન્વેસ્ટીગેશન કરણ બક્ષીએ કરેલું. એણે ખૂનીની ધરપકડ કરેલી. અત્યારે મનસુખલાલનો ખૂની એના જ ઘરમાં એની સામે ખડો હતો. જયેશ સોલંકી !

‘ઈન્સ્પેક્ટર, મારો શું વાંક હતો ?’ જયેશનો બરછટ અવાજ દીવાનખંડમાં પડઘાઈ રહ્યો : ‘મને જુગાર રમવાનું વળગણ થઈ ગયેલું. શરૂઆતમાં હું ઘણી બાજીઓ રમ્યો અને લાખો રૂપિયા જીત્યો. મને જુગારનો ચસ્કો લાગ્યો. પણ પછી હું હારવા લાગ્યો. મારે એક સાથે ઘણી મોટી રકમ ચૂકવવાની આવી. ઘરમાં તો હું કોઈને કંઇ કહી શકું એમ નહોતો. એટલે મારે મનસુખલાલ પાસે વ્યાજે રૂપિયા લેવા જવું પડ્યું. બજાર કરતાં દસ ગણું વધુ વ્યાજ એ વસૂલી રહ્યો હતો. એના વ્યાજચક્રમાંથી છુટકારો મેળવવા મેં એને મોતને ઘાટ ઉતારી નાખ્યો. એમાં મેં શું ખોટું કર્યું કે તમે મારી ધરપકડ કરી ?’

કરણે ન બોલવામાં નવગુણ માનીને જયેશની આંખમાં આંખ પરોવી. એટલામાં જયેશ ખુન્નસ સાથે બોલ્યો : ‘જેલમાં જતી વખતે જ મેં નક્કી કરેલું કે લાગ મળ્યે હું તમારી સાથે બદલો લઈશ. મને પેરોલ મળતાં જ હું મારા વેરની વસૂલાત કરવા આવ્યો છું. આ ખંજર જોયું ? ખંજર તમારી આરપાર ને તમારા સોએ દહાડા પૂરા... હા, હા, હા... કેવો લાગ્યો મારો પ્લાન ?’

કરણનું મગજ સક્રિય થઈ ગયું. એ ઝડપથી વિચારવા લાગ્યો. એક દાવ ખોટો ને ખેલ ખતમ...જોકે એક બાબતનું આશ્વાસન હતું. જયેશ રીઢો ગુનેગાર નહોતો. બદલો લેવાનું ઝનૂન એના માથે સવાર હતું એ ખરું, પણ ખેલાડી તો એ કાચો જ હતો. આ એક બાબત કરણ માટે આશાનું કિરણ હતું. યોગ્ય તકની એ પ્રતીક્ષા કરી રહ્યો. પોલીસ તાલીમ દરમિયાન મગજ પર બરફ મૂકીને તંગ પરિસ્થિતિ સાથે પનારો પાડવાનું સમજાવવામાં આવેલું. અત્યાર સુધી તો પોતે ગુનેગારને સપડાવતો, પણ આજે ગુનેગારે પોતાને સપડાવેલો. કરણને યાદ હતું કે કપરી પરિસ્થિતિમાં તો હાજર એ જ હથિયાર... જયેશે પોતાનો સેલફોન છીનવી લીધેલો. રિવોલ્વર બીજા કમરાના ડ્રોઅરમાં હતી. લેન્ડલાઇનનું દોરડું જયેશે કાપી નાખેલું. એથી લેન્ડલાઇનનો ઉપયોગ કરી શકાય એમ નહોતું. ધીરજ રાખવી જરૂરી હતી. ધીરજનાં ફળ મીઠાં...

મીઠાં ફળ મળ્યાં પણ ખરાં. જયેશ હજુ તો ખંજર સાથે કરણ સામે ધસ્યો જ હતો કે ડોરબેલ રણકી ઊઠી. જયેશ ચમકીને ઊભો રહી ગયો. આંખના ઈશારે એણે કરણને દરવાજો ખોલવાનો સંકેત કર્યો. સાથે જ ચીમકી પણ આપી : ‘હં, તમે બારણું ખોલો. જે કોઈ આવ્યું છે એને દરવાજેથી જ વળાવી દેજો. પણ જો કોઈ ચાલાકી કરવાની કોશિશ કરશો તો યાદ રાખજો, આ ખંજરની અણી તમારી પીઠે જ અડાડેલી છે. કોઈ હોંશિયારી કરવાનો પ્રયત્ન કરશો તો આ ખંજર તમારું સગું નહીં થાય.’

કરણે દરવાજો ખોલ્યો. સામે સાર્વજનિક ગ્રંથાલયની રાશિ ઊભેલી. હાથમાંનું પુસ્તક કરણના હાથમાં પકડાવતાં એ બોલી : ‘સર, આજે સ્ટાફ ઓછો હતો, એટલે હું પોતે જ પુસ્તક લઈને આવી છું. તમે મંગાવેલું એ આ પુસ્તક પરફેક્ટ પ્લાન.’

રહસ્યકથા જોઈને કરણના મનમાં વીજળીનો ચમકારો થયો. એના મનમાં ઝબૂક્યું, હાજર સો હથિયાર... પરફેક્ટ પ્લાન નામની રહસ્યકથા હવે પુસ્તક નહોતું, કરણનું હથિયાર હતું. જયેશ દરવાજાની આડશે ત્રાંસો ઊભેલો. ખંજરની અણી ધીમે ધીમે કરણની પીઠમાં ખૂંપી રહેલી. એની આંખો કરણના ચહેરા પર મંડાયેલી. કરણ માટે આંખના સંકેતથી કાંઈ પણ કહેવું મુશ્કેલ બની ગયેલું. રાશિની વિવેકબુદ્ધિ પર જ મદાર હતો. જોખમ તો લેવું જ રહ્યું.

‘તારું ધ્યાન ક્યાં છે રાશિ ?’ પુસ્તક હાથમાં પકડ્યા વિના જ કરણે ઘાંટો પાડ્યો : ‘મેં પરફેક્ટ પ્લાન નહોતું મંગાવ્યું, મેં તો માઈન્ડગેમ મંગાવેલું.’

‘માઈન્ડગેમ...’ રાશિ મૂંઝાઈ : ‘પણ સર, તમે તો...’

‘એકદમ ચૂપ...’ કરણ બરાડ્યો : ‘મેં કહ્યું ને કે મેં માઈન્ડગેમ મંગાવેલું. હવે જા પાછી ને માઈન્ડગેમ લઈને આવ...’

‘પણ સર, હજુ થોડા દિવસ પહેલાં જ તો તમે માઈન્ડગેમ વાંચીને પાછું આપેલું. હવે ફરી...’ રાશિ બોલવાનું પૂરું કરે એ પહેલાં કરણ તાડૂક્યો : ‘મારે જેટલી વાર વાંચવું હોય એટલી વાર વાંચું. શું એવો કોઈ નિયમ છે કે એક વાર વાંચ્યા પછી એ જ પુસ્તક પાછું ન વંચાય.’

‘ના, સર...’ મુરઝાયેલા ફૂલની જેમ રાશિના મોં પર ઉદાસી ફરી વળી.

‘સાંભળ, મને માઈન્ડગેમની કથા બહુ ગમે છે....’ કરણ રાશિની નજરમાં નજર મિલાવી રહ્યો : ‘તું પણ રહસ્યકથા વાંચવાની શોખીન છે ને ? માઈન્ડગેમની કથા તને પણ યાદ જ હશે. તેં કહેલું ને કે આવું તો કોઈની પણ સાથે બની શકે.. તો જો, સાચે જ બન્યું છે. સમજી ?’

આ સંવાદમાં જયેશ તો કાંઈ સમજ્યો નહીં, પણ ચતુર રાશિ સમજી ગઈ. વાદળો વિખેરાતાં આકાશ સ્વચ્છ થાય એમ એના મનમાં આખું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું. માઈન્ડગેમની કથા એની સ્મૃતિમાં અકબંધ સચવાયેલી. બદલો લેવાના ખુન્નસ સાથે એક અપરાધી કોઈના ઘરમાં ધારદાર હથિયાર સાથે ઘૂસી જાય છે. એ જ સમયે ગ્રંથાલયનો કર્મચારી દરવાજે આવીને ઊભો રહે છે. ઘરમાં કેદ થયેલો પેલો માણસ કર્મચારીને અગાઉ વાંચેલું પુસ્તક જ ફરી લાવવા કહે છે. એ પુસ્તકમાં પણ ઘરમાં ઘૂસી ગયેલા અપરાધીની કથા હોય છે. એ પુસ્તક વાંચ્યું હોવાથી ગ્રંથાલયના કર્મચારીને કોઈ ગરબડની આશંકા જાગે છે. એ પોલીસને લઈને પેલા માણસના ઘેર પહોંચી જાય છે. ને અપરાધી પકડાઈ જાય છે.

‘સોરી સર...મારાથી ભૂલ થઈ ગઈ. ઉતાવળમાં હું માઈન્ડગેમને બદલે પરફેક્ટ પ્લાન લઈ આવી. હું હમણાં જ જાઉં છું ને માઈન્ડગેમ લઈને પાછી આવું છું.’ રાશિએ સ્વસ્થતાથી જે રીતે કહ્યું એ જોઈને કરણને ખ્યાલ આવી ગયો કે એ સમજી ગઈ છે. રાશિ ઝડપથી ચાલી નીકળી. જયેશે ધડામ દેતો દરવાજો વાસી દીધો. પણ કરણને ધરપત વળેલી કે ગણતરીની મિનિટોમાં પોલીસ આવી પહોંચશે. ત્યાં સુધી જયેશ સાથે માઈન્ડગેમ રમવી પડશે.

‘જયેશ, તેં મનસુખલાલનું ખૂન કરેલું, એ વાત તો સાચી ને ?’ કરણ શાંતિથી કહી રહ્યો.

‘ખૂન મેં કરેલું...’ જયેશ આક્રોશથી બોલ્યો : ‘પણ મેં એનું કારણ આપેલું ને... મેં મનસુખલાલ જેવા શેતાનનું કાસળ કાઢીને કેટલાયે નિર્દોષોને બચાવી લીધા. એનું કાંઈ નહીં ?’

‘પણ કાયદો હાથમાં લેવાની કોઈને છૂટ નથી.’ કરણ કહી રહ્યો.

‘અરે.. તારા કાયદાની ઐસી કી તૈસી...’ જયેશનો પારો ઊંચે ચડ્યો : ‘કાયદો કાયદો કરે છે.. જો તારો કાયદો તારો જીવ બચાવી શકે છે ? હમણાં આ ખંજર તારી છાતીમાં હુલાવી દઈશ. પછી કાયદો કાયદો રમ્યા કરજે.’

‘અરે ભાઈ, સાંભળ તો ખરો...’ કરણ મનમાં ગણતરી કરી રહ્યો. રાશિને પોલીસને લઈને આવવામાં વધુમાં વધુ પાંચ મિનિટ થશે. ત્યાં સુધી જયેશને સાચવી લેવો પડશે. કરણના મસ્તિષ્કમાં કહેવતો ઘૂમી વળી. અણી ચૂક્યો સો વરસ જીવે.. સર સલામત તો પઘડિયાં બહુત...જાન હૈ તો જહાન હૈ... આગેકૂચ કરવા માટે ક્યારેક પીછેહઠ પણ કરવી પડે છે. આવું વિચારીને પાંચેક મિનિટનો સમય પસાર કરવા એણે જયેશને પૂછ્યું : ‘ચા કે કોફી પીશે ?’

‘હું તને રસોડામાં જવા દઉં એટલો બેવકૂફ નથી...’ જયેશ બોલ્યો : ‘તું મારી સામે જ બેસી રહે. આ ખંજર તારી સામે જ તકાયેલું છે. તારી કોઈ અંતિમ ઈચ્છા હોય તો જણાવી દે.શક્ય હશે તો હું પૂરી કરીશ.’

‘કોઈ દરવાજો ખખડાવે છે. તું જ ખોલ, જયેશ. લાગે છે રાશિ પેલું પુસ્તક લઈને આવી છે...’ કરણ કહી રહ્યો. જયેશે હાથમાં ખંજર સાથે દરવાજો ખોલ્યો. એ સાથે જ કરણના જુનિયરો જયરાજ જાડેજા અને દેવકી દીક્ષિત ભીતર ધસી આવ્યાં. સાથે રાશિ તો ખરી જ. જયેશની ધરપકડ થતાં જ એ ચિલ્લાઈ ઊઠ્યો : ‘અરે, પોલીસ ક્યાંથી આવી ગઈ ?’

‘એ તું જેલમાં પડ્યો પડ્યો વિચાર્યા કરજે...’ કરણે હળવાશથી કહ્યું. રાશિને શાબાશી આપી. પછી જુનિયરો ભણી જોઈને સસ્મિત કહ્યું : ‘તાલીમ દરમિયાન વારંવાર શીખવવામાં આવતું કે હાજર સો હથિયાર, પણ આજે સમજાઈ ગયું કે હાજર સો હથિયાર કોને કહેવાય !’ ■

**આવતા અઠવાડિયે નવી કથા**

---

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# હોંગ કોંગનું સમુદાય કેન્દ્ર


આ એક કોમ્યુનિટી માટેનું સ્થાન – સમુદાય કેન્દ્ર છે. જ્યારે કોઈપણ સમુદાય કેન્દ્રની રચના નિર્ધારિત કરવામાં આવે ત્યારે સામાન્ય રીતે એવી અપેક્ષા હોય કે તેમાં હળવાશ હોય, હૂંફની અનુભૂતિ હોય, પરંપરાગત રીતે સ્વીકૃત પરિસ્થિતિ હોય, સામાજિક માળખાને અનુરૂપ સ્થાન–નિર્ધારણ હોય, ક્યાંક ગોપનીયતા તો ક્યાંક ખુલ્લાપણું હોય અને તે બધાં સાથે એક પ્રકારની સરળતા અને સુસંગતતા હોય. પણ અહીં આમાનું કશું જ નથી. માત્ર ૧૦૦ ચોરસ મીટર જેટલા વિસ્તારની, સ્થપતિ ‘સુ ચાંગ ડિઝાઇન રિસર્ચ ઓફિસ’ દ્વારા તૈયાર કરવામાં આવેલી આ રચના સ્થાપિત માન્યતા સાથે ઘણો વિરોધાભાસ ઊભો કરે છે. આ સમુદાય કેન્દ્રને તાજેતરમાં જ ખુલ્લું મુકાયું છે. નવીનતાને કારણે હાલમાં તો સ્થાનિક સમાજમાં તેની સ્વીકૃતિ છે, પરંતુ લાંબે ગાળે તેનાં પ્રત્યે કેવો પ્રતિભાવ અપાશે તે વિશે પ્રશ્ન રહે તેમ છે. આ રચનાની સ્વીકૃતિની માત્રા ભવિષ્યમાં જ જાણી શકાય છે. સમજવાની વાત એ છે કે શહેરી વિસ્તારમાં, અને તેમાં પણ શહેરના અન્ય વિસ્તારની સરખામણીમાં જ્યાં લગભગ છ ગણી ગીચતા છે ત્યાં, જે પ્રકારની હળવાશની આવશ્યકતા હોય તે અહીં જોવાં નથી મળતી.

આજુબાજુની પરિસ્થિતિ વચ્ચે અચંબો પમાડે તેવી સાવજ આગંતુક જણાતી આ રચના છે. એક દાવા પ્રમાણે આ રચના લોકોને ‘ક્ષણિક મનોરંજન’ આપી શકે, પરંતુ આ મનોરંજન ક્યાંક મગજ પર ભાર લાદી દે તેવું છે. એમ કહેવામાં આવે છે કે આ રચનાથી શહેરી જીવનને એક નવો અનુભવ મળશે, પરંતુ આ અનુભવની યથાર્થતા ચકાસવી જરૂરી છે. શહેરનો આ વિસ્તાર વિવિધ પ્રકારની માલિકી હેઠળ આવતો હતો, તેથી કદાચ અહીં દરેકની ભાવનાને ન્યાય આપવાનું મહત્ત્વ રહેલું હશે. પણ આ રચના દ્વારા મળતો ન્યાય યોગ્ય છે કે નહીં તે પ્રશ્ન જાણે પુછાયો નથી. અહીં જે મુખ્યત્વે વાંસ અને લાકડામાંથી બનાવાય સામૂહિક જાહેર છત્રીની જે કલ્પના છે, તે એક રીતનું હંગામીપણું સ્થાપિત કરે છે.

સામાજિક સમુદાય કેન્દ્રમાં આવું હંગામીપણું ઇચ્છનીય ન ગણાય. આબોહવા પ્રત્યેની અનુકૂળતા માટે પણ અહીં જે દાવો કરાય છે તે સહજતાથી સ્વીકારી શકાય તેવો નથી. ક્યારેક તો એમ પણ લાગી શકે કે અહીં વપરાયેલી દરેક સામગ્રીને – તે પણ વધારે માત્રામાં વપરાયેલી – જાણે ‘પ્રાથમિક સમજ’થી જ ખડકી દેવાઈ છે. આવી બહુવિધ માલિકી ધરાવતી જગ્યામાં ઉચ્ચ-ગુણવત્તાવાળું







સમુદાય કેન્દ્ર કેવી રીતે બનાવવું તે એક મુખ્ય પડકાર હતો. આ પડકાર ઝીલવામાં સ્થપતિ ક્યાંક વધુ પડતો ઉત્સાહી થઈ ગયો હોય તેમ જણાય છે.

સકારાત્મકતાથી વિચારીએ તો ગેલ્વેનાઈઝ લોખંડ તેમજ લેમિનેટેડ વાંસનો અનોખો ઉપયોગ, કંઈક અંશે સમુદ્રી જહાજના કોઈ ભાગ જેવો દેખાવ, આકારમાં પ્રતીત થતી એક પ્રકારની તરંગમય ગતિશીલતા, વિશેષ પ્રકારની દૃશ્ય–અનુભૂતિની ઉત્તેજના સ્થાપિત કરી શકે તેવી કલ્પના, શહેરના ગીચ ઘનતાવાળા વિસ્તારમાં આશ્ચર્ય ઉત્પન્ન કરવાનો પ્રયાસ, શહેરના જે તે વિસ્તારના કેન્દ્રમાં ‘અનોખું કેન્દ્ર’ સ્થાપિત કરવાની ચેષ્ટા, માળખાકીય બંધારણમાં એક પ્રકારની સ્પષ્ટતા, સ્થાનના ચોક્કસ વિભાગ પ્રત્યેની વિશેષ પ્રકારની સન્મુખતા, માહિતી તેમજ ચોક્કસ પ્રકારની સમજણ માટે ‘પ્લેટ’નો સર્જનાત્મક ઉપયોગ, જૂની અને નવી તકનીક વચ્ચેનું રસપ્રદ સમન્વય, છત અને દીવાલ વચ્ચેના ભેદનો અભાવ, વળાંકાકારનો માળખાકીય ઉપયોગ, લાકડાં અને ધાતુ વચ્ચેનું રસપ્રદ સમીકરણ તથા સમગ્ર રચનાની ઉપયોગિતામાં સંભવિત ઇચ્છનીય વિવિધતા જેવી વાતોની ચર્ચા કરી શકાય.

આ સમગ્ર રચનાનો પ્લાન પાંચ પાંદડાના ખંડિત ફુલ સમાન છે. અહીં લગભગ ત્રિકોણ કહી શકાય તેવાં પાંચ ભાગ એક કેન્દ્રમાં જોડાય છે. એમ પ્રતીતિ થઈ શકે કે આમાં ત્રણ પાંદડા ખૂટે છે. આ ત્રણ પાંદડા વાળો, ખાલી રખાયેલો ભાગ સામેની જગ્યામાં ખૂલે છે.

અહીંથી આ રચના આગળના વિસ્તારમાં પ્રસરે છે. અહીં સામે ઔપચારિક અને અનૌપચારિકના સમન્વય સમી બેઠક વ્યવસ્થા છે. અહીં મોટા માપના લાકડાની માળખાકીય રચના પર વાંસ, લાકડા તથા ગેલ્વેનાઈઝ લોખંડની પ્લેટ જડી દઈને દીવાલો અને છત ઊભી કરાઈ છે.

રસપ્રદ રીતે અહીં દીવાલો જ ઉપર જતા વળાંક લઈને છત બની જાય છે. અહીં બારી બારણા કશું જ નથી, અને તેથી ચારેય દિશામાંથી અહીં પ્રવેશ શક્ય બને છે.

એક રીતે જોતાં આ રચનાને સ્થાન કે આબોહવા સાથે કોઈ સંદર્ભ નથી, તે ગમે ત્યાં હોઈ શકે. તેની સાથે ચોક્કસ પ્રકારની ઉપયોગિતા પણ સંકળાયેલી નથી, તેનો ઉપયોગ કોઈપણ પ્રકારે કરી શકાય. તેનાં આકાર સાથે ‘ચૈત્ય’નો ખ્યાલ વણાયેલો હોઈ શકે, પરંતુ તે ધાર્મિક આકારની અહીં સંદર્ભિકતા ચકાસવી પડે. આ રચનાનું પ્રમાણમાપ પણ ‘સંસ્થાકીય’ નથી અને તેથી સમુદાય કેન્દ્રની ધારણા ક્યાંક નબળી પડે છે. એમ જણાય છે કે આ મકાન, મકાન ઓછું અને ‘શોપીસ’ વધારે છે. એમ પણ જણાય છે કે સ્થપતિએ ‘આમ જ કરવું’ તેમ નક્કી કરી દીધું હશે અને પછી તે પ્રમાણે રચના નિર્ધારિત થઈ. સમજવાની વાત એ છે કે સ્થાપત્ય એ કંઈ બહારથી લાદી દેવામાં આવેલી ઘટના ના હોઈ શકે. અહીં એ રીતની ક્યાંક પ્રતીતિ થાય છે. ■

## એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# ગુપ્તેશ્વર મહાદેવ તથા પંચમુખી ગણેશજી

### નેપાળમાં કાલ ભૈરવ, શ્વેત ભૈરવ સહિત વિવિધ ૧૦ સ્વરૂપ જોવા મળે છે.



ગુપ્તેશ્વર મહાદેવ પોખરાનું પ્રમુખ આકર્ષણ છે



શ્વેત ભૈરવઃ ન્યાયના રખેવાળ



પંચમુખી ગણેશના દર્શન માટે કેબલ કારમાં જવું પડે



ગાય શિવલિંગનું રક્ષણ કરતી હોય એવું પ્રતીત થાય છે

નેપાળ આર્થિક સંકડામણમાં જીવતો દેશ છે, પણ છેલ્લાં કેટલાક વર્ષથી દેશની જીડીપી - ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટમાં ધીમો પણ મક્કમ વધારો થઈ રહ્યો છે. આયાત પર નભવું પડતું હોવાથી તેમજ ઘરઆંગણે ખપત ઓછી હોવાથી નેપાળના આર્થિક વિકાસમાં સમસ્યા આવે છે. જોકે, તાજેતરના વર્ષોમાં જે પોઝિટિવ બદલાવ આવ્યો છે એમાં ટૂરિઝમનો મોટો ફાળો છે. દર વર્ષે દેશ - વિદેશથી આવતા સહેલાણીઓ અર્થતંત્ર માટે પોષક સાબિત થાય છે. કાઠમંડુ ઉપરાંત પોખરા, લુમ્બિની અને જોમસોમમાં આવેલા ધાર્મિક સ્થાનની મુલાકાતે મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે.

અમારા તાજેતરના નેપાળ પ્રવાસ દરમિયાન કાઠમંડુ ઉપરાંત પોખરાના ધર્મ સ્થળોની મુલાકાતનો લાભ પણ મળ્યો, પણ સમયના અભાવે મુક્તિનાથ અને લુમ્બિની નહીં જઈ શકાયું એનો થોડો અફસોસ જરૂર થયો. જોકે, અંતે કવિ કલાપીની પંક્તિ 'માણ્યું તેનું સ્મરણ કરવું એ ય છે એક લ્હાણું'ની ફિલસૂફી અપનાવી જે જોયું એનો ભરપૂર આનંદ લીધો.

**ગુપ્તેશ્વર મહાદેવઃ**

મુંબઈથી કાઠમંડુ હવાઈ માર્ગે સફર કર્યા પછી કાઠમંડુથી પોખરા પણ વિમાનની મુસાફરી જ હતી. જોકે, ફક્ત અડધો કલાકમાં પહોંચી ગયા ત્યારે ૧૯૮૦ના દાયકામાં મુંબઈ - ભાવનગરની હજી બેઠા ત્યાં તો ઊતરવાનું આવ્યું એ ફ્લાઈટ યાદ આવી ગઈ. પોખરા જવાના હો તો ગુપ્તેશ્વર મહાદેવ ગુફા - મંદિરની મુલાકાત લેવાનું ચુકતા નહીં એવું ગાઈ વગાડીને કહેવામાં આવ્યું હતું. સાડા છ હજાર ફુટ લાંબી નેપાળની આ સૌથી લાંબી ગુફા નેપાળી ભાષામાં 'ભાલૂ દુલો' (રીંછની ગુફા) તરીકે ઓળખાય છે. આ ગુફામાં સહેલાણીઓની નિયમિત આવનજાવન શરૂ થવા પૂર્વે ત્યાં રીંછ રહેતા હતા એવી જાણકારી સ્થાનિક લોકોએ આપી. ૧૬મી સદીમાં નજરે પડેલી ગુફાની જગ્યામાં પ્રવેશતાની સાથે જ અચરજના આલમનો આરંભ થાય છે. ગોળાકાર સીડીમાં પગ માંડતી વખતે જાળવીને ઊતરવાની સલાહ આપવામાં આવે છે, કારણ કે માર્ગ સાંકડો છે, બે પગથિયાં વચ્ચે અંતર ખાસ્સું છે અને લપસી જવાની ભીતિ રહેલી છે. શરૂઆતમાં જ ભગવાન વિષ્ણુની પ્રતિમા શયન અવસ્થામાં જોવા મળે છે. આ અવસ્થા શેષશાયી (શેષનાગ પર શયન કરતી અવસ્થા)કહેવાય છે. સીડી ઉતરતી વખતે કલાકૃતિ જોવા મળે છે, જેમાં સમુદ્ર મંથન ઘટનાનું સુંદર ચિત્રણ જોવા મળે છે. ભગવાન વિષ્ણુએ મંદરાચલ પર્વતને સ્થિર રાખી દેવો, દૈત્યો અને દાનવોએ વાસુકિ નાગને દોરડું બનાવી સમુદ્રમંથનનો આરંભ કર્યો એની ઝાંખી જોવા મળે છે. ગુફામાં પ્રવેશતા કાળા ડિબાંગ અંધારાનો સામનો ન કરવો પડે એટલે વીજળીના બલ્બની વ્યવસ્થા કરવામાં આવી છે. અલબત્ત, ઝીણવટથી નિરીક્ષણ કરવું હોય તો ટોર્ચ હાથવગી હોય એ જરૂરી છે. અહીં વધુ એક અચરજ થાય છે. ગૌશાળામાં ગાય ઊભી હોય એવું પ્રતીત થાય છે. ધ્યાનથી જોતા એ શિવલિંગની ઉપર ઊભી હોવાનું નજરે પડે છે. જાણે કે શંકર ભગવાનનું રક્ષણ કરતી હોય! આગળ ચાલતા અલગ અલગ ગોખલામાં હિન્દુ દેવતાઓના દર્શન થાય છે અને અંદર સ્વયંભૂ શિવલિંગ જોવા મળે છે.

ગુફામાં એકંદરે અંધારું હોય છે, પણ એક જગ્યાએ કુદરતી પ્રકાશ નજરે પડ્યો. અહીં પાણીના એક નાનકડા ધોધે સૌનું ધ્યાન ખેંચ્યું. ડેવિસ ફોલ તરીકે ઓળખાતો આ ધોધ નેપાળી ભાષામાં 'પાતાલે છાંગો' (પાતાળનો ધોધ) તરીકે પ્રચલિત છે. પાણીનો પ્રવાહ દિલ દિમાગને ગજબની ઠંડક આપે છે.

**પંચમુખી ગણેશઃ**

નેપાળમાં પર્વતીય વિસ્તાર ઘણો છે. પોખરાના સારંગકોટ પર્વતની મુલાકાત નયનરમ્ય દૃશ્યો પૂરા પાડે છે. કેબલ કારમાં સવાર થઈ ઉપર પહોંચ્યા ત્યારે વરસાદ પડતો હોવાથી સૂરજદાદાના દર્શન દુર્લભ હતા. સૂર્યાસ્ત જોવા ન મળ્યો, પણ નેપાળની પ્રથમ પંચમુખી ગણેશજીની પ્રતિમાના દર્શન થયા. આ પ્રતિમા નવી છે. એની નીચે મૂકેલી માહિતી અનુસાર એનો શિલાન્યાસ સાતમી સપ્ટેમ્બર, ૨૦૨૨ના દિવસે કરવામાં આવ્યો હતો અને ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ના શિવરાત્રીના દિવસે એ દર્શન માટે ખુલ્લી મૂકવામાં આવી હતી. ૫૧ ફુટ ઊંચી પ્રતિમા ગણેશજીનું અત્યંત શક્તિશાળી સ્વરૂપ માનવામાં આવે છે. નકારત્મક ઊર્જાથી રક્ષણ કરી જીવનમાં સમૃદ્ધિ અને સફળતા પ્રદાન કરે છે એવી માન્યતા છે. સમૃદ્ધિ અને સફળતાની તો ખબર નથી, ગણેશજીની ભવ્ય પ્રતિમા જોઈ અને આસપાસના આહ્લાદક વાતાવરણને કારણે પગપાળા ઊંચાઈએ ચડવાનો શારીરિક થાક તો ગાયબ થઈ જ ગયો, પણ સાથે સાથે પ્રાકૃતિક સૌંદર્યથી મન પ્રસન્ન થઈ ગયું. થોડા પગથિયાં ચડી એક જગ્યાએથી અન્નપૂર્ણા પર્વતમાળાનું મનોહર દૃશ્ય જોવા મળ્યું એ છોગામાં. પોખરાના ધાર્મિક પર્યટનનું આ આગવું આકર્ષણ છે.

**શ્વેત ભૈરવઃ**

ભગવાન શિવજીનું સૌથી ઉગ્ર અને રૌદ્ર સ્વરૂપ ભૈરવ કહેવાય છે. પુરાણકથા અનુસાર બ્રહ્માજીનો અહંકાર નષ્ટ કરવા શિવજીએ ભૈરવ અવતાર લીધો હતો. એને બ્રહ્માંડના સંરક્ષક અને વિનાશકારી શક્તિનું પ્રતીક માનવામાં આવે છે. ગાઈડે આપેલી જાણકારી અનુસાર કાઠમંડુના ખીણ પ્રદેશમાં ભૈરવના ૧૦ સ્વરૂપ હાજર છે. કેટલાક સ્વરૂપના નામ સુધ્ધાં પહેલી વાર સાંભળ્યા. કાલ ભૈરવ સૌથી પ્રચલિત સ્વરૂપ છે. બટુક ભૈરવ પણ અનેક લોકો જાણતા હશે. આ સિવાય 'હયગ્રિવા ભૈરવ', 'કીર્તિમુખ ભૈરવ', 'શ્વેત ભૈરવ', 'શાંત ભૈરવ', 'આકાશ ભૈરવ', 'બાઘ ભૈરવ', 'ઉન્મત ભૈરવ' અને 'પચલી ભૈરવ' પણ છે. જોકે, વિવિધ સ્થળે હોવાથી કેવળ કાલ ભૈરવ અને શ્વેત ભૈરવના જ દર્શનનો લાભ મળ્યો. કાઠમંડુના દરબાર સ્કવેર વિસ્તારમાં કાલ ભૈરવ અને શ્વેત ભૈરવ લગભગ સો ફૂટના અંતરે છે. ઈ.સ. ૧૭૯૦ની આસપાસ નેપાળના રાજા રામબહાદુર શાહએ આ પ્રતિમા તૈયાર કરાવી હોવાની નોંધ ઈતિહાસના ચોપડે છે. સફેદ પથ્થરમાંથી પ્રતિમા તૈયાર કરવામાં આવી હોવાથી શ્વેત ભૈરવ તરીકે ઓળખાય છે. વર્ષના મોટાભાગના દિવસો દરમિયાન આ શ્વેત ભૈરવને ઢાંકી રાખવામાં આવે છે. દર વર્ષે સપ્ટેમ્બરમાં 'ઈન્દ્ર જત્રા' તરીકે ઓળખાતા ઉત્સવ દરમિયાન શ્વેત ભૈરવ આડેનું આવરણ હટાવી લેવામાં આવે છે. ઉત્સવ દરમિયાન ભૈરવના મુખમાંથી વાંસના પાઇપની મદદથી ચોખાને આથો લાવી તૈયાર કરવામાં આવતું પીણું ભક્તજનોને પ્રસાદ તરીકે આપવામાં આવે છે. એના સેવનથી આરોગ્યની જાળવણી, ભાગ્યનો ઉદય અને આત્મબળ વધે છે એવી માન્યતા છે. રૌદ્ર સ્વરૂપ હોવા છતાં શ્વેત ભૈરવ રક્ષાનું પ્રતીક માનવામાં આવે છે. આ ભૈરવ કાઠમંડુ શહેરને દુષ્ટ શક્તિથી બચાવવાનું કામ કરે છે. રુદ્ર સ્વરૂપમાં હોવા છતાં પ્રતિમાનો શ્વેત રંગ શુદ્ધતા અને પવિત્રતાનું પ્રતિનિધિત્વ કરે છે. અમારો પ્રવાસ માર્ચ મહિનામાં હોવા છતાં શ્વેત ભૈરવના દર્શન થયા એનું કારણ એવું છે કે આ વર્ષથી એના દર્શન વધુ સમય માટે થાય એવો નિર્ણય લેવામાં આવ્યો છે.


નેપાળના ધાર્મિક મહત્ત્વ અને દ્રષ્ટિકોણ ધરાવતા પ્રવાસને બ્રેક મારી એના પ્રાકૃતિક સૌંદર્ય ને એડવેંચર સ્પોર્ટ્સનો આનંદ માણ્યો એની વાત આગળ કરીશું. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# ખાધું પીધું મતદાન મથક સુધી આવે...

### અહીં કવિ કહેવા માગે છે કે 'જે જાજું ખવડાવશે અને પીવડાવશે તેને મત આપશું!'




ચૂંટણીનો પવન ફૂંકાય એટલે ગલીએ ગલીએ નેતાઓનાં હોર્ડિંગ્સ લાગવા માંડે, પણ આ વખતે પવન જરા અલગ દિશામાં વાઈ રહ્યો છે. અત્યાર સુધી આપણે 'વિકાસ' કે 'પરિવર્તન' જેવા ભારેખમ શબ્દો સાંભળતા હતા, પણ અમારા મહોલ્લાના નાકે ઊભેલા ચુનિયાએ આ વખતે એક નવું જ ક્રાંતિકારી સૂત્ર વહેતું મૂક્યું છેઃ 'જે જાજું ખવડાવશે, પીવડાવશે અને ઉપરથી પાંચસો-હજાર ખવડાવશે, તેને જ મત આપશું!'

આ સૂત્ર સાંભળતા જ આખા વિસ્તારમાં લોકશાહીનો એક નવો જ 'સ્વાદ' ફેલાઈ ગયો છે. ચુનિયાનું તર્ક બહુ સીધું છે. એ કહે છે, 'ભાઈ, પાંચ વર્ષ સુધી આ નેતાઓ આપણું લોહી પીવે, એના કરતાં બે મહિના આપણે એમનું તેલ અને ખિસ્સા કેમ ન પીવા?'

મેનૂ કાર્ડ એ જ મેનિફેસ્ટો. પહેલાંના જમાનામાં નેતાઓ 'સંકલ્પ પત્ર' બહાર પાડતા. હવે જમાનો બદલાયો છે. હવે મતદારોને આશા છે કે નેતાજી વચનોની યાદી નહીં, પણ 'કેટરર્સ'નું લિસ્ટ અને 'કવર' લઈને આવે. જે પક્ષના મેનૂમાં પનીર ટીક્કા અને છેલ્લે પાન-મસાલાની વ્યવસ્થા હશે એ પક્ષની જીત પાકી સમજવી. જો કોઈ નેતા ભૂલથી પણ 'ગરીબ કલ્યાણ'ની વાત કરે, તો જનતા તરત પૂછે છે, 'એ બધું ઠીક છે સાહેબ, પણ મેનૂમાં ગુલાબજાંબુ ગરમાગરમ મળશે કે પેકેટવાળા? અને હા, ગળામાં ડૂચો ભરાય તો ઉતારવા માટે લિક્વિડમાં શું છે?'

આપણા દેશમાં (અને ખાસ કરીને અમુક 'ડ્રાય' સ્ટેટ્સમાં) ચૂંટણી ટાણે જે 'પીણાં'ની ગંગા વહે છે, એ જોઈને તો ભલભલા તરસ્યા તણાવા માંડે. અહીં માત્ર શરબત કે છાસની વાત નથી થતી, સાહેબ! અહીં તો 'સ્પેશિયલ' પાણીની બોટલો ફરે છે, જેના ઉપર લેબલ નથી હોતું પણ અંદર 'કિક' પૂરેપૂરી હોય છે.

ચૂંટણી એટલે તરસ્યા મહોલ્લાઓ માટે 'વોટર વર્કસ'ની સ્કીમ! નેતાજી ભાષણ આપતા હોય કે 'હું ભ્રષ્ટાચાર નાબૂદ કરીશ,' ત્યારે પાછળ બેઠેલો કાર્યકર ચુનિયાના કાનમાં ફૂંક મારે છે, 'રાત્રે અગિયાર વાગ્યે ઓલી ડેરીની પાછળ પહોંચી જજે, પેટીઓ ઊતરી ગઈ છે!' પછી તો ભ્રષ્ટાચાર નાબૂદ થાય કે ન થાય, પણ અડધો મહોલ્લો 'લોકશાહીના નશામાં' ઝૂલતો થઈ જાય છે.

જોકે અહીં વાત માત્ર પેટ ભરવા કે ગળું ભીનું કરવાથી પૂરી નથી થતી. અસલી ખેલ તો 'રોકડા' ખાવાનો છે. મતદાર હવે જાગૃત થયો છે, એ જાણે છે કે નેતાજી જે ખવડાવે છે એ તો 'સ્ટાર્ટર' છે, 'મેઈન કોર્સ' તો કવરમાં છે!

એક નેતાજી ઘરે વોટ માગવા આવ્યા. ઘરધણીએ પૂછ્યું, 'સાહેબ, શું આપશો?'

નેતાજી કહે, 'હું રસ્તા બનાવીશ, ગટર લાઈન નાખીશ...'

ઘરધણીએ વચ્ચે જ અટકાવ્યા, 'સાહેબ, રસ્તા તો પછી બનશે, અત્યારે 'ગાંધીછાપ' કાગળિયાં કેટલા વહેંચશો એ કહોને? રસ્તા પર ચાલવા માટે ચંપલ લેવાના પૈસા તો આપો!'

હવે તો રેટ-કાર્ડ ફિક્સ હોય છે. 'પાંચસોમાં પક્ષપલટો, હજારે આખું ઘર અને બે હજારે આખો મહોલ્લો!' નેતાઓ પણ આ 'રૂપિયા ખવડાવવાની' કળામાં માહેર થઈ ગયા છે. કોઈ પુસ્તકની અંદર નોટ મૂકીને આપે છે, તો કોઈ વળી 'પ્રસાદ'ના નામે પકડાવી દે છે. જનતા પણ વિચારે છે કે, 'પાંચ વર્ષ સુધી આ ભાઈ આપણી ઉપર કમાણી કરવાના છે, તો અત્યારે એમના નફામાંથી આપણો 'શેર' કેમ ન લેવો?'

મતદાર તો કહે જ છે કે સ્વાદદાન કરો અમે મતદાન કરીશું.

ગઈકાલે જ રસ્તામાં એક ભાઈ મળ્યા, એમના બંને ગજવાં ફૂલેલાં હતાં અને હાથમાં ખમણનું પડીકું હતું. મેં પૂછ્યું, 'કેમ ભાઈ, કોને મત આપવાના છો?'

તેમણે ત્રીજી વાર ઓડકાર ખાતા કહ્યું, 'હજુ નક્કી નથી કર્યું. સવારે 'અ' પક્ષના ત્યાં ગાંઠિયા ખાધા, બપોરે 'બ' પક્ષવાળાએ કવર આપ્યું અને સાંજે 'ક' પક્ષના ત્યાં 'ઠંડુ-પીણું' પીવા જવાનું છે. છેલ્લે જેનું 'પેકેજ' ભારે હશે, એના બટન પર આંગળી મુકાશે!'

આને કહેવાય સાચી લોકશાહીની 'બજાર'! જ્યાં મત વેચાય છે અને મોજ લેવાય છે.

ચુનિયો કહે છે તેમ, 'સાહેબ, દેશનું ભવિષ્ય તો પાંચ વર્ષ પછી ખબર પડશે, પણ મારું પેટ અને ખિસ્સા તો અત્યારે જ ખાલી છે ને!'

આમ, 'જે જાજું ખવડાવશે, પીવડાવશે અને ગજવાં ભરશે તેને મત આપશું.' એ માત્ર એક રમૂજ નથી, પણ આજના યુગની ચૂંટણીની કડવી સચ્ચાઈ છે. નેતાઓ સમજી ગયા છે કે જનતાને લાંબી સ્પીચમાં નહીં, પણ ભરેલી થાળીમાં રસ છે.

તો ચાલો, આ વખતે આપણે પણ તૈયાર રહીએ. હાથમાં વોટર આઈડી, ગળામાં તરસ અને ખિસ્સામાં ખાલી કવર લઈને લાઈનમાં ઊભા રહીએ. નેતાજી આવશે, પીરસશે, પાશે અને ખિસ્સામાં 'ગાંધીજી' પકડાવશે. પણ યાદ રાખજો, જે આજે 'મફત' લાગે છે, એનું બિલ આવતા પાંચ વર્ષ સુધી આપણે વ્યાજ સાથે ચૂકવવાનું જ છે. ■

**વિચારવાયુઃ**

'બાપના કર્યા બેટા ભોગવે' એ જ રીતે જૂના ભ્રષ્ટાચારી નેતાઓને કારણે નવા નેતાઓ ગાળું, ને વધારામાં જૂતા ખાય છે.

## ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# આર્થિક રીતે સ્વતંત્ર મહિલા વધુ પ્રમાણમાં જાતીય હિંસાનો ભોગ કેમ બને છે?

### આર્થિક સમાનતામાં આઈસલેન્ડની મહિલા અવ્વલ બની, પણ...



ગત સપ્તાહે મહિલા અનામત બિલ અંગે જાહેર માધ્યમોમાં બહુ ચર્ચાઓ ચાલી. આમ તો કોઈ પણ મુદ્દે એક હદ કરતાં વધારે રાજકારણ ખેલાવા માંડે એ પછી મુદ્દાનું મરણ થઇ જતું હોય છે. બિલ અને એના રાજકારણ વિશે ઘણી ચર્ચાઓ વીતેલા દિવસોમાં થઇ ગઈ. આપણે એ બધામાં નથી પડવું. મૂળ મુદ્દો સ્ત્રીસશક્તીકરણનો છે અને સૌથી પહેલો પ્રશ્ન એ છે કે આ 'સ્ત્રીસશક્તીકરણ' એટલે એક્ઝેટલી- ચોક્ક્સ શું?

આમ જુઓ તો આખો મુદ્દો જ બહુ પેચીદો છે. બહુ સાદી વ્યાખ્યા એ છે કે સ્ત્રીઓને પણ પુરુષની લગોલગ હક ભોગવવા મળે. આખી વાતનું વિકૃત પાસું એ છે કે આધુનિક તરીકે ઓળખાવા મથતી ઘણી નારીઓ (અને નરો પણ) સ્ત્રીસશક્તીકરણને મોડી રાત સુધી છૂટથી હરવા-ફરવા, સિગરેટ-શરાબ પીવા કે પૈસા ખર્ચવાની સ્વતંત્રતા પૂરતું સીમિત ગણી લે છે. આ લોકો સ્વતંત્રતા અને સ્વછંદતા વચ્ચેની ભેદરેખાને ચતુરતાથી ચાતરી જાય છે.

બીજી તરફ, ચોક્કસ વર્ગની બદમાશીઓને બાજુએ રાખીને વિચારતા સમજાશે કે સ્ત્રી માટે બે વાત સૌથી મહત્ત્વની ગણાય - શિક્ષણ માટેની સમાન તકો અને આર્થિક સમાનતા. સ્ત્રીઓમાં હવે શિક્ષણનું પ્રમાણ વધતું જાય છે. પણ આર્થિક મોરચે સમાનતા હજી નથી આવી. દુનિયાના મોટા ભાગના દેશોમાં પણ એકસરખા પદ ઉપર કામ કરતા સ્ત્રી-પુરુષના વેતનમાં ભેદભાવ જોવા મળશે. દુનિયાનો એક પણ દેશ સ્ત્રી-પુરુષોને મળતા વેતનને લઈને સંપૂર્ણ સમાનતા નથી લાવી શક્યો. આ મુદ્દો કદાચ મોટા ભાગના દેશોના એજન્ડા પર જ નથી. માત્ર ગણતરીના યુરોપિયન દેશો આ દિશામાં કાર્ય કરી રહ્યા છે.

**૧૯૭૫નો 'વુમન્સ ડે ઓફ'**

વર્લ્ડ બેંકના રિપોર્ટ્સ મુજબ આઈસલેન્ડ, નોર્વે, ફિનલેન્ડ અને ન્યૂઝીલેન્ડ જેવા દેશો જેન્ડર ઇક્વાલિટી બાબતે નોંધપાત્ર કામ કરી રહ્યા છે. આ તમામ દેશ નોર્થ યુરોપમાં આવેલ હોવાથી નોર્ડિક કન્ટ્રીઝ તરીકે જાણીતા છે. નોર્ડિક ગ્રૂપમાં ય આઈસલેન્ડની મહિલાઓ આર્થિક રીતે સૌથી નસીબદાર છે. કેમકે તે વેતન બાબતે પુરુષોની લગોલગ પહોંચી શકી છે. જો કે એમને ય આ હક પતાસાની સહેલાઈથી જેમ નથી મળ્યો, બલકે દશકોના પ્રયત્નો બાદ પ્રાપ્ત થયો છે.

૨૪ ઓક્ટોબર, ૧૯૭૫નો દિવસ આઈસલેન્ડના ઇતિહાસમાં બહુ મહત્ત્વનો ગણાય છે. એ દિવસે દેશની લગભગ નેવું ટકા સ્ત્રીઓ અદબ વાળીને બેસી ગઈ. મહિલાઓ એ દિવસે ઘર, કામકાજના સ્થળો અને બાળકોને રઝળતા મૂકીને રસ્તાઓ પર ઉતરી આવી અને ઠેર ઠેર મોટી રેલીઓ તેમજ સભાઓ ભરી. એમની એક જ માંગ હતી કામ કરવા બદલ જેટલા રૂપિયા ભાયડાઓને મળે છે, એટલા જ અમને-બૈરાઓને ય મળવા જોઈએ. આ એક જ દિવસની હડતાલે આખા દેશને હચમચાવી મૂક્યો. પછી તો સ્ત્રીસમાનતાની ચર્ચાઓ પૂરજોશમાં ચાલી અને પુરુષો બહુ જલદી આર્થિક ક્ષેત્રે સમાન અધિકાર આપવા તૈયાર થઇ ગયા. ૧૯૮૦માં તો દેશમાં પ્રથમ મહિલા પ્રધાનમંત્રીનું શાસન આવી ગયું, જે દોઢેક દાયકો લાંબું ચાલ્યું. એ પછી ૨૦૨૪માં ફરી એક વાર આઈસલેન્ડમાં મહિલા પ્રમુખનું શાસન આવ્યું જે આજદિન સુધી ચાલી રહ્યું છે. આજે આટલા વર્ષો બાદ આઈસલેન્ડમાં યુનિવર્સિટીઝથી માંડીને સરકારી અને કોર્પોરેટ સંસ્થાઓની મોટી મોટી ખુરસીઓ પર મહિલાઓ બિરાજમાન થયેલી દેખાય છે.

વર્લ્ડ બેંકનો રિપોર્ટ કહે છે કે અહીંની સ્ત્રીઓ આર્થિક રીતે સક્ષમ બનતી ગઈ અને આજે પરિસ્થિતિ એવી છે કે આઈસલેન્ડમાં એક સમાન પોસ્ટ પર કાર્યરત હોય એવા પુરુષો અને સ્ત્રીઓને મળતા આર્થિક વળતરમાં સમાનતા જોવા મળે છે. હા, કામના પ્રકાર અને કલાકો બાબતે થોડી ચણભણ છે ખરી, પણ એકંદરે નોર્ડિક પુરુષોએ સ્ત્રી સમાનતાના ધોરણો સ્વીકારી લીધા છે.

**સિક્કાની બીજી બાજુ**

આટલું વાંચીને જો તમારી અંદર વસેલી ફેમિનિસ્ટ આત્મા આઈસલેન્ડ પર ઓળઘોળ થઇ જવા થનગની રહી હોય અને સોશ્યલ મીડિયા પર આઈસલેન્ડની જેન્ડર ઇક્વાલિટીને વખાણતી પોસ્ટ ઘસડી મારવાનું ઝનૂન ચડ્યું હોય તો જરા થોભો. સિક્કાની બીજી બાજુ પણ જાણવા જેવી છે.

વાત એમ છે કે સ્ત્રીઓને છૂટથી આર્થિક વળતર આપતા નોર્ડિક દેશોમાં સ્ત્રીઓ વિરુદ્ધના ગુનાઓનું પ્રમાણ બાકીના યુરોપિયન દેશોની સરખામણીએ ખાસ્સું ઊંચું છે. એમાંય સૌથી વધુ આર્થિક સમાનતા સ્થાપનાર આઈસલેન્ડ સ્ત્રીઓ વિરુદ્ધના જાતીય ગુનાઓમાં ટોચ પર છે! ઘરેલુ હિંસા માટે અહીં Intimate Partner Violence - IPV અથવા Gender-Based Violence GBV જેવા રૂપકડા શબ્દો વપરાય છે. આંકડાઓ દર્શાવે છે કે આઈસલેન્ડ ઘરેલુ હિંસા બાબતે આખા યુરોપમાં અવ્વલ છે. યુરોપિયન યુનિયનના દેશોમાં IPVનો અનુભવ કરનારી સ્ત્રીઓની સરેરાશ ૨૨ ટકા છે. બીજી તરફ નોર્ડિક દેશો એટલે કે ડેન્માર્ક (૩૨%), ફિનલેન્ડ (૩૦%), સ્વિડન (૨૮%) અને આઈસલેન્ડ (આશરે ૪૦%) આ મામલે ખાસ્સા આગળ છે. આ આંકડાઓ ૨૦૧૮થી ૨૦૨૪ દરમિયાન થયેલ અભ્યાસનો આધારે તારવવામાં આવ્યા છે.

આવા વિરોધાભાસ પાછળ જવાબદાર કોણ? કદાચ મહિલાઓ આર્થિક રીતે સ્વાવલંબી હોવાને કારણે સમાજ કે પરિવારની સાડાબારી રાખ્યા સિવાય પોતાની ઉપર થયેલા જાતીય અપરાધો વિષે ખૂલીને બોલી શકે છે. બીજી તરફ આર્થિક સ્થિરતા માટે પુરુષ પાત્ર પરનું અવલંબન જરૂરી નથી એટલે સ્ત્રીઓ આસાનીથી પાર્ટનર બદલવાની સ્વતંત્રતા (કે સ્વચ્છંદતા) ભોગવે છે અને જૂના પાર્ટનરને બ્લેમ કરતા અચકાતી નથી. આમાં સાચું શું છે એ જાણવું લગભગ અશક્ય છે.

સ્ત્રીઓને મળતી આર્થિક સમાનતા સાથે જ વધી રહેલા સ્ત્રીવિરોધી ગુનાઓનો વિરોધાભાસ મોટા મોટા સમાજશાસ્ત્રીઓને પણ સમજાઈ નથી રહ્યો. ■

## બેંગ્લૂરુએ ગુજરાતને પાંચ વિકેટથી હરાવ્યું

# સુદર્શનની સેન્ચુરી પાણીમાં, કોહલીનો ૮૦૦ ચોગ્ગા અને ૩૦૦ છગ્ગાનો વિક્રમ

બેંગ્લૂરુ: રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)એ શુક્રવારે અહીં ગુજરાત ટાઇટન્સ (જીટી)ને સાત બૉલ બાકી રાખીને પાંચ વિકેટના તફાવતથી પરાજિત કરવાની સાથે ટૉપ-ઑર્ડરમાં સ્થાન મજબૂત કરી લીધું હતું. પંજાબ (૧૧ પૉઇન્ટ) પ્રથમ સ્થાને, બેંગ્લૂરુ (૧૦ પૉઇન્ટ) બીજા સ્થાને અને રાજસ્થાન (૧૦ પૉઇન્ટ) ત્રીજા સ્થાને છે. રનરેટના નજીવા તફાવતને લીધે બેંગ્લૂરુથી રાજસ્થાન પાછળ છે. ગુજરાત સાતમા ક્રમે છે.

શુક્રવારે ગુજરાતે ત્રણ વિકેટે ૨૦૫ રન કર્યા બાદ બેંગ્લૂરુની ટીમ ૧૮.૫ ઓવરમાં પાંચ વિકેટના ભોગે ૨૦૬ રન કરી લીધા હતા. વિરાટ કોહલી (૮૧ રન, ૪૪ બૉલ, ચાર સિક્સર, આઠ ફોર) આ મૅચનો હીરો હતો. તે


સાઈ સુદર્શન


કોહલી અને પડિક્કલ

આઇપીએલમાં એક જ ફ્રૅન્ચાઇઝી (આરસીબી) વતી ૩૦૦ સિક્સર ફટકારનાર આ ટૂર્નામેન્ટના ૧૯ વર્ષના ઇતિહાસનો પ્રથમ ખેલાડી બન્યો છે. તે આઇપીએલમાં કુલ ૮૦૦ ચોગ્ગા ફટકારનાર પ્રથમ પ્લેયર પણ બન્યો છે. કોહલી અને દેવદત્ત પડિક્કલ (પંચાવન રન, ૨૭ બૉલ, છ સિક્સર, બે ફોર) વચ્ચે બીજી વિકેટ માટે ૧૧૫ રનની મૅચ-વિનિંગ ભાગીદારી થઈ હતી. કૃણાલ પંડ્યા ૨૩ રને અને ટિમ ડેવિડ ૧૦ રને અણનમ રહ્યા હતા. ગુજરાતના રાશીદ ખાનને બે તેમ જ મોહમ્મદ સિરાજ, જેસન હોલ્ડર અને માનવ સુથારને એક-એક વિકેટ મળી હતી.

આ વખતે પહેલી જ વખત રમાડવામાં આવેલા બેંગ્લૂરુનો જેકબ બેથેલ ૧૪ રન, કૅપ્ટન પાટીદાર આઠ રન અને વિકેટકીપર જિતેશ શર્મા ફક્ત ૧૦ રન કરી શક્યો હતો.

### સાઇ સીઝનનો પાંચમો સેન્ચુરિયન

એ પહેલાં, ગુજરાતે બેંગ્લૂરુને જીતવા માટે ૨૦૬ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ગુજરાતે બૅટિંગ મળ્યા બાદ ઓપનર સાઇ સુદર્શન (૧૦૦ રન, ૫૭ બૉલ, પાંચ સિક્સર, દસ ફોર)ની ફાંકડી સદીની મદદથી ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૨૦૫ રન બનાવ્યા. સુદર્શન આ વખતની સીઝનનો પાંચમો સેન્ચુરિયન બન્યો. સીઝનમાં કુલ છ સદી નોંધાઈ છે જેમાંથી બે સૅમસને ફટકારી છે. છેલ્લા પાંચ દિવસમાં ચાર ખેલાડીની સદી જોવા મળી. સુદર્શન સેન્ચુરી પૂરી કર્યા બાદ બરાબર ૧૦૦ રનના સ્કોર પર હૅઝલવૂડને જ કૅચ આપી બેઠો હતો. સુદર્શન અને કૅપ્ટન ગિલ (૩૨ રન) વચ્ચે ૧૨૮ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થયા બાદ સુદર્શને બટલર સાથે ૩૨ રનની ભાગીદારી કરી હતી.

આ વખતે પહેલી જ વખત રમી રહેલા જેસન હોલ્ડરે (૨૩ અણનમ, ૧૦ બૉલ, બે સિક્સર, એક ફોર) ગુજરાતને ૨૦૦ રન સુધી પહોંચાડ્યા બાદ એ જાદુઈ આંકડો પાર પણ કરાવી આપ્યો હતો. ૨૦મી ઓવર સ્પિનર કૃણાલ પંડ્યાને અપાઈ હતી જેમાં હોલ્ડરે બે છગ્ગા અને એક ચોગ્ગાની મદદથી ૧૮ રન કર્યા હતા. હોલ્ડર સાથે વૉશિંગ્ટન સુંદર ૧૯ રને અણનમ રહ્યો હતો.

### સાત કરોડવાળા હોલ્ડરની પ્રથમ મૅચ

બેંગ્લૂરુના કૅપ્ટન રજત પાટીદારે ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી હતી. તેની ટીમમાં ફિલ સૉલ્ટ ઈજાગ્રસ્ત હોવાથી નહોતો રમ્યો અને જૅકબ બેથેલને તેના સ્થાને રમવાની તક અપાઈ હતી. ગુજરાતની ટીમે સાત કરોડ રૂપિયામાં ખરીદવામાં આવેલા કૅરિબિયન ઑલરાઉન્ડર જેસન હોલ્ડરને આ વખતે પહેલી વખત રમવાનો મોકો આપ્યો હતો અને તેણે ઑલરાઉન્ડ પર્ફોર્મન્સની સારી ઝલક આપી હતી. તેણે અણનમ ૨૩ રન કરવા ઉપરાંત એક વિકેટ લીધી હતી. તેના ઉપરાંત માનવ સુથારને પણ ઇલેવનમાં સમાવવામાં આવ્યો હતો. એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની પિચ પર સ્પિનર્સને બહુ ટર્ન નહીં મળે એવી સંભાવના વચ્ચે પિચ બૅટિંગ માટે વધુ અનુકૂળ હોવાને કારણે આ મૅચ થોડી હાઈ-સ્કોરિંગ થવાની સંભાવના હતી અને એવું જોવા મળ્યું હતું.

### આજે કઈ બે મૅચ?

દિલ્હી વિરુદ્ધ પંજાબ
દિલ્હીમાં, બપોરે ૩.૩૦

***

રાજસ્થાન વિરુદ્ધ હૈદરાબાદ
જયપુરમાં, સાંજે ૭.૩૦

# સચિન તેંડુલકરે ૫૩મો જન્મદિવસ ઉજવ્યો

**▶ જ્યારે ૧૪ વર્ષનો લિટલ ચૅમ્પિયન પાકિસ્તાનનો 'ફીલ્ડર' બન્યો હતો! જાણો અજાણ્યો કિસ્સો...**

નવી દિલ્હી: ક્રિકેટના ભગવાન ગણાતા ભારતના મહાન ક્રિકેટ સચિન તેંડુલકરનો ગઈ કાલે ૫૩મો જન્મદિન હતો. ૨૪ એપ્રિલ ૧૯૭૩ના રોજ મુંબઈમાં તેનો જન્મ થયો હતો. ૧૬ વર્ષ ૨૦૫ દિવસની ઉંમરે મેદાનમાં ઊતરેલા સચિને વકાર યુનુસ, વસીમ અકરમ જેવા ખૂંખાર બોલરનો સામનો કરીને સમગ્ર વિશ્વમાં પોતાની પ્રતિભાનો પરિચય કરાવ્યો હતો. તે ભારત તરફથી ઈન્ટરનેશનલ ડેબ્યૂ કરનારો સૌથી યુવા ક્રિકેટર છે.

જોકે ઘણા ઓછા લોકો જાણે છે કે ડેબ્યૂ પહેલાં સચિન પાકિસ્તાન સામે પણ રમી ચૂક્યો હતો. સત્તાવાર ડેબ્યૂના આશરે બે વર્ષ પહેલાં આ ઘટના બની હતી. જે આજે પણ ક્રિકેટ ફૅન્સને આશ્ચર્ય કરી દે છે. આ ઘટના ૨૦ જાન્યુઆરી ૧૯૮૭ની છે.


ક્રિકેટ ક્લબ ઓફ ઈન્ડિયાની સ્થાપનાના ૫૦ વર્ષ પૂરા થયા હતા. આ ખાસ અવસરને યાદગાર બનાવવા માટે મુંબઈના બ્રેબર્ન સ્ટેડિયમમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે એક મેચ રમાઈ હતી. આ કોઈ સત્તાવાર આંતરરાષ્ટ્રીય મેચ નહોતી, પરંતુ બંને ટીમોના દિગ્ગજ ખેલાડીઓ તેમાં રમતા હતા, જેના કારણે ખાસ હતી.

મેચ દરમિયાન કેટલાક પાકિસ્તાની ખેલાડી આરામ કરવા ડ્રેસિંગ રૂમમાં જતા રહ્યા હતા. આ સમયે કેપ્ટન ઈમરાન ખાનને કેટલા સબ્સટીટ્યૂટ ખેલાડીની જરૂર પડી હતી. ત્યારે ૧૪ વર્ષીય સચિન બાઉન્ડરી લાઈન પાસે હતો. ફીલ્ડરની જરૂર પડતાં જ સચિને ક્ષણનો પણ વિલંબ કર્યા વગર પાકિસ્તાન ટીમ તરફથી ફીલ્ડિંગ કરવા મેદાનમાં ઊતર્યો હતો. સચિને તે દિવસે આશરે ૨૫ મિનિટ સુધી પાકિસ્તાનની ટીમ તરફથી ફીલ્ડિંગ કરી હતી.

### વન-ડેમાં પ્રથમ બેવડી સદી ફટકારનારો બેટ્સમેન

સચિન તેંડુલકર ૧૫ નવેમ્બર ૧૯૮૯ ના રોજ પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ રમ્યો હતો. વિશ્વ ક્રિકેટ પર ૨૪ વર્ષ સુધી રાજ કર્યા બાદ, તે ૧૪ નવેમ્બર ૨૦૧૩ના રોજ પોતાની છેલ્લી આંતરરાષ્ટ્રીય મૅચ રમ્યો હતો. ૪૬૩ વન-ડે મેચમાં તેણે ૧૮,૪૨૬ રન બનાવ્યા છે. જ્યારે ૨૦૦ ટેસ્ટમાં ૧૫,૯૨૧ રન બનાવ્યા છે. તમામ ફોર્મેટ મળીને વિક્રમજનક ૧૦૦ આંતરરાષ્ટ્રીય સદી ફટકારી છે. વન-ડે ક્રિકેટમાં પ્રથમ બેવડી સદી ફટકારવાનો રેકોર્ડ પણ સચિન તેંડુલકરના નામે છે. ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ સચિને વન-ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટની પ્રથમ બેવડી સદી ફટકારી હતી.


સચિને ગઈ કાલે મમ્મી અને પત્ની અંજલિ તેમ જ લાડકા ડૉગી (જેને તે ટ્રબલ મેકર કહે છે) સાથે જન્મદિન ઉજવવાની શરૂઆત કરી હતી.


૧૯૯૪માં સચિન ઈસ્ટ બેંગાલની ફૂટબૉલ ટીમનું સુકાન સંભાળ્યું હતું. એ ટીમે ત્યારે મોહન બગાન સામેની ફાઇનલ જીતીને ટ્રોફી જીતી લીધી હતી.

### સચિન તેંડુલકરના રેકોર્ડ

સચિન તેંડુલકરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ ૩૪,૩૫૭ રન બનાવ્યા છે અને તેના આ વર્લ્ડ રેકોર્ડને તોડવો કોઈપણ બેટ્સમેન માટે અશક્ય સમાન છે. સચિને કારકિર્દીમાં કુલ ૨૦૦ ટેસ્ટ મેચ રમી છે, જે અત્યાર સુધીનો વિશ્વ વિક્રમ છે. વર્તમાન સમયમાં કોઈ પણ ક્રિકેટર સચિનના આ રેકોર્ડને તોડતો દેખાઈ રહ્યો નથી. સચિન તેંડુલકરે તેની વન-ડે કારકિર્દીમાં સૌથી વધુ ૪૬૩ મેચ રમવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. વિશ્વનો કોઈ પણ બેટ્સમેન હજુ સુધી સચિનના આ મહારેકોર્ડને તોડી શક્યો નથી, અને હાલના સમયના કોઈ ખેલાડીમાં પણ આ રેકોર્ડ તૂટે તેવા સંકેત દેખાતા નથી.

તેણે તેમની પ્રથમ વન-ડે મેચ ૧૮ ડિસેમ્બર ૧૯૮૯ના રોજ પાકિસ્તાન સામે રમી હતી, જ્યારે છેલ્લી વન-ડે મેચ ૧૮ માર્ચ ૨૦૧૨ના રોજ પાકિસ્તાન સામે જ રમી હતી. સચિનની વન-ડે કારકિર્દી ૨૨ વર્ષ અને ૯૧ દિવસ લાંબી રહી છે. સચિને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૪,૦૭૬ ચોગ્ગા ફટકાર્યા છે. વન-ડેમાં ૨,૦૧૬ ચોગ્ગા, ટેસ્ટમાં ૨,૦૫૮ ચોગ્ગા અને ટી-૨૦માં બે ચોગ્ગા ફટકાર્યા છે. સચિન તેંડુલકરના નામે એક કેલેન્ડર યરમાં સૌથી વધુ વન-ડે રન બનાવવાનો વર્લ્ડ રેકોર્ડ નોંધાયેલો છે. તેણે વર્ષ ૧૯૯૮માં ૧,૮૯૪ વન-ડે રન બનાવીને આ કીર્તિમાન સ્થાપ્યો હતો. છેલ્લાં ૨૮ વર્ષથી દુનિયાનો કોઈ પણ બેટ્સમેન સચિનના આ વર્લ્ડ રેકોર્ડને તોડી શક્યો નથી.

સચિન તેંડુલકરે ક્રિકેટના મેદાન પર દુનિયામાં સૌથી લાંબી ૨૪ વર્ષ સુધીની કારકિર્દી વિતાવી છે. તે ૧૯૮૯ થી ૨૦૧૩ સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સક્રિય રહ્યો હતો. સચિન તેંડુલકરે ૧૫ નવેમ્બર ૧૯૮૯ના રોજ ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું. તેણે પોતાની કારકિર્દીની પ્રથમ આંતરરાષ્ટ્રીય ટેસ્ટ મેચ કરાચીમાં પાકિસ્તાન સામે રમી હતી. તેણે પોતાની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ ૧૪ નવેમ્બર ૨૦૧૩ના રોજ મુંબઈમાં વેસ્ટ ઈન્ડિઝ સામે રમી હતી. સચિનના નામે ટેસ્ટ ક્રિકેટમાં ૫૧ સદી ફટકારવાનો વર્લ્ડ રેકોર્ડ નોંધાયેલો છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦ સદી ફટકારવાનો મહારેકોર્ડ પણ સચિન તેંડુલકરના નામે છે. કોહલી ૮૭ સદી સાથે બીજા ક્રમે છે. ■

# મુંબઈને હવે પ્લે-ઑફ માટે કેટલો ચાન્સ?



મુંબઈ: પાંચ ટાઇટલ જીતી ચૂકેલી મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની ટીમ આ વખતે સાતમાંથી ફક્ત બે મૅચ જીતી શકી છે અને એના ખાતે ફક્ત ચાર પૉઇન્ટ છે એટલે ક્રિકેટપ્રેમીઓમાં ચર્ચા છે કે આ ટીમ પ્લે-ઑફમાં પહોંચી શકશે કે નહીં? પ્લે-ઑફમાં પહોંચવાનો એનો રસ્તો બંધ તો નથી થઈ ગયોને?

સાતમાંથી પાંચ મૅચ હારી જનાર મુંબઈની ટીમને ગુરુવારે વાનખેડેમાં ચેન્નઈ સુપર કિંગ્સે ૧૦૩ રનથી પરાજિત કરી હતી. આઇપીએલના ઇતિહાસમાં આ ટીમની રનની દૃષ્ટિએ આ સૌથી ખરાબ હાર હતી.

જોકે પૉઇન્ટ્સ-ટેબલમાં આઠમા નંબર પર રહી ગયેલી મુંબઈની ટીમની હજી સાત લીગ મૅચ બાકી છે. આ સાત મૅચમાં હાર્દિકની સેનાએ શું કરવું પડશે એ જાણીએ...

મુંબઈએ પોતાના પર્ફોર્મન્સના જોરે નહીં, પણ કોઈ અન્ય ટીમોની સ્થિતિને આધારે પ્લે-ઑફમાં સ્થાન મેળવ્યું હોય એવું અગાઉ કેટલીક વખત બની ચૂક્યું છે. આ વખતે હવે એની જે સાત મૅચ બાકી છે એમાંથી એણે કોઈ પણ ભોગે છ જીતવી જ પડશે. જો મુંબઈ છ મૅચ જીતશે તો એના કુલ ૧૬ પૉઇન્ટ થશે. પ્લે-ઑફમાં પહોંચવા માટે આ સ્થિતિને સુરક્ષિત માપદંડ માનવામાં આવે છે. બીજી રીતે કહીએ તો મુંબઈના જો ૧૬ પૉઇન્ટ થઈ જશે તો પ્લે-ઑફમાં જવું એના માટે શક્ય બનશે અને જો એનાથી ઓછા પૉઇન્ટ હશે તો એણે અન્ય ટીમોનાં પરિણામો પર નિર્ભર રહેવું પડશે.

મુંબઈ જો બાકીની સાતમાંથી પાંચ મૅચ જીતશે તો એના કુલ ૧૪ પૉઇન્ટ થશે અને એના માટે પ્લે-ઑફનું ક્વૉલિફિકેશન થોડું મુશ્કેલ થઈ જશે. ૧૪ પૉઇન્ટ સાથે મુંબઈએ નેટ રનરેટ પણ મજબૂત બનાવવો પડશે. અત્યારે મુંબઈનો રનરેટ -૦.૭૩૬ છે. યાદ અપાવવાની કે ૨૦૨૫ની સીઝનમાં મુંબઈની ટીમ ૧૬ પૉઇન્ટ સાથે પ્લે-ઑફમાં પહોંચી હતી.

મુંબઈની આગામી મૅચ બુધવારે (પાંચ દિવસના બ્રેક બાદ) વાનખેડેમાં હૈદરાબાદ સામે રમાશે. હાર્દિક પંડ્યા ઍન્ડ કંપની જો પોતાના પર્ફોર્મન્સમાં મોટો સુધારો નહીં કરે તો એ વહેલી બહાર થઈ જશે. હવે મુંબઈની બાકીની સાતમાંથી ત્રણ મૅચ બેંગ્લૂરુ, રાજસ્થાન અને પંજાબ સામે છે અને આ ત્રણેય ટીમ શરૂઆતથી જ ટૉપ-ઑર્ડરમાં રહે છે અને બાકીની ટીમો પર દબાણ વધારતી આવી છે. મુંબઈએ ખાસ કરીને આ ત્રણ ટીમના પડકારને સફળતાથી ઝીલવો જ પડશે. ■

# મુંબઈની ચાર વિકેટ લેનાર આ ખેલાડી અપરાધની દુનિયા વચ્ચે ઉછર્યો અને દમદાર ક્રિકેટર બન્યો

મુંબઈ: રમત-ગમ્મતમાં જિંદગી બદલાઈ જતી હોય છે, પરંતુ કહેવાય છેને કે ક્યારેક કોઈ રમત કોઈની જિંદગી જ બદલી નાખે છે અને વેસ્ટ ઇન્ડિઝના સ્પિનર અકીલ હોસૈનની બાબતમાં કંઈક આવું જ બન્યું છે જેના વિશે આપણે વિગતે જાણીશું. સૌથી પહેલાં જાણી લઈએ કે કેમ અકીલ હોસૈનની વાત નીકળી છે. ૩૨ વર્ષના લેફ્ટ-આર્મ સ્પિનર અને લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન અકીલ જેરોમ હોસૈને ગુરુવારે વાનખેડે સ્ટેડિયમમાં પહેલાં તો ચેન્નઈ સુપર કિંગ્સના સાથી ખેલાડી અને ઓપનર સંજુ સૅમસન (૧૦૧ અણનમ, ૫૪ બૉલ, ૧૦૯ મિનિટ, છ સિક્સર, દસ ફોર)ને ચેન્નઈની ઇનિંગ્સની છેલ્લી ક્ષણોમાં સેન્ચુરી પૂરી કરવામાં સારો સાથ આપ્યો હતો. અકીલને ઇમ્પૅક્ટ પ્લેયર તરીકે આ મૅચમાં રમાડવામાં આવ્યો હતો. તે ૧૧ મિનિટ સુધી ક્રીઝમાં રહ્યો હતો અને બે બૉલમાં બનાવેલા બે રને અણનમ રહ્યો હતો. ત્યાર બાદ અકીલે બોલિંગમાં કમાલ કરી નાખી હતી. તેની ચાર ઓવરમાં એક મેઇડન હતી અને ૧૭ રનમાં ચાર વિકેટ લીધી હતી. એમાં પણ નમન ધીર (૦) અને પાછલી મૅચના સેન્ચુરિયન તિલક વર્માને અકીલે ક્લીન બોલ્ડ કર્યા હતા. મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર સૅમસનને મળ્યો હતો અને એ નિર્ણય યોગ્ય હતો, પરંતુ અકીલનું પણ ચેન્નઈને ૧૦૩ રનથી વિજય અપાવવામાં બહુ મોટું યોગદાન હતું. તેણે ૨૪ બૉલમાં મુંબઈનો સંભવિત વિજય નિષ્ફળ બનાવી દીધો હતો.



### બે કરોડ રૂપિયામાં સાઇન કર્યો

અકીલ એવો ખેલાડી છે જેણે ખેલકૂદ (તેના કિસ્સામાં ક્રિકેટ)ના માધ્યમ મારફત પોતાને તેમ જ પોતાના પરિવારને અપરાધની દુનિયાથી દૂર રાખ્યા હતા. વેસ્ટ ઇન્ડિઝ વતી ૪૦ વન-ડેમાં ૬૩ વિકેટ અને ૯૬ વન-ડેમાં ૯૩ વિકેટ લઈ ચૂકેલા અકીલે ત્રણ વર્ષ બાદ આઇપીએલમાં વાપસી કરી છે. અગાઉ સનરાઇઝર્સ હૈદરાબાદ વતી રમી ચૂકેલો અકીલ ચેન્નઈ વતી રમે છે અને ચેન્નઈનું ફ્રૅન્ચાઇઝી તેને આ વખતની આઇપીએલ રમવાના બે કરોડ રૂપિયા આપવાનું છે.

### બ્રાયન લારાવાળા ટાપુ ટ્રિનિદાદમાંથી ઊભર્યો અકીલ હોસૈન

અકીલ હોસૈન ટ્રિનિદાદ ઍન્ડ ટૉબેગો ટાપુના લેવંટિલ નામના નગરમાંથી ક્રિકેટના ફલક પર આવ્યો છે. ક્રિકેટના મેદાન સુધીની તેની સફર જરાય આસાન નહોતી, કારણકે તે જ્યાં રહેતો હતો એ વિસ્તાર ગુનાખોરી અને ગૅન્ગવૉર માટે જાણીતો હતો. આ નામચીન વિસ્તારમાં અનેક ગૅન્ગ હતી અને એમાં યુવાનોની ભરતી કરવામાં આવતી હતી. જોકે અકીલ એ અસામાજિક તત્ત્વોની વચ્ચે જ રહીને મોટો થયો, પરંતુ એ બધાથી દૂર રહ્યો હતો, પોતાના પરિવારજનોને પણ તેમનાથી દૂર રાખ્યા હતા અને ક્રિકેટમાં કરીઅર બનાવવા પર ધ્યાન આપ્યું હતું. તે પોતાના ટાપુની સ્થાનિક ક્રિકેટમાં ખૂબ સારું રમ્યો અને વેસ્ટ ઇન્ડિઝની આંતરરાષ્ટ્રીય ટીમ સુધી અને પછી આઇપીએલ સુધી પહોંચ્યો હતો. ત્રિનિદાદ એ જ ટાપુ છે જેણે ક્રિકેટ જગતને બ્રાયન લારા સહિત ઘણા નામાંકિત ક્રિકેટરો આપ્યા છે. અકીલ હોસૈને સ્થાનિક સ્તરે ચમક્યા બાદ પાટનગર પોર્ટ ઑફ સ્પેન સુધીની સફર કરી હતી જ્યાં તેને સુનીલ નારાયણ અને કીરૉન પોલાર્ડ જેવા દિગ્ગજોએ તેને કમાણી કરવાથી માંડીને રહેવાની વ્યવસ્થા સંબંધમાં મદદ કરી હતી. ■

# હાર્દિકની કૅપ્ટન્સી વિશે ઇરફાને ઉઠાવ્યા સવાલ

**▶ 'સૅમસન સામે ક્રિશ ભગત જેવા નવાસવાને બદલે પોતે બોલિંગ કરવી જોઈતી હતી'**

મુંબઈ: આઇપીએલ-૨૦૨૬માં સાતમાંથી પાંચ મૅચ હારી ચૂકેલી મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) ટીમના સુકાની હાર્દિક પંડ્યાની કૅપ્ટન્સી પર સવાલ ઊભા થઈ રહ્યા છે અને તેના જ શહેર વડોદરાનો ભૂતપૂર્વ ભારતીય પેસ બોલર ઇરફાન પઠાણ હાર્દિકની નેતૃત્વ સંભાળવાની ક્ષમતા સામે સવાલ રજૂ કર્યા છે.

બન્યું એવું કે ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ના ઓપનર સંજુ સૅમસને આ વખતની સીઝનમાં બીજી સેન્ચુરી પૂરી કરી એ પહેલાં હાર્દિકના એક નિર્ણયે ઘણાને આશ્ચર્યમાં મૂકી દીધા હશે. તેણે પોતે ચારને બદલે માત્ર બે ઓવર બોલિંગ કરી હતી અને સૅમસન જેવા દિગ્ગજ બૅટ્સમૅન કે જે સેન્ચુરીની નજીક પહોંચ્યો હતો તેની સામે નવાસવા પેસ બોલર ક્રિશ ભગતને ૧૬મી અને ૨૦મી ઓવર આપી હતી.

ઇરફાન પઠાણે એને ખોટો નિર્ણય ગણાવ્યો છે. તેણે કહ્યું કે 'સેટ થઈ ગયેલા બૅટ્સમૅન સામે મહત્ત્વની ઓવર બિનઅનુભવી યુવા બોલરને આપવી એ નિર્ણય ઠીક ન કહેવાય. ખુદ કૅપ્ટને એ જવાબદારી ઉપાડવી જોઈતી હતી. ક્રિશ






ભગતની એ બે ઓવરમાં ૩૧ રન બન્યા હતા જે ટીમ માટે નુકસાનરૂપ બન્યા હતા અને અધૂરામાં પૂરું, સૅમસન તેની (ક્રિશ ભગતની) ૨૦મી ઓવરમાં સેન્ચુરી પૂરી કરવામાં સફળ રહ્યો હતો.

ઇરફાન પઠાણે પોતાની યુટ્યૂબ ચૅનલ પર હાર્દિક પંડ્યા વિશે એવું પણ કહ્યું કે 'મૅચની ૧૬મી ઓવર એવા બોલરને આપવામાં આવે છે જે આઇપીએલમાં તેની બીજી જ મૅચ રમી રહ્યો હતો. તેને એ ઓવર એવા તબક્કે અપાઈ જ્યારે સૅમસન જેવો મોટા ગજાનો બૅટ્સમૅન બહુ સારા ફૉર્મમાં હતો. એ નિર્ણય કોઈ જ રીતે ઠીક નહોતો. ત્યાર બાદ અંતિમ ઓવર પણ તેને જ આપવામાં આવી. ખુદ હાર્દિકે એ ઓવર બોલિંગ કરવી જોઈતી હતી. કૅપ્ટન તરીકે તેણે સક્રિય રહેવું જોઈતું હતું.'

ઇરફાને બૅટિંગની બાબતમાં પણ હાર્દિકની ટીકા કરી હતી. તેણે કહ્યું કે '૨૦૨૩ની સાલ પછી હાર્દિક એક પણ હાફ સેન્ચુરી નથી ફટકારી શક્યો. સ્ટાન્સમાં ફેરફાર કરવાને કારણે તે પેસ બોલર્સ સામે તો સારું પર્ફોર્મ કરી રહ્યો છે, સ્પિન સામે તે નબળો પડી રહ્યો છે. આ મૅચમાં પણ તેણે ફક્ત એક રન કર્યો. તે બૅટિંગમાં આવ્યો ત્યારે ટીમ પર મોટું દબાણ તો હતું જ. તેણે ખાસ કરીને સ્પિનર સામે ફૂટવર્ક સરખું રાખવું પડશે.' ■

## રાજસ્થાન સુપર-હિટ, પણ રિયાન ફ્લૉપ

લખનઊ: બુધવારે અહીં રાજસ્થાન રૉયલ્સ (આરઆર)એ આપેલા ૧૬૦ રનના સાધારણ લક્ષ્યાંકને પણ યજમાન લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)ની ટીમ મેળવી ન શકી અને ૪૦ રનના મોટા તફાવતથી હારી ગઈ એનો જશ રાજસ્થાનના ઘણા ખેલાડીઓને જાય છે અને રિયાન પરાગની કૅપ્ટન્સી પણ ઘણે અંશે કારણરૂપ કહેવાય, પરંતુ બૅટ્સમૅન રિયાન પરાગ આ વખતે સતત ફ્લૉપ જઈ રહ્યો છે એની ચિંતા રાજસ્થાનની ટીમને સતાવતી જ હશે.

સાત મૅચમાં ૧૧૭.૩૯ના સ્ટ્રાઇક-રેટથી કુલ માત્ર ૮૧ રન બનાવી શક્યો છે. રિયાન પરાગના સાત મૅચના સ્કોર: ૧૪ અણનમ, ૮, ૨૦, ૩, ૪, ૧૨, ૨૦. ■

# પ્રિયાંશ આર્યને કૉચે શું આપેલો ગુરુમંત્ર?

નવી દિલ્હી: ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬માં પોતાની વિસ્ફોટક બેટિંગથી પંજાબ સુપર કિંગ્સના ઓપનર પ્રિયાંશ આર્યએ તમામના દિલ જીતી લીધા છે. તેણે લખનઉ સામે નવ છગ્ગા ફટકારીને ૯૩ રન ફટકાર્યા હતા. તેના બાળપણના કોચ સંજય ભારદ્વાજે સમજાવ્યું કે પ્રિયાંશે બીજી સીઝનમાં કેવી રીતે પોતાનું ફોર્મ યથાવત્ રાખ્યું છે. પ્રિયાંશના બાળપણના કોચ અને મેન્ટર સંજય ભારદ્વાજે તેને પોતાના અહંકારને મેદાનની બહાર રાખવાની સલાહ આપી હતી. તેણે કહ્યું હતું કે, ''મેં પ્રિયાંશને સમજાવ્યું હતું કે જ્યારે તું ક્રિકેટના મેદાનની અંદર પ્રવેશ કરે છે ત્યારે તમારે તમારા અહંકારને બહાર રાખવો જોઈએ. જો તમે સફળતા મેળવી છે, તો તમારે ક્યારેય તે અહંકારનો અનુભવ ન કરવો જોઈએ.'' સંજય ભારદ્વાજે કહ્યું કે પ્રિયાંશ આર્ય વિશેની સૌથી સારી વાત એ છે કે તે બિલકુલ બદલાયો નથી. પ્રિયાંશમાં મેં જોયેલી સૌથી મોટી ગુણવત્તા એ છે કે આઈપીએલના ગ્લેમરથી તે બિલકુલ બદલાયો નથી. તે આઈપીએલ પહેલા મેચ પ્રેક્ટિસ કરવા માંગતો હતો. પ્રિયાંશ અમારી સાથે માનસા આવ્યો અને ૨૮ બોલમાં સદી ફટકારી હતી. પ્રિયાંશની સૌથી મોટી શક્તિ તેની જબરદસ્ત બેટ સ્પીડ, ઉત્તમ હાથ અને આંખ વચ્ચેના સંકલનની ક્ષમતા છે. ■

## નજફગઢમાંથી ડ્રગ્સ પકડાયું

ભારતમાં ડ્રગ્સ-વિરોધી તપાસ હાથ ધરતી નૅશનલ ઍન્ટિ-ડોપિંગ એજન્સી (નાડા)ના ગુપ્તચર તથા તપાસ એકમે બાતમી મળ્યા બાદ દિલ્હીના નજફગઢ વિસ્તારમાંથી મીથેનોલૉન તથા સ્ટૅનોઝોલૉલ જેવા ઍનાબૉલિક સ્ટેરોઇડ્સ સહિત કેટલાક પ્રતિબંધિત કૅફીદ્રવ્યો જપ્ત કર્યા હતા. આ સંયુક્ત કાર્યવાહીમાં દિલ્હીની પોલીસ પણ જોડાઈ હતી. આ ડ્રગ્સ ઍથ્લીટો અને ખેલાડીઓ માટે પ્રતિબંધિત છે. ■

# ક્રૂડના ભાવમાં ઉછાળો, આઈટી શેરોમાં ભારે વેચવાલીથી સેન્સેક્સમાં એક હજાર પોઈન્ટનો જોરદાર કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકા અને ઇરાન વચ્ચેની મડાગાંઠ યથાવત રહેવા સાથે ક્રૂડ ઓઇલના ભાવ બેરલે ૧૦૬ ડોલર વટાવી જવા ઉપરાંત બોન્ડ યિલ્ડમાં વધારા સામે રૂપિયામાં સતત વધતી નબળાઇને કારણે ખખડી ગયેલા ઇક્વિટી ઇન્વેસ્ટર્સના માનસની અસર શેરબજારમાં વર્તાઇ હતી અને શુક્રવારના સત્રમાં સેન્સેક્સમાં ૧૦૦૦ પોઇન્ટનો જોરદાર કડાકો પડ્યો હતો. વિદેશી ભંડોળની એકધારી વેચવાલી, અખાતી દેશોમં ચાલી રહેલા લાંબા સંઘર્ષ અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં સતત વિક્ષેપ વચ્ચે વૈશ્વિક બજારોમાં નકારાત્મક વલણે નિરાશામાં વધારો કર્યો છે.

સેન્સેક્સ ૯૯૯.૭૯ પોઇન્ટ અથવા ૧.૨૯ ટકા ઘટીને ૭૬,૬૬૪.૨૧ના સ્તર પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૧,૨૬૦.૧૩ પોઇન્ટ અથવા ૧.૬૨ ટકાના કડાકા સાથે ૭૬,૪૦૩.૮૭ની નીચી સપાટી સુધી પટકાયો હતો. જ્યારે નિફ્ટી ૨૭૫.૧૦ પોઇન્ટ અથવા તો ૧.૧૪ ટકાના ઘટાડા સાથે ૨૩,૮૯૭.૯૫ની સપાટીએ સ્થિર થયો હતો.

ઇન્ફોસિસ ટોપ લુઝર બન્યો હતો. આ ઉપરાંત સેન્સેક્સના સૌથી વધુ ઘટનારા શેરોમાં એચસીએલ ટેક્નોલોજી, ટીસીએસ, ટેક મહિન્દ્રા, સન ફાર્મા, એશિયન પેઇન્ટ અને આઇસીઆઇસીઆઇ બેન્કનો સમાવેશ હતો. જ્યારે ટ્રેન્ટ, બજાજ ફાઇનાન્સ, સ્ટેટ બેન્ક, એચડીએફસી બેન્ક અને કોટક મહિન્દ્રા બેન્કનો સૌથી વધુ વધનારા શેરોમાં સમાવેશ હતો.

ઇન્ફોસિસનું ગાઇડન્સ બજારની અપેક્ષા કરતાં નબળું રહ્યું હોવાથી તેના શેરમાં ૭.૦૯ ટકાનો કડાકો જોવા મળ્યો હતો.

ઇન્ફોસિસે ચોથા ત્રિમાસિક પરિણામમાં વાર્ષિક ધોરણે ૨૧ ટકાના વધારા સાથે જે ૮,૫૦૧ કરોડ રૂપિયાનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, જે એક વર્ષ પહેલાના સમાન સમયગાળામાં રૂ. ૭,૦૩૩ કરોડ હતો. જ્યારે રેવેન્યૂ ૧૩.૪૦ ટકા વધીને રૂ. ૪૬,૪૦૨ કરોડ રહી હતી, જે પાછલા વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં રૂ. ૪૦,૯૨૫ કરોડ હતી.

ભારતના અગ્રણી પાવર અને ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર ઉત્પાદકોમાંની એક, સુપ્રીમ પાવર ઇક્વિપમેન્ટ લિમિટેડે હૈદરાબાદ સ્થિત કંપનીઓ પાસેથી નવાં રૂ. ૧૨૮ કરોડના સ્થાનિક ઓર્ડર મેળવ્યા છે. કંપનીની ઓર્ડર બુક સુપ્રીમ પાવર ઇક્વિપમેન્ટ લિમિટેડના રૂ. ૪૮૧.૪૪ કરોડ અને પેટાકંપની ડેન્યા ઇલેક્ટ્રિક કંપનીના રૂ. ૯૬.૨૮ કરોડ સાથે કુલ રૂ. ૫૭૭.૭૨ કરોડ સુધી પહોંચી છે. યુટીઆઇ એએમસીએ માર્ચ ક્વાર્ટરમાં રેવેન્યુમાં ચાર ટકાના વધારા સામે રૂ. ૬૪ કરોડની ચોખ્ખી ખોટ નોંધાવી છે.

હિંદુસ્તાન ઝીંક લિમિટેડે માર્ચ ક્વાર્ટરમાં રૂ. ૫૦૩૩ કરોડનો નફો નોંધાવ્યો છે. લાર્સન એન્ડ ટૂબ્રોએ ઇન્ડસ્ટ્રીઅલ ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે પ્રવેશ કર્યો છે. ઇન્વેન્ચર્સ નોલેજ સોલ્યુશન્સ લિમિટેડ (આઇકેએસ)ની યુ.એસ. પેટાકંપની, ઇન્વેન્ચર્સ નોલેજ સોલ્યુશન્સ, ઇન્કે હેલ્થકેર ટેકનોલોજી સોલ્યુશન્સ પ્રોવાઇડર, ટુબ્રિજ, ઇન્ક. હસ્તગત કરવાના કરાર કર્યો છે. સ્વીડીશ ગેમીંગ કંપની એમટીજી એબીની સબ્સિડરી પ્લેસિમ્પલ ગેમ રૂ. ૩૧૫૦ કરોડનો આઇપીઓ લાવી રહી છે.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં ટ્રેન્ટ ૦.૭૩ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૪૨ ટકા, સ્ટેટ બેન્ક ૦.૩૬ ટકા, એચડીએફસી બેન્ક ૦.૧૩ ટકા અને કોટક બેન્ક ૦.૦૩ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ઈન્ફોસિસ ૭.૦૯ ટકા, એચસીએલ ટેકનોલોજી ૫.૮૩ ટકા, ટીસીએસ ૪.૭૭ ટકા, ટેક મહિન્દ્ર ૪.૦૪ ટકા, સન ફાર્મા ૩.૬૫ ટકા, એશિયન પેઈન્ટ ૧.૭૭ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૭૩ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૭૧ ટકા, બીઈએલ ૧.૨૪ ટકા આઈટીસી ૧.૨૪ ટકા, ઈટર્નલ ૧.૨૧ ટકા, ભારતી એરટેલ ૧.૧૨ ટકા લાર્સન ૧.૦૯ ટકા, બજાજ ફિનસર્વ ૧.૦૬ ટકા અને ટાઈટન ૧.૦૪ ટકા ઘટ્યા હતા.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, ભારતીય ઇક્વિટી બજારોમાં સતત ત્રીજા સત્રમાં ઘટાડો જોવા મળ્યો, કારણ કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ, આઇટી ક્ષેત્રમાં સતત નબળાઈ સાથે બજારનું મોરલ ખખઢી ગયું હતું. અસ્થિરતામાં વધારો થતા ઇન્ડિયા વીઆઇએક્સ છ ટકા વધ્યો, જે લાંબા સમય સુધી સંઘર્ષ અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં સતત વિક્ષેપ વચ્ચે ભય અને અનિશ્ચિતતાને પ્રતિબિંબિત કરે છે. આ અસ્થિરતામાં ઘટાડો થવાના કોઈ અર્થપૂર્ણ સંકેતો નથી.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૨.૧૭ ટકા વધીને ૧૦૭.૩ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ગુરુવારે રૂ. ૩,૨૫૪.૭૧ કરોડના ઇક્વિટી શેર વેચ્યા હતા.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો બેન્ચમાર્ક કોસ્પી અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ નીચો રહ્યો હતો, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ અને હોંગકોંગનો હેંગ સેંગ ઊંચો રહ્યો હતો. બપોરના વેપારમાં યુરોપના બજારો નીચા સ્તરે ટ્રેડ કરી રહ્યા હતા. ગુરુવારે યુએસ બજારો નીચા સ્તરે બંધ થયા હતા.

પશ્ચિમ એશિયામાં વધતા ભૂરાજકીય તણાવ, ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર તેજી અને નબળા રૂપિયાના કારણે ભારતીય ઇક્વિટી બજારે તેની પ્રોફિટ-બુકિંગની શ્રેણી લંબાવી હતી. નિરાશાજનક ત્રિમાસિક કમાણીને પગલે આઇટી શેરોમાં ઘટાડો થયો હતો, જ્યારે વેચાણનું દબાણ તમામ ક્ષેત્રોમાં વ્યાપક હતું. થોડા સમયના રોકાણપ્રવાહ પછી વિદેશી સંસ્થાકીય રોકાણકારો ફરીથી ચોખ્ખી વેચવાલી પર પાછા ફર્યા હોવાથી બજાર ઝડપથી તૂટી રહ્યું છે.

શુક્રવારે બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન પાછલા સત્રમાં રૂ. ૪૬૬ લાખ કરોડથી ઘટીને રૂ. ૪૬૨ લાખ કરોડ થઈ ગયું હોવાથી રોકાણકારોને ચાર લાખ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. પાછલા સત્રમાં ગુરુવારે, સેન્સેક્સ ૮૫૨.૪૯ પોઈન્ટ અથવા ૧.૦૯ ટકા ઘટીને ૭૭,૬૬૪ પર સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૨૦૫.૦૫ પોઈન્ટ અથવા ૦.૮૪ ટકા ઘટીને ૨૪,૧૭૩.૦૫ પર બંધ થયો હતો.

આ રીતે સતત ત્રણ સત્રમાં, સેન્સેક્સ ૨,૬૦૯ પોઈન્ટ અથવા ૩.૩ ટકા ઘટ્યો છે, જ્યારે એનએસઇ બેરોમીટર નિફ્ટી ત્રણ દિવસમાં ૨.૮૦ ટકા તૂટી ગયો છે. ત્રણ દિવસમાં રોકાણકારોના સાત લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થયું છે, ૨૧ એપ્રિલના રોજ બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓનું સંચિત માર્કેટ કેપ રૂ. ૪૬૯ લાખ કરોડ હતું.

# વિશ્વ બજારથી વિપરીત ચાંદીમાં ₹ ૩૨૨૯નો ચમકારો, સોનામાં ₹ ૪૨૦નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા-ઈરાન વચ્ચેની મડાગાંઠ યથાવત્ રહેતાં આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં અને ડૉલર ઈન્ડેક્સમાં આગેકૂચ જળવાઈ રહેતાં ફુગાવાની ચિંતાને ધ્યાનમાં લેતા લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહ્યું હતું. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં ખાસ કરીને ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૩૨૨૯નો ચમકારો આવ્યો હતો, જ્યારે સોનામાં મુખ્યત્વે ડૉલર સામે રૂપિયામાં વધુ ૨૦ પૈસાનો ઘટાડો આગળ ધપ્યો હોવાથી સોનાની આયાત પડતરો વધી આવતા ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૧૮થી ૪૨૦નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૨૨૯ના ઉછાળા સાથે રૂ. ૨,૪૩,૮૨૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહી હોવા છતાં રૂપિયો નબળો પડતાં આયાત પડતર વધવાને કારણે વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૧૮ વધીને રૂ. ૧,૫૦,૮૭૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૪૨૦ વધીને રૂ. ૧,૫૧,૪૭૯ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે ભૂરાજકીય તણાવ વચ્ચે ક્રૂડતેલ અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં ફુગાવામાં વધારો થવાની શક્યતાને ધ્યાનમાં લેતા હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૪૬૮૩.૨૩ ડૉલર અને જૂન ડિલિવરી વાયદામાં ભાવ ૦.૫ ટકા ઘટીને ૪૬૯૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૭૪.૮૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

હાલમાં સ્ટ્રેટ ઑફ હોર્મુઝ માર્ગ બંધ હોવાથી ક્રૂડતેલના ભાવમાં એકતરફી તેજી જોવા મળી હોવાથી ફુગાવામાં થનારા અપેક્ષિત વધારા અને તેને કારણે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકવામાં વિલંબ થવાની ભીતિને કારણે સોનાના ભાવ દબાણ હેઠળ આવી રહ્યા હોવાનું વિશ્લેષક રોસ નોર્મને જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે મધ્ય પૂર્વમાં લશ્કરી કાર્યવાહીની શક્યતા અને દરિયાઈ માર્ગ ખૂલવા અંગેની અનિશ્ચિતતાને કારણે આ સપ્તાહમાં અત્યાર સુધીમાં ક્રૂડતેલના ભાવમાં ૧૮ ટકાનો ઉછાળો આવ્યો છે.

ક્રૂડતેલના ભાવ ઊંચી સપાટીએ રહેવાની સાથે અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ વધી આવતાં સોના અને ચાંદી જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં રોકાણકારોની માગ મર્યાદિત રહેતી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો વધુ ૧૫ પૈસા ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધવિરામ હોવા છતાં સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખૂલવા અંગેની અનિશ્ચિતતા તથા શાંતિ વાટાઘાટોના અભાવને કારણે ક્રૂડતેલના ભાવમાં આગેકૂચ અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત સ્થાનિક સ્તરે ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલી જળવાઈ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ઑલ ફોલ ડાઉનનું વલણ યથાવત્ રહેતાં આજે વધુ ૧૫ પૈસાના ધોવાણ સાથે ૯૪.૧૬ની સપાટીએ બંધ રહ્યો હતો.

વધુમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે અમેરિકી લશ્કરને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ માર્ગને અવરોધતી ઈરાનની નાની બોટને 'શૂટ ઍન્ડ કીલ'નો આદેશ આપ્યો હોવાથી પરિસ્થિતિ વધુ તણાવરૂપ થવાની ભીતિ સપાટી પર આવતા ક્રૂડતેલના ભાવ વધીને બેરલદીઠ ૧૦૫ ડૉલરની ઉપર જવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતા ઉમેર્યું હતું કે આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૪.૦૧ના બંધ સામે ૯૪.૨૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૪.૩૧ અને ઉપરમાં ૯૪.૧૮ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૧૫ પૈસાના ઘટાડા સાથે ૯૪.૧૬ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૨૩ પૈસા તૂટ્યો હતો. તેમ જ છેલ્લાં પાંચ સત્રમાં ડૉલર સામે રૂપિયામાં ૧૨૫ પૈસાનું ધોવાણ થઈ ગયું છે.

સ્ટ્રેટ ઑફ હોર્મુઝ માર્ગમાં અમેરિકાની નાકાબંધી તણાવને ઊંચી સપાટી પર રાખી રહી હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે ડૉલર ઈન્ડેક્સ અને ક્રૂડતેલના ભાવમાં મજબૂત વલણને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૪થી ૯૪.૬૨ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૨ ટકા વધીને ૯૮.૬૨ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૨.૨૧ ટકા ઉછળીને બેરલદીઠ ૧૦૭.૩૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ૯૮૨.૭૧ પૉઈન્ટ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ૨૭૫.૧૦ પૉઈન્ટ ઘટીને બંધ રહ્યા હતા.

તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૨૫૪.૭૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો વધુ ગબડ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# મથકો પાછળ દેશીતેલમાં નરમાઈનું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટિવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૬ રિંગિટનો સુધારો આવ્યો હતો, જ્યારે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે સાધારણ બે સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ ઉપરાંત સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતા આયાતી તેલમાં સોયા રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે દેશી તેલમાં મથકો પાછળ સિંગતેલ, કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૧૫, બુંગેના સન રિફાઈન્ડના રૂ. ૧૬૨૦, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૪૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫ અને ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા.

આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૭૫,૦૦૦ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૮૦૦થી ૬૦૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૬૦૦૦થી ૬૦૭૫માં થયા હતા. તેમ જ ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૦૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે ગોંડલ મથકે વૉશ્ડ કૉટનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૨૦થી રૂ. ૧૪૨૫માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫થી ૧૪૭૦માં થયા હતા.

આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, સિંગતેલના રૂ. ૧૬૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૦ અને સરસવના રૂ. ૧૪૮૦ના મથાળે રહ્યા હતા.

# જીએસટી કાઉન્સિલે ઘરગથ્થુ જંતુનાશકો પર વેરો ઘટાડવા વિચાર કરવો જોઈએઃ અહેવાલ

નવી દિલ્હીઃ મચ્છર, માખી અને બગાઈ જેવાં જંતુઓથી થતાં રોગો (વેક્ટર બોર્ન ડીસીઝ)નો સામનો કરવા અને આ રોગના નિવારક આરોગ્યસંભાળના પરિણામોને મજબૂત બનાવવા માટે ઘરગથ્થુ ધોરણે વપરાતા જંતુનાશકો પરનો જીએસટી દર હાલ જે ૧૮ ટકા છે તે ઘટાડીને પાંચ ટકા કરવા બાબતે જીએસટી કાઉન્સિલે વિચારણા કરવી જોઈએ, એમ ઈવાય-હાઈકા (એચઆઈસીએ-હોમ ઈન્સેક્ટ કન્ટ્રોલ એસોસિયેશન)એ એક અહેવાલમાં જણાવ્યું છે.

ભારતની આરોગ્ય યંત્રણામાં ઘરગથ્થુ ધોરણે વપરાતા લિક્વિડ વેપોરાઈઝર, કોઈલ, એરોસોલ્સ જેવાં ઈન્સેક્ટિસાઈડ અથવા તો જંતુનાશકોની ભૂમિકા મહત્ત્વની છે. ખાસ કરીને ઘરગથ્થુ સ્તરે જ્યાં વેક્ટરથી ઉદ્ભવતા રોગો સામે રક્ષણ અસમાન હોય ત્યાં તેની ભૂમિકા અત્યંત મહત્ત્વની હોય છે.

અર્નેસ્ટ ઍન્ડ યંગ (ઈવાય) અને હાઈકા દ્વારા સંયુક્તપણે તૈયાર કરવામાં આવેલાઅહેવાલમાં જણાવાયું હતું કે હાલમાં ઘરગથ્થુ ધોરણે વપરાતા જંતુનાશકો પરના ૧૮ ટકા જેટલાં ઊંચા જીએસટી દરની અસર પોસાણક્ષમતા અને ઉપલબ્ધિતા પર પડે છે. ખાસ કરીને નબળા વર્ગ અને ઉચ્ચ જોખમ ધરાવતી વસ્તીમાં વધુ માઠી અસર થતી હોવાથી આ પ્રકારના જંતુનાશકો પરનાં જીએસટીના દરનું તાર્કિકરણ કરીને અન્ય આવશ્યક સ્વચ્છતા અને આરોગ્ય રક્ષણાત્મક ઉત્પાદનોની સમકક્ષ પાંચ ટકા જીએસટી દર નિર્ધારિત કરવા અંગે વિચારણા કરવી જોઈએ, એમ અહેવાલમાં ઉમેર્યું હતું.

# મર્યાદિત માગે ખાંડમાં વધુ ₹ ૪થી ૧૦નો ઘટાડો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦થી ૧૫ના સુધારા સાથે રૂ. ૩૭૩૫થી ૩૭૭૦માં થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ચારથી ૧૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી રૂ. આઠનો ઘટાડો આવ્યો હતો.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૭થી ૨૮ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૫થી ૨૬ ટ્રકનો રહ્યો હતો.

તેમ જ માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચાર અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૫૨થી ૩૯૨૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી રૂ. આઠના ઘટાડા સાથે રૂ. ૩૯૭૨થી ૪૦૩૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૨૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૩૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# નિકલમાં ઘટ્યા મથાળેથી માગને ટેકે ₹ ૪૮નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવના માહોલમાં આજે લંડન ખાતે કોપર સહિતની ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એકંદરે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં ખાસ કરીને નિકલમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી નીકળતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૪૮નો ઉછાળો આવ્યો હતો, જ્યારે કોપર વાયરબાર, લીડ ઈન્ગોટ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ, રૂ. બે અને રૂ. એક વધી આવ્યા હતા. તેની સામે આજે સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગ રહેતાં ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. ૬૬નો, બ્રાસ શીટ કટિંગ્સમાં રૂ. પાંચનો અને કોપર કેબલ સ્ક્રેપમાં રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં માત્ર નિકલમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૪૮ વધીને રૂ. ૧૭૮૩ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૧૩૩૩, લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૦૨ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૩૭૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સતત બીજા સત્રમાં ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ પ્રબળ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૬૬ના ઘટાડા સાથે રૂ. ૪૮૯૦ના મથાળે રહ્યા હતા, જ્યારે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૮૩૫ના મથાળે અને કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૧૨૧૫ના મથાળે રહ્યા હતા. આ સિવાયની અન્ય તમામ ધાતુઓમાં ખપપૂરતી છૂટીછવાઈ માગ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# બિયારણ, જંતુનાશકોનો ધારો તૈયાર, સંસદના આગામી સત્રમાં રજૂ થવાની શક્યતાઃ ચૌહાણ

## બનાવટી-નકલી કે હલકી ગુણવત્તાવાળા બિયારણ કરતું હશે તો કડક કાર્યવાહી

લખનઊઃ કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે તાજેતરમાં જણાવ્યું હતું કે બિયારણ અને જંતુનાશકો (પેસ્ટિસાઈડ્સ)ને લગતો ધારો તૈયાર થઈ ગયો છે અને સંસદના આગામી સત્રમાં તેને પસાર થવા માટે રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે.

અત્રે ઉત્તરના રાજ્યો માટે યોજાયેલા કૃષિ પરિસંવાદને સંબોધતા ચૌહાણે જણાવ્યું હતું કે બનાવટી અને હલકી ગુણવત્તાવાળા બિયારણ અને જંતુનાશકોનું વેચાણ અટકાવવા અથવા નિયંત્રણમાં રાખવા માટેનો પ્રસ્તાવિત બિયારણ ધારો (સીડ એક્ટ) અને જંતુનાશક (પેસ્ટિસાઈડ્સ એક્ટ) પ્રતિસાદ માટે વિતરીત કરવામાં આવ્યો છે.

જો કોઈપણ બનાવટી-નકલી કે હલકી ગુણવત્તાવાળા બિયારણ અથવા તો પેસ્ટિસાઈડ્સનું વેચાણ કરતું હશે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

હાલના દંડના ધોરણો નીચા અને ઓછા અસરકારક હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે આવી ગેરરીતિઓ સામે રાજ્યોના સમર્થન સાથે રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કરવામાં આવશે.

નોંધનીય બાબત એ છે કે આ પરિસંવાદમાં ઉત્તર પ્રદેશનાં મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ, રાજ્યના કૃષિ પ્રધાન સૂર્યપ્રતાપ શાહી, બાગાયતી ખાતાના પ્રધાન દિનેશ સિંહ અને રાજ્યના નવ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

વધુમાં ચૌહાણે જણાવ્યું હતું કે કેન્દ્રએ સમગ્ર દેશમાં વિવિધ કૃષિ આબોહવાની પરિસ્થિતિઓની સમસ્યાઓ વધુ સારી રીતે ઉકેલવા માટે રવી અને ખરીફ પાકો પર એક જ રાષ્ટ્રીય પરિષદમાંથી પ્રદેશ આધારિત સલાહ-મસલત તરફ સ્થળાંતર કર્યું છે.

ભારત વિશાળ દેશ છે અને વિવિધ માટી તથા વિવિધ આબોહવાની સ્થિતિ પણ જુદી જુદી છે આથી જે કાર્ય જમ્મુ અને કાશ્મીરમાં થાય તે તમિળનાડુમાં ન થઈ શકે આથી પ્રદેશ મુજબનું આયોજન કરવામાં આવે તો વધુ અસરકારક કૃષિનો રોડમેપ તૈયાર થાય, એમ તેમણે ઉમેર્યું હતું.

સરકારની સિદ્ધિઓ અંગે તેમણે જણાવ્યું હતું કે હાલ ભારતમાં ખાદ્યાન્નનો પર્યાપ્ત પુરવઠો છે અને દેશ હવે આયાત પર નિર્ભર નથી અને ભારત હવે વિશ્વનો સૌથી મોટો ચોખાનો ઉત્પાદક દેશ છે અને ચીનથી પણ આગળ છે.

તેમ જ હવે ભારત ઘઉંનો પણ મોટો નિકાસકાર દેશ બન્યો હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે સરકારે ત્રણ બાબતોને અગ્રતાક્રમ આપ્યો છે જેમાં અન્ન સલામતી, ખેડૂતોની આવકમાં વધારો અને લોકોને પોષણયુક્ત અનાજ પૂરું પાડવાનો સમાવેશ થાય છે.

આ માટે છ મુદ્દાનો વ્યૂહ અપનાવવામાં આવ્યો છે, જેમાં સ્થાનિકમાં ઉત્પાદન વૃદ્ધિ, ઉત્પાદન પડતરમાં ઘટાડો, સામાન્ય વળતરદાયી ભાવ ઉપલબ્ધિની બાંયધરી, પાક નુકસાન સામે વળતર અને વિકેન્દ્રિકરણને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે.

જોકે, ખાસ કરીને ઉત્તર પ્રદેશમાં ખાતરના અંધાધૂંધ વધી રહેલા વપરાશ અંગે ચેતવણી આપતા કહ્યું હતું કે ખાતરનો અતિરેકપણે વપરાશ જમીનના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે. તેમણે બાગાયતી અને ઔષધીય પાક સહિતના પાક તરફ વૈવિધ્યીકરણની સાથે કુદરતી અને જૈવિક ખેતીની પદ્ધતિઓની હિમાયત કરવાની સાથે ગુણવત્તાયુક્ત બિયારણના મહત્ત્વ પર વધુ ભાર મૂક્યો હતો.

# શેરબજારના તમામ સેકટરલ ઇન્ડેક્સ નેગેટીવ ઝોનમાં ખાબક્યા

મુંબઇઃ શેરબજારમાં સતત ત્રીજા દિવસની પીછેહઠમાં બ્રોડ બેઝ્ડ અને સેક્ટરલ સહિત બધા ઈન્ડેક્સ નેગેટીવ ઝોનમાં ખાબક્યા હતા. સપ્તાહના અંતિમ સત્રમાં આઈટી, હેલ્થકેર, ટેલિકોમ્યુનિકેશન્સ અને રિયલ્ટી શેર્સમાં સૌથી અધિક ઘટાડો જોવા મળ્યો હતો અને માર્કેટ કેપમાં રૂ.૪.૯૦ લાખ કરોડનું ધોવાણ નોંધાયું હતું.

શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગુરુવારના ૭૭,૬૬૪.૦૦ના બંધ સામે ૯૯૯.૭૯ પોઈન્ટ્સ અથવા ૧.૨૯ ટકા ઘટ્યો હતો. સેન્સેક્સ ૭૭,૪૮૩.૮૦ ખૂલી ઊંચામાં ૭૭,૭૧૦.૮૨ સુધી અને નીચામાં ૭૬,૪૦૩.૮૭ સુધી જઈ છેવટે ૭૬,૬૬૪.૨૧ બંધ રહ્યો હતો.

સેન્સેક્સની ૩૦ સ્ક્રિપ્સમાંથી ૫ સ્ક્રિપ્સ વધી હતી અને ૨૫ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૧.૦૦ ટકા અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૧.૧૬ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૫૪ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૫૬ ટકા ઘટ્યા હતા. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૬૬.૩૯ લાખ કરોડથી રૂ. ૪.૯૦ લાખ કરોડ ઘટીને રૂ.૪૬૧.૪૯ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડેક્સમાં હેલ્થકેર ૧.૬૬ ટકા, પાવર, કેપિટલ ગુડ્સ ૦.૪ ટકા અને ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૧૧ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે પીએસયુ બેન્ક ૨.૩૬ ટકા, ઓટો ૨.૨૭ ટકા, રિયલ્ટી ૧.૯૧ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧.૭૧ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૬૩ ટકા, બેન્કેક્સ ૧.૪૬ ટકા, ટોપ ૧૦ બેન્ક ૧.૩૫ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૧.૩૨ ટકા, પ્રાઈવેટ બેન્ક્સ ૧.૨૬ ટકા, આઈટી ૧.૨૪ ટકા અને ફોકસ્ડ આઈટી ૧.૦૭ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૮૯ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું. ૧,૩૨૬ સ્ક્રિપ્સ વધી હતી, ૨,૯૦૫ સ્ક્રિપ્સ ઘટી હતી અને ૧૫૮ સ્ક્રિપ્સ સ્થિર રહી હતી. ૧૩૮ સ્ટોક્સ બાવન સપ્તાહની ઉચ્ચ સપાટીએ અને ૩૯ સ્ટોક્સ બાવન સપ્તાહની સૌથી નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૭ સ્ક્રિપ્સને ઉપલી અને ૯ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૩૨૧.૯૭ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૭૭૩ સોદામાં ૨,૦૮૬ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૯,૩૬,૯૪૯ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ.૧૯,૯૦,૮૩૨.૫૮ કરોડનું રહ્યું હતું.

# ભાવનગરમાં ઈનારકો કંપનીના પ્લાન્ટ શિફ્ટિંગ મામલે કર્મચારીઓનો બીજા દિવસે પણ વિરોધ



(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના નવાપરા વિસ્તારમાં આવેલી રબર ફેક્ટરી 'ઈનારકો પ્રાઇવેટ લિમિટેડ' ના કર્મચારીઓએ કંપની દ્વારા સુવિધાઓમાં કરવામાં આવેલા કાપ અને ભેદભાવભર્યા નીતિ-નિયમો વિરુદ્ધ મોરચો માંડ્યો છે. કંપનીનો પ્લાન્ટ નવાપરાથી ભોજપરા શિફ્ટ થઈ રહ્યો છે, જેની સાથે જ કર્મચારીઓની મુશ્કેલીઓમાં પણ વધારો થશે તેના કંપની બહાર કર્મચારીઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો.

કંપનીમાં છેલ્લા ૧૫ વર્ષથી ફરજ બજાવતા કર્મચારીઓ અને મહિલા શ્રમિકોએ આક્ષેપ કર્યો છે કે, કંપની દ્વારા કાયમી કર્મચારીઓ અને અન્ય વર્કરો વચ્ચે સુવિધાઓ બાબતે અન્યાય કરવામાં આવી રહ્યો છે, કર્મચારીઓના જણાવ્યા હતું કે, નવા લોકેશન (ભોજપરા) પર જવા માટે બસ ભાડું, જમવાનું તેમજ ચા-નાસ્તાના પૈસા વર્કરો પાસેથી વસૂલવામાં આવી રહ્યા છે, જે કાયમી કર્મચારીઓ માટે મફત છે, કંપની દ્વારા એવી શરત રાખવામાં આવી છે કે જો કર્મચારી ૨૬ દિવસ પૂરા ભરે તો જ તેને સ્કીમનો લાભ મળે, કર્મચારીઓનું કહેવું છે કે ભાવનગરથી ભોજપરા જઈને કોઈ પણ વ્યક્તિ માટે ૨૬ દિવસ હાજર રહેવું અત્યંત કઠિન છે, જેના કારણે તેમને કોઈ લાભ મળતો નથી,

કર્મચારીઓની માંગણીઓ જેવી કે, મુસાફરી માટે બસ સેવા ફ્રી કરવામાં આવે, કેન્ટીન અને જમવાની સુવિધા વિનામૂલ્યે મળે, ચા-નાસ્તાના કૂપન ફ્રી આપવામાં આવે અને ૨૬ દિવસની કડક શરત દૂર કરી ૨૪ દિવસ કામ કરનારને પણ લાભ મળે, અમે કાયમી કર્મચારીઓ કરતા દોઢું કામ કરીએ છીએ, છતાં અમને કોઈ ફાયદો મળતો નથી. જો અમારી માંગણીઓ સંતોષવામાં નહીં આવે, તો તમામ મહિલા અને પુરુષ વર્કરો સાથે મળીને નિર્ણય લેશે અને ઉગ્ર માર્ગ અપનાવશે, તેમ કર્મચારી સ્વાતિબેને જણાવ્યું હતું, ૧૫ વર્ષથી કંપની સાથે જોડાયેલા પ્રિન્સ ભરતભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, વર્ષોથી સેવા આપવા છતાં મેનેજમેન્ટ દ્વારા પાયાની સુવિધાઓ માટે ના પાડી દેવામાં આવી છે, જો કંપની પોતાની જીદ નહીં છોડે અને કર્મચારીઓની રજૂઆત પર ધ્યાન નહીં આપે, તો તમામ કર્મચારીઓ સામૂહિક રીતે નોકરી છોડી દેશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.આ બાબતે કર્મચારીઓએ બીજા દિવસે પણ વિરોધ પ્રદર્શિત કર્યો હતો. ■

# ભુજની પાલારા ખાસ જેલના કેદીઓનો અનોખો સેવાયજ્ઞ : જેલ પરિસરમાં ૮૦થી વધુ ગૌવંશનું જતન અને સંવર્ધન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ભુજ મધ્યે આવેલી પાલારા ખાસ જેલ હાલ માત્ર ખૂંખાર બંદીવાનોને પૂરવાનું સ્થળ જ નહીં, પરંતુ ગૌસેવા અને કૃષિ પ્રવૃત્તિનું પણ એક મોટું કેન્દ્ર બની છે. આ હાઈ સિક્યોરિટી જેલ પરિસરમાં આવેલી ગૌશાળામાં પાકા કામના કેદીઓ દ્વારા વહેલી સવારથી મોડી રાત સુધી ગૌવંશની જે રીતે સારસંભાળ રાખવામાં આવે છે, તેની જેલની મુલાકાતે આવતા લોકો મુક્તકંઠે પ્રશંસા કરી રહ્યા છે.

પાલારા જેલની ગૌશાળામાં હાલમાં ૮૦થી વધુ ગૌવંશ આશ્રિત છે. આ ગૌવંશની દેખરેખ માટે છ જેટલા પાકા કામના કેદીઓને જવાબદારી સોંપવામાં આવી છે. આ કેદીઓ ગૌવંશના નીરણ, દોહન અને સ્વચ્છતા સહિતની તમામ કામગીરી નિષ્ઠાપૂર્વક કરી રહ્યા છે. કેદીઓના સ્નેહાળ જતનને કારણે ગૌશાળાની ગાયો અત્યંત સ્વસ્થ બની છે.માત્ર ગૌસેવા જ નહીં, પરંતુ પશુઓના આહાર માટે જેલની ખેતીલાયક જમીન પર કેદીઓ દ્વારા રજકો, જુવાર અને મકાઈ જેવા પાકોનું વાવેતર પણ કરવામાં આવે છે. લીલા ચારા ઉપરાંત, સૂકા ચારા અને ખાણ-દાણ માટે દાતાઓનો પણ જરૂરી સહયોગ મળી રહ્યો છે. ગૌશાળાની નજીકમાં જ આવેલી વાડી અને શિવાલયને કારણે જેલના આ વિસ્તારમાં એક પવિત્ર અને આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું છે. જેલ અધીક્ષક બી.બી. પરમાર અને ગૌશાળા ઇન્ચાર્જ એસ.કે. ઝાલાના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર પ્રવૃત્તિઓ સુવ્યવસ્થિત રીતે ચાલી રહી છે. જેલના સત્તાવાળાઓના મતે, આ પ્રવૃત્તિથી કેદીઓના માનસમાં પણ હકારાત્મક પરિવર્તન આવી રહ્યું છે. ગૌસેવા દ્વારા કેદીઓ જે રીતે સમાજ પ્રત્યે પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે. ■

# ભાંગતી રાત્રે અજુગતું બન્યું : રાજુલાના યુવાનનો મૃતદેહ તળાજા નજીક હાઈવે પરથી મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ રાજુલા તાલુકાના કોટડી ગામનો રત્ન કલાકાર યુવાન ગુરુવારે સુરતથી પરિવારના સભ્ય પાસેથી ઉછીના રૂપિયા લઈ વતન આવવા નીકળ્યો હતો. આ યુવાનની લાશ તળાજાથી આગળ જાગધાર નજીકથી પસાર થતા હાઇવે પર પડી હોવાની જાણ દાઠા પોલીસને અંદાજે રાત્રીના સાડાત્રણેક વાગ્યાના સુમારે થઈ હતી. સાંજે સુરતથી નીકળેલ યુવાન આટલો વહેલો અહીં ક્યાં વાહનમાં પહોંચ્યો અને તેમનું મૃત્યુ અકસ્માતથી થયું તો કઈ રીતે અને ક્યાં વાહન સાથે થયું તેવા અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. બનાવ અંગે તળાજાની રેફરલ હૉસ્પિટલ પરથી મળતી વિગત મુજબ દાઠા પો.ઇ રેવર ને રાત્રે આશરે સાડા ત્રણેક વાગે જાગધાર ગામ નજીકની હોટલથી આગળ હાઇવે રોડ પર એક યુવાનની લાશ પડી હોવાની જાણ થઈ હતી. ■



**બધુ બરાબર નેઃ** રવિવારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાન યોજાનારા છે. ત્યારે જૂનાગઢ જિલ્લા કલેક્ટરે વિસાવદર તાલુકાના લિલિયા ગામની મુલાકાત દરમિયાન ગ્રામ પંચાયત કચેરી તેમજ તલાટી દફ્તરની તપાસણી કરી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ સાથે પ્રાથમિક શાળામાં આવેલ મતદાન મથકની મુલાકાત લઈ ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કરી, સંબંધિત અધિકારીશ્રીઓ, કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું.

# ₹ ૩૮૪ કરોડના હેરોઈન સાથે જખૌ નજીકથી ઝડપાયેલા ૬ પાકિસ્તાનીઓને ૨૦ વર્ષની સખ્ત કેદ અને ₹ ૧૨ લાખનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાતના દરિયાઈ માર્ગે ભારતમાં નશીલા પદાર્થો ઘુસાડવાના પાકિસ્તાની ડ્રગ્સ માફિયાઓના નાપાક મનસૂબા પર ભુજની વિશેષ એનડીપીએસ કોર્ટે આકરો પ્રહાર કર્યો છે. કચ્છના જખૌ દરિયાઈ સીમામાંથી રૂ. ૩૮૪.૬૮ કરોડની કિંમતના ૭૭ કિલો હેરોઈન સાથે પકડાયેલા ૬ પાકિસ્તાની ઘૂસણખોરોને વિશેષ જજ વિરાટ એ. બુદ્ધે ૨૦ વર્ષની સખ્ત કેદની સજા અને પ્રત્યેકને રૂ.૨ લાખનો દંડ ફટકાર્યો છે.

બનાવની વિગતો મુજબ, ગત ડિસેમ્બર ૨૦૨૧માં પાકિસ્તાની ડ્રગ્સ માફિયા હાજી હસન અને હાજી હાસમ કરાચીથી હેરોઈનનો મોટો જથ્થો મોકલવાના હોવાની સચોટ બાતમી એટીએસના ડીવાયએસપી ભાવેશ રોજીયાને મળી હતી જેના આધારે એટીએસ અને ભારતીય કોસ્ટગાર્ડની સંયુક્ત ટીમે ૧૯-૨૦ ડિસેમ્બર ૨૦૨૧ની મધરાતે જખૌથી ૩૫ નોટિકલ માઈલ દૂર આંતરરાષ્ટ્રીય જળસીમામાં વોચ ગોઠવી હતી. આ ઓપરેશન દરમિયાન કરાચીની 'અલ હુસેની' નામની ફિશિંગ બોટને આંતરી તપાસ લેતા, તેમાંથી પાંચ કોથળામાં ભરેલું ૭૬.૯૩૬ કિલોગ્રામ હેરોઈન મળી આવ્યું હતું. આ જથ્થો 'હરી-૧' અને 'હરી-૨' જેવા કોડવર્ડ દ્વારા ભારતીય બોટને ડિલિવર કરવાનો હતો.

સજા પામેલા ૬ પાકિસ્તાની આરોપીઓમાં મોહમદ ઈમરાન મોહમ્મદ તારીક વાઘેર (ઉં.વ. ૩૧), દાનિસ મોહમ્મદ હુસેન કચ્છી વાઘેર (ઉં.વ. ૨૪), સાગર મોહમ્મદ કચ્છી વાઘેર (ઉં.વ. ૨૩),

ઈસ્માઈલ ઈબ્રાહિમ બડાલા (ઉં.વ. ૭૫), મોહમદ સાજીદ મોહમ્મદ હુસેન યાકુબલાલા (ઉં.વ. ૨૪), અશ્ફાક મોહમ્મદ ઈશાક વાઘેર (ઉં.વ.૨૬), (તમામ રહે. કરાચી, પાકિસ્તાન)નો સમાવેશ થાય છે.

ચુકાદો આપતા કોર્ટે અત્યંત કડક શબ્દોમાં નોંધ્યું હતું કે, આ પ્રવૃત્તિ માત્ર વ્યાપારી હેતુ માટે નથી, પરંતુ ભારતના યુવાનોને નશામાં ધકેલી દેશના રાષ્ટ્રીય માળખાને નબળું પાડવાનું સુનિયોજિત કાવતરું છે. નશીલા પદાર્થોના વેચાણમાંથી મળતા નાણાંનો ઉપયોગ દેશવિરોધી પ્રવૃત્તિઓમાં થઈ શકે છે, જે ભારતની આંતરિક સુરક્ષા માટે સીધો ખતરો છે. પાકિસ્તાની તત્ત્વો દ્વારા સંચાલિત આવી પ્રવૃત્તિઓ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાશે નહીં.

દરમ્યાન, ડ્રગ્સના આ ચકચારી કેસમાં કાવતરાના આરોપ હેઠળ ધરપકડ કરાયેલા જામ સલાયાના અમીન કરીમ સુરાણીને પુરાવાના અભાવે કોર્ટે નિર્દોષ ઠેરવી છોડી મૂકવાનો આદેશ કર્યો છે. આ કેસમાં સરકાર પક્ષે મુખ્ય જિલ્લા સરકારી વકીલ એચ.બી. જાડેજાએ દલીલો કરી હતી.

નોંધનીય છે કે, આ હેરોઈનનો જથ્થો ગુજરાતથી રાજસ્થાન અને ત્યારબાદ પંજાબ મોકલવાનો કારસો હતો, જે એટીએસની સતર્કતાને કારણે નિષ્ફળ રહ્યો હતો. ■

# ભાવનગરમાં ચૂંટણી માટે ૧૭૦૦ પોલીસ અને ૨૨૦૫ હોમગાર્ડ-જીઆરડી જવાનોનો બંદોબસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રવિવાર યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીને અનુલક્ષીને ભાવનગર પોલીસ તંત્ર દ્વારા સુરક્ષાનો આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા સંપન્ન થાય તે માટે તંત્ર દ્વારા જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ચૂંટણી પંચ અને વહીવટી તંત્રના આયોજન મુજબ, જિલ્લાના ૧૧૫૨ બિલ્ડિંગોમાં કુલ ૧૬૭૭ મતદાન મથકો નક્કી કરવામાં આવ્યા છે. જેમાં ૧૨ અતિ સંવેદનશીલ, ૨૬૦ સંવેદનશીલ અને ૮૮૦ સામાન્ય બૂથનો સમાવેશ થાય છે. આ તમામ મથકો પર કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ૧૭૦૦ પોલીસ જવાનો, ૨૨૦૫ હોમગાર્ડ-જીઆરડી જવાનો અને એસઆરપીની એક કંપની ખડકી દેવામાં આવશે. આ બંદોબસ્તમાં ભાવનગર રેન્જ આઈજી અને જિલ્લા પોલીસ વડાની દેખરેખ હેઠળ ૭ ડીવાયએસપી, ૨ એએસપી, ઉપરાંત મોટી સંખ્યામાં પીઆઈ, પીએસઆઈ, હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ અને મહિલા પોલીસ સ્ટાફ તૈનાત રહેશે.

અતિ સંવેદનશીલ ગણાતા ૨૪ બૂથ પર એસઆરપી જવાનોનો ચુસ્ત બંદોબસ્ત તૈનાત રહેશે. આ ઉપરાંત, જિલ્લાના વિવિધ પોલીસ મથકો હેઠળના મતદાન મથકો પર સંબંધિત ડીવાયએસપી અને એએસપીની દેખરેખ હેઠળ સ્થાનિક પોલીસ તૈનાત રહીને સુરક્ષા સુનિશ્ચિત કરશે.

ભાવનગર પોલીસની સાયબર ક્રાઈમની ટીમો સોશ્યલ મીડિયા પર બાજ નજર રાખી રહી છે. ખાસ કરીને સિહોર, મહુવા અને પાલિતાણા સહિતના શહેરી વિસ્તારોમાં 'નેત્ર પ્રોજેક્ટ' હેઠળ ૮૦૦થી વધુ સીસીટીવી કેમેરા દ્વારા મતદાન પ્રક્રિયાનું સતત મોનિટરિંગ કરવામાં આવશે.

ચૂંટણી દરમિયાન અફવા ફેલાવનારા કે શાંતિ ડહોળવાનો પ્રયાસ કરનાર સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી ચીમકી પોલીસ તંત્ર દ્વારા ઉચ્ચારવામાં આવી છે. ■

# ચૂંટણી પહેલા જ ગીર સોમનાથમાં ખોટા પુરાવા ઊભા કરી પોલીસને છેતરનાર શખસ જેલ ભેગા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના સમયમાં આક્ષેપબાજીઓ થઈ રહી છે, ત્યારે આ દરમિયાન ગીર સોમનાથના ઉનામાં અજયભાઇ ભાણાભાઇ બાંભણીયાએ પોલીસને ગેરમાર્ગે દોરવા માટે પોતાની ઉપર અજાણ્યા શખ્સોએ ફાયરિંગ કરી હત્યાનો પ્રયાસ કર્યાની ખોટી માહિતી આપી હતી. તપાસમાં બહાર આવ્યું હતું કે આરોપીએ ચૂંટણી દરમિયાન વિરોધી પક્ષને ગંભીર ગુનામાં ફસાવવા અને નુકસાન પહોંચાડવાના બદઇરાદાથી ખોટા પુરાવા ઊભા કર્યા હતા અને ગેરકાયદે કારતૂસ પણ પોતાની પાસે રાખ્યા હતા.

ઉના પોલીસ ઇન્સ્પેક્ટર જે. કે. મોરી અને એલ.સી.બી. તથા એસ.ઓ.જી. ગીર સોમનાથની ટીમોએ ટેકનિકલ પુરાવા અને એફ.એસ.એલ. અધિકારીના અહેવાલના આધારે આ ષડ્યંત્રનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે અજય ભાણાભાઇ બાંભણીયા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને આર્મ્સ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી હતી.

નોંધનીય છે કે આરોપી પર અગાઉ હત્યાની કોશિશ અને રાયોટિંગ જેવા ગુનાઓ નોંધાય ચૂક્યા હોવાનું ખૂલ્યું હતું. ■

# સુરેન્દ્રનગર ક્રાઈમ બ્રાન્ચે વલી મટકાનો જુગાર રમતા આઠને ઝડપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે (એલસીબી) સિટી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન વલી મટકાનો જુગાર રમતા આઠ જણને ઝડપી પાડવામાં આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

આ દરમિયાન પોલીસે કુલ રૂ. ૩૬,૨૯૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

દારૂબંધીના અમલ માટે અને જુગાર જેવા દૂષણને અટકાવવા માટે એલસીબીએ અલગ અલગ ટીમ બનાવી હતી. ખબરી દ્વારા મળેલી ખબરના આધારે શહેરના ગુપ્તરાવાળી ચોક પાસે દરોડો પાડયો હતો, જ્યાં વલી મટકાના આંકડા દ્વારા પૈસાની હારજીતનો જુગાર રમાઈ રહ્યો હતો.

પોલીસે સ્થળ પરથી રોકડ રકમ, વલી મટકાના આંકડા લખેલી કાપલીઓ, ડાયરી, સહિતનો કુલ રૂ. ૩૬,૨૯૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. તમામ આરોપીઓ વિરુદ્ધ સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જુગારધારા મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ■

# કચ્છમાં પાસપોર્ટ માટે લાંબુ વેઈટિંગઃ અરજદારોની રાહત માટે ભુજમાં ફરી 'મોબાઈલ પાસપોર્ટ વાન' કાર્યરત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઉનાળાની રજાઓ અને વિદેશ અભ્યાસ માટે જવાની સીઝન ખીલતાની સાથે જ કચ્છમાં પાસપોર્ટની માગમાં તોતિંગ ઉછાળો જોવા મળ્યો છે. જિલ્લામાં પાસપોર્ટ મેળવવા માટે ૪૦ થી ૫૦ દિવસ સુધી રાહ જોવી પડતી હોવાથી અરજદારોને પડતી મુશ્કેલી નિવારવા પ્રાદેશિક પાસપોર્ટ કચેરી દ્વારા ભુજમાં ફરી એકવાર મોબાઈલ પાસપોર્ટ વાન સેવા શરૂ કરવામાં આવી છે. ભુજની મુખ્ય પોસ્ટ ઓફિસ ખાતે ગત ૨૨ એપ્રિલથી આ મોબાઈલ વાન સેવાના વિશેષ કેમ્પનો પ્રારંભ થયો છે. આ સેવા ત્રણ દિવસ સુધી કાર્યરત રહેશે જેમાં દરરોજ અંદાજે ૫૦ અરજદારો મુજબ ત્રણ દિવસમાં કુલ ૧૫૦ અરજદારોની કામગીરી પૂર્ણ કરવાનું લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યું છે.

મોબાઈલ વાન દ્વારા દસ્તાવેજોની ચકાસણી, બાયોમેટ્રિક ડેટા લેવા અને ફોટોગ્રાફી જેવી પ્રક્રિયા સ્થળ પર જ પૂર્ણ કરવામાં આવે છે. દેશના બીજા નંબરના સૌથી મોટા જિલ્લા કચ્છમાં પાસપોર્ટ મેળવવા માટે લાંબા સમયથી વેઇટિંગ લિસ્ટની સમસ્યા સતાવી રહી છે. ખાસ કરીને જે વિદ્યાર્થીઓ વિદેશ અભ્યાસ માટે જવા ઈચ્છે છે અને જે પરિવારો ઉનાળુ વેકેશનમાં વિદેશ પ્રવાસનું આયોજન કરી રહ્યા છે, તેમના માટે સમયસર દસ્તાવેજો તૈયાર ન થતા ચિંતા વધી હતી. આ મોબાઈલ વાન સેવા આવતા વેકેશનના સમયમાં બાળકોના પાસપોર્ટ કઢાવવા માગતા વાલીઓને પણ મોટી સુવિધા મળી છે. રણપ્રદેશ કચ્છમાંથી વિદેશ જનારા લોકોનું પ્રમાણ ઘણું મોટું છે, જેના કારણે સ્થાનિક પાસપોર્ટ સેવા કેન્દ્ર પર હંમેશા ભારણ રહે છે. હાલમાં ૪૦ થી ૫૦ દિવસની એપોઇન્ટમેન્ટ પ્રક્રિયાને કારણે અનેક લોકોના વિઝા અને ફ્લાઇટ બુકિંગ અટવાયેલા રહે છે. ■




**મતદાન કરોઃ** ઉના તાલુકાની ગાંધી કન્યા હાઈસ્કૂલમાં મહેંદી તેમજ ચિત્રોના માધ્યમથી મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. છોકરીઓએ મહેંદી મૂકી લોકોને મતદાન પ્રત્યે જાગૃત કર્યા હતા.

# ગાંધીધામઃ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ટ્રેઈલર મંદિરમાં ઘૂસી જતાં રાજસ્થાની ચાલકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છમાં ગત રાત્રિથી આજે સવાર સુધીમાં બનેલી ત્રણ અલગ-અલગ કરુણ ઘટનાઓમાં ત્રણ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા છે. ગાંધીધામમાં એક ટ્રેઈલર હાઈવે પરના મંદિરમાં ધડાકાભેર અથડાતાં ચાલકનું મોત નીપજ્યું છે, જ્યારે ભચાઉ અને મેઘપર કુંભારડીમાં બે વ્યક્તિઓએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે.

ગાંધીધામના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ગત રાત્રે ૧૧:૩૫ વાગ્યાના અરસામાં એક પ્રાણઘાતક અકસ્માત સર્જાયો હતો જેમાં ભચાઉ તરફથી આવતું ટ્રેઈલર (નંબર જીજે-૧૨-બીટી-૧૦૨૮) ચુંગીનાકા ઓવરબ્રિજ ઉતરી કંડલા તરફ જઈ રહ્યું હતું. આ દરમિયાન બસ સ્ટેન્ડ સામે હાઈવેની મધ્યમાં આવેલા હનુમાન મંદિરમાં ટ્રેઈલર નિયંત્રણ ગુમાવીને ધડાકાભેર ઘૂસી ગયું હતું.

અકસ્માત એટલો જોરદાર હતો કે ચાલક લુંબારામ તુલસારામ જાટ (ઉં.વ. ૨૫, રહે. રાજસ્થાન) કેબિનમાં જ ફસાઈ ગયો હતો. ગંભીર ઈજાઓ પામેલા યુવાનને મહામુસીબતે બહાર કાઢી હૉસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. શરૂઆતમાં પોલીસ મથકની હદ બાબતે મથામણ થયા બાદ, આખરે ગાંધીધામ એ-ડિવિઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ ભચાઉ શહેરના ભવાનીપુર વિસ્તારમાં રહેતા પ્રવીણ ધરમશી બઢીયા (ઉં.વ. ૩૮) નામના યુવાને ગઈકાલે સાંજે પોતાના ઘરે છત પરના લાકડામાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. ■

# ભોજનની મજા માણી રહેલો સાવજ કિશોરી પાછળ દોડ્યો, માંડ જીવ બચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાસણ ગીરના જંગલોમાંથી નીકળી સિંહ હવે આસપાસના ગામોમાં લટારો મારવા નીકળે છે. ઘણીવાર એકલો તો ઘણીવાર પરિવાર સાથે પણ નીકળે છે. સિંહ આરામથી માનવવસ્તીમાં ટહેલતો હોવાના, પશુઓનો શિકાર કરતા હોવાના અને ભોજન કરતા હોવાના વીડિયો નિયમિત વાઇરલ થતા હોય છે. જોકે આ વીડિયો અને ફ્લેશલાઈટને લીધે વિસાવદરના રતાંગ ગામે એક ૧૫-૧૬ વર્ષની કિશોરીનો જીવ જોખમમાં મૂકાઈ ગયો હતો.

અહીંના વાઇરલ થયેલા વીડિયો અનુસાર એક ડાલામથ્થો ગામની શેરીમાં આવી ચડ્યો હતો અને અહીં એક પશુનું મારણ કરી તેને આરામથી ખાઈ રહ્યો હતો. જોકે અહીં ઉમટેલા ટોળાએ મોબાઈલની ફ્લેશલાઈટ શરૂ કરતા અને અવાજ કરતા સિંહ વિફર્યો હતો અને ખાવાનું છોડી એક છોકરી પાછળ દોડયો હતો. ભારે ડરેલી છોકરીએ દોટ મૂકી હતી અને દરમિયાન શ્વાનોએ અવાજ કરતા સિંહ પાછો ફર્યો હતો. જોકે આ ઘટનાએ ગામના લોકોમાં ફફડાટ ફેલાવી દીધો હતો. ■